बालभारती हीरक महोत्सव

# કલાશિક્ષણ

## ધોરણ છઠ્ઠું



Tele MANAS
National Tele Mental Health Programme
14416

# ટેલી-માનસ હેલ્પલાઈન

## ટેલી માનસ (આંતરરાજ્ય ટેલી માનસિક સ્વાસ્થ્ય સહાય અને નેટવર્કિંગ)

## (૧૪૪૧૬/૧૮૦૦-૮૯-૧૪૪૧૬)

કેન્દ્ર પુરસ્કૃત યોજના ટેલી માનસ રાષ્ટ્રીય માનસિક આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ઑક્ટોબર ૨૦૨૨થી મહારાષ્ટ્ર રાજ્યમાં પણ અમલમાં મુકવામાં આવી છે. ટેલી માનસ કાર્યક્રમ અંતર્ગત સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન નંબર)-૧૪૪૧૬ દ્વારા ૨૪ X ૭ નિઃશુલ્ક એકાત્મિક અને સર્વ સમાવેશક માનસિક આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવે છે. જેમાં વિવિધ માનસિક સમસ્યાઓ માટે તજજ્ઞો દ્વારા ઉપચાર અને સમુપદેશન કરવામાં આવે છે. ટેલી માનસ સહાયતા ક્રમાંક પર ફોન કર્યા બાદ તમે આપેલી માહિતી સંપૂર્ણપણે ગોપનીય રાખવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોએ નિઃસંકોચ પોતાની સમસ્યા અને શંકા જણાવી તે વિશે માર્ગદર્શન મેળવવું. બીજા લોકોને પણ આ સુવિધા દ્વારા સહાયતા મેળવવા કહેવું. કેન્દ્ર શાસન દ્વારા શરૂ કરાયેલ ટેલી માનસ ઍપમાં ગુજરાતી ભાષામાં પણ ઉપલબ્ધ છે.

# મનોદર્પણ

**મનોદર્પણ સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન) 8448440632**

શિક્ષણ મંત્રાલયના નેજા હેઠળ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ દ્વારા ચાલતા મનોદર્પણ ઉપક્રમના માધ્યમે જુલાઈ ૨૦૨૦થી નિઃશુલ્ક દૂરધ્વનિ સેવા-મનોદર્પણ (૮૪૪૮૪૪૦૬૩૨) વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને માનસ શાસ્ત્રીય માર્ગદર્શન અને સહાયતા પ્રદાન કરવા માટે અઠવાડિયાના સાતે દિવસ સવારે ૮થી સાંજે ૮ વાગ્યા દરમિયાન ઉપલબ્ધ છે. વિદ્યાર્થી, વાલી અને શિક્ષકો આવશ્યક માર્ગદર્શન અને સમુપદેશન મેળવવા માટે આ હેલ્પલાઈન પર સંપર્ક કરી શકે છે.

શાસન નિર્ણય ક્રમાંક અભ્યાસ - ૨૧૧૬/(પ્ર.ક્ર. ૪૩/૧૬) એસડી - ૪ દિનાંક ૨૫-૦૪-૨૦૧૬ અન્વયે સ્થાપિત થયેલી સમન્વય સમિતિની તા. ૧-૦૬-૨૦૨૬ રોજની બેઠકમાં આ પાઠ્યપુસ્તક શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭થી નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

# કલાશિક્ષણ

## ધોરણ છઠ્ઠું

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧૦૦૪.

બાજુના ચોરસમાં આપેલા Q.R. Code ને સ્માર્ટફોન વડે સ્કેન કરતા, આપને ડિજિટલ પાઠ્યપુસ્તક તેમ જ પાઠ્યપુસ્તકના ઘટક સંબંધિત દૃશ્ય, શ્રાવ્ય અને દૃશ્યશ્રાવ્ય સ્વરૂપમાં અધ્યયન અધ્યાપન સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમાવૃત્તિ ૨૦૨૬

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧૦૦૪,
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધાં હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહીં.

## 'કલા શિક્ષણ' વિષય સમિતિ

| | |
|---|---|
| શ્રી. શ્રીરામ મહાજન | અધ્યક્ષ |
| શ્રી. અજય પાટીલ | સદસ્ય |
| શ્રી. દીપક જોગદંડ | સદસ્ય |
| શ્રી. પુરેન્દ્રકુમાર દેવગિરકર | સદસ્ય |
| શ્રી. મિલિંદ જાધવ | સદસ્ય |
| શ્રી. ગંગાધર ગોતારણે | સદસ્ય |
| શ્રી. સુનિલ દેસાઈ | સદસ્ય |
| શ્રી. ધનાજી કરાડે | સદસ્ય |
| શ્રી. ઉમેશ ડોંગે | સદસ્ય |
| શ્રી. મોહન ભોજાપુરે | નિમંત્રિત |
| શ્રી. અમોલ જાધવ | નિમંત્રિત |
| ડૉ. સુમેધા ઠાકુર | નિમંત્રિત |
| શ્રીમતી મૃગયા મોરે | નિમંત્રિત |
| શ્રી. શિવાજી હાડે | નિમંત્રિત |
| ડૉ. સાગર કુલકર્ણી | નિમંત્રિત |
| શ્રીમતી રશ્મી જોશી | નિમંત્રિત |
| શ્રીમતી જુઈ દેશિંગકર | નિમંત્રિત |
| શ્રીમતી નિતાલી હરગુડે | નિમંત્રિત |
| શ્રી. નંદકિશોર નગરકર | નિમંત્રિત |
| શ્રી. શશિકાંત દેશમુખ | નિમંત્રિત |
| શ્રી. ઓંકાર વૈરાગકર | નિમંત્રિત |
| શ્રી. અમોલ બોધે | નિમંત્રિત |
| ડૉ. ગીતાંજલી બોરુડે | અભ્યાસક્રમ સમન્વયક |
| ડૉ. અજયકુમાર લોળગે | સદસ્ય સચિવ |

## સમીક્ષક

ડૉ. અભિજીત ધોંડફળે (ગુણવત્તા સમીક્ષક)

એડવોકેટ સંદેશ સાખરે (કાનૂની નિષ્ણાત)

પ્રો. વિલાસ પંડિત (CWSN નિષ્ણાત)

## સંયોજક

**ડૉ. અજય કુમાર લોળગે**

વિશેષાધિકારી કાર્ય અનુભવ (વિ.કા.)

કાર્યકારી વિશેષાધિકારી કલા શિક્ષણ, પાઠ્યપુસ્તક મંડળ

## ભાષાંતર

ધર્મિકા દોશી

## ભાષાંતર સંયોજક

**શ્રીમતી કેતકી જાની**

વિશેષાધિકારી ગુજરાતી, કાર્યકારી સચિવ ભાષા, પાઠ્યપુસ્તક મંડળ, પુણે

## મુખપૃષ્ઠ અને આંતરિક ચિત્રો:

શ્રી. લક્ષ્મીકાંત કાળે

શ્રીમતી પ્રાજક્તા કેરકર

**અક્ષરાંકન:** : મુદ્રા વિભાગ, પાઠ્યપુસ્તક મંડળ, પુણે

## નિર્મિતિ

**શ્રીમતી મિતાલી શિતપ**

કાર્યકારી મુખ્ય નિર્મિતિ અધિકારી

**શ્રી સંદીપ આજગાંવકર**

નિર્મિતિ અધિકારી

## પ્રકાશક

**શ્રી હેમંત બાબર**

કાર્યકારી નિયંત્રક

પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ, પ્રભાદેવી, મુંબઈ ૨૫

# ભારતનું સંવિધાન

અમે ભારતના લોકો ભારતને એક
સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક
પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય;
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા;
દરજ્જા અને તકની સમાનતા;
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તે સર્વમાં વ્યક્તિનું ગૌરવ
અને રાષ્ટ્રની એકતા અને અખંડતા
સુદઢ કરે એવી બંધુતા વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને
અમારી સંવિધાન સભામાં
૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ
આથી આ સંવિધાન અપનાવી
તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## ભારતનું સંવિધાન

### ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

અનુચ્છેદ ૫૧ ક

મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.
(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવૂં.
(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.
(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.
(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.
(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.
(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.
(જ) વૈજ્ઞાનિક દષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.
(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.
(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.
(ટ) ૬થી ૧૪ વયજૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી..

## રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત-ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જય ગાથા,
જનગણમંગલદાયક જય હે,
ભારત ભાગ્ય વિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

## राज्यगीत

जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।धृ।।

भिती न आम्हा तुझी मुळी ही गडगडणाऱ्या नभा
अस्मानाच्या सुलतानीला जबाब देती जिभा
सह्याद्रीचा सिंह गर्जतो शिव शंभू राजा
दरी दरीतून नाद गुंजला महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।१।।

काळ्या छातीवरी कोरली, अभिमानाची लेणी
पोलादी मनगटे खेळती, खेळ जीवघेणी
दारिद्र्याच्या उन्हात शिजला
निढळाच्या घामाने भिजला
देश गौरवासाठी झिजला
दिल्लीचे ही तख्त राखितो, महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा ।।२।।

# પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો,

ધોરણ છઠ્ઠામાં આપ સૌનું સ્વાગત છે. ધોરણ છઠ્ઠાનું કલાશિક્ષણ પાઠ્યપુસ્તક આપના હાથમાં આપતાં અમને ખૂબ આનંદ થાય છે.

કલા શીખતી વખતે આનંદ આપે અને તમારી કલ્પનાઓને બળ આપે તેવું આ પાઠ્યપુસ્તક છે. ચિત્ર દોરવું, રંગ પૂરવા, ગીત ગાવું, અભિનય કરવો, નૃત્ય કરવું અથવા વિવિધ હલનચલન દ્વારા લાગણીઓ વ્યક્ત કરવી આ બધી બાબતો એટલે જ કલાશિક્ષણ. કલા દ્વારા આપણે આપણા વિચારો અને લાગણીઓને સુંદર રીતે વ્યક્ત કરી શકીએ છીએ.

આ પાઠ્યપુસ્તકમાં દશ્યકલા, રંગમંચ, સંગીત, નૃત્ય અને હલનચલન જેવા વિવિધ કલાપ્રકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. દશ્યકલામાં તમે રેખાંકન, સ્મરણચિત્ર, વસ્તુચિત્ર, સંકલ્પચિત્ર, શિલ્પકલા, અક્ષરલેખન અને કલાસંસ્કૃતિ જેવી બાબતો શીખશો. રંગમંચ દ્વારા અભિનયનો અનુભવ મેળવશો. સંગીતમાં ગાયન અને વાદન શીખશો, જ્યારે નૃત્ય અને હલનચલન દ્વારા શરીરના લય અને સંતુલનનો અનુભવ કરી શકશો. આ પાઠ્યપુસ્તકના ઉપક્રમ તમને વિચારવા, કલ્પના કરવા અને નવી વસ્તુઓ રજૂ કરવા માટે મદદ કરશે. કેટલાક ઉપક્રમો તમારે એકલા કરવાના છે, જ્યારે કેટલાક ઉપક્રમો મિત્રો સાથે સમૂહમાં કરવાના છે. તેથી શીખવું વધુ મજેદાર અને આનંદદાયક બનશે.

આ પાઠ્યપુસ્તકમાં ચિત્ર દોરતી વખતે અને કલાકૃતિ બનાવતી વખતે વિવિધ સાધનો,સાહિત્ય અને તકનીકોનો ઉપયોગ કરવાની તક આપવામાં આવી છે. શક્ય તેટલી પર્યાવરણસ્નેહી સામગ્રીનો ઉપયોગ કરવાનો પ્રયત્ન કરો. આપણા પરિસરમાં ઉપલબ્ધ વસ્તુઓમાંથી પણ સુંદર કલા રજૂ કરી શકાય છે, તે તમે અનુભવશો. સ્થાનિક અને પ્રાદેશિક કલા, કલાકારો તથા સંસ્કૃતિનો પરિચય કરાવવા માટે કેટલાક ઉપક્રમો અને ક્ષેત્રમુલાકાતો સૂચવવામાં આવી છે. તેના દ્વારા આપણી પરંપરાના સુંદર કલાવૈભવને તમે નજીકથી જોઈ શકશો.

દરેક વિદ્યાર્થી જુદો હોય છે અને દરેકમાં કોઈ ને કોઈ વિશેષ ગુણ હોય છે. તેથી આ પુસ્તકના ઉપક્રમો કરતી વખતે પોતાની કલ્પનાઓને મુક્તપણે વ્યક્ત કરો. ભૂલ થવાનો ડર રાખશો નહીં. સતત પ્રયત્ન કરતા રહો અને કલાપ્રકારો શીખવાનો આનંદ માણો. આ પાઠ્યપુસ્તક તમારામાં રહેલા કલાકારને જાગૃત કરશે અને શીખવાની સફરને વધુ સુંદર બનાવશે, એવો અમને વિશ્વાસ છે.

ચાલો, આનંદથી શીખીએ અને આપણી કલ્પનાઓને રંગ આપીએ!

**(અનુરાધા ઓક)**
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪

પુણે
**તારીખ** : ૧ મે, ૨૦૨૬
ભારતીય સૌર તારીખ : વૈશાખ ૧૧, શક ૧૯૪૮
મહારાષ્ટ્ર દિન

# શિક્ષકો માટે

શિક્ષક મિત્રો,

પૂર્વમાધ્યમિક સ્તરે કલાશિક્ષણ એ વિદ્યાર્થીઓની અભિવ્યક્તિનું માધ્યમ છે. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, કલ્પનાશક્તિ અને કલારસાસ્વાદની વૃત્તિ વિકસાવવા માટે કેટલીક બાબતો ધ્યાનમાં લેવી જરૂરી છે.

### ૧. આનંદદાયક વાતાવરણનું નિર્માણ :

કલાના વર્ગમાં શિસ્તની સાથે મુક્ત અને આનંદદાયક વાતાવરણ જાળવવું. નવા-નવા પ્રયોગો કરવાની પ્રેરણા આપવી. કલાના તાસ દરમિયાન કોઈ દબાણ રાખ્યા વિના મુક્તપણે પોતાની જાતને વ્યક્ત કરવા માટે પ્રોત્સાહિત કરવા.

### ૨. પ્રક્રિયાને મહત્ત્વ :

- તૈયાર કરેલી કલાકૃતિ કેટલી સંપૂર્ણ છે તેના કરતાં તે બનાવતી વખતે વિદ્યાર્થીએ કેટલા પ્રયત્નો કર્યા અને શું શીખ્યા, તે પ્રક્રિયાને વધુ મહત્ત્વ આપવું.
- દરેક વિદ્યાર્થીની શીખવાની ગતિ અને શૈલી જુદી હોય છે, તેની નોંધ લેવી.

### ૩. પ્રાત્યક્ષિક અને રજૂઆત :

- માત્ર સૈદ્ધાંતિક માહિતી ન આપતાં જાતે કેટલીક કૃતિઓ કરી બતાવવી. (ઉદા. કોઈ તાન લઈને બતાવવી, રંગોનું મિશ્રણ કરી બતાવવું અથવા અભિનયની કોઈ મુદ્રા કરીને બતાવવી)
- વિદ્યાર્થીઓમાં રજૂઆતનો આત્મવિશ્વાસ વિકસાવવા માટે વર્ગમાં નાનાં પ્રદર્શન અથવા રજૂઆતનું આયોજન કરવું.

### ૪. સાહિત્યનો ઉપયોગ :

- મોંઘા સાહિત્યને બદલે આસપાસના પરિસરમાં સરળતાથી ઉપલબ્ધ સાહિત્યનો (જેમ કે માટી, પથ્થર, પાંદડાં, નકામી વસ્તુઓ) ઉપયોગ કરવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.
- વાદ્ય, રંગ અને અન્ય સાધનોની યોગ્ય રીતે જાળવણી કેવી રીતે કરવી તેની શાસ્ત્રીય તાલીમ આપવી.

### ૫. બહુમુખી અભિગમ :

- ચિત્રકલા, સંગીત, નૃત્ય અને નાટ્ય જેવી કલાઓ એકબીજા સાથે કેવી રીતે જોડાયેલી છે તે સમજાવવું. જેમ કે, સંગીતના તાલ પર ચિત્ર દોરવું અથવા કવિતા પર આધારિત નાટ્યીકરણ કરવું.)
- કલા વિષયનો સંબંધ અન્ય વિષયો, જેમ કે ભાષા, ઇતિહાસ, વિજ્ઞાન વગેરે સાથે જોડીને શિક્ષણ વધુ રસપ્રદ બનાવવું.

### ૬. રસાસ્વાદ અને મૂલ્યાંકન :

- મૂલ્યમાપન કરતી વખતે માત્ર ભૂલો દર્શાવવાને બદલે વિદ્યાર્થીઓનાં સકારાત્મક પાસાં જણાવવાં.
- પ્રસિદ્ધ કલાકારોની કલાકૃતિઓ બતાવવી, જેથી વિદ્યાર્થીઓમાં 'સગ્રહણ'(Appreciation) કરવાની વૃત્તિ વિકસે.
- શાસન દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવતી મૂલ્યમાપન પદ્ધતિનો ઉપયોગ કરવો. પ્રાત્યક્ષિક કાર્ય પર વધુ ભાર મૂકવો.

### ૭. સમાવેશકતા :

- વર્ગમાં વિશેષ જરૂરિયાત ધરાવતા (CWSN) વિદ્યાર્થીઓના અધ્યયન-અધ્યાપન દરમિયાન સમર્પક ભાષા તેમજ અન્ય પૂરક અધ્યાપન પદ્ધતિઓનો વિચાર કરવો. તેમજ ઉપક્રમ અને મૂલ્યમાપનમાં જરૂરી ફેરફારો કરવા, જેથી તેઓ પણ આનંદપૂર્વક ભાગ લઈ શકે.

  પાઠ્યપુસ્તકમાં આપેલી સૈદ્ધાંતિક માહિતી પર વધુ ભાર ન આપતાં પ્રાત્યક્ષિક કાર્ય પર વધુ ભાર મૂકવો.
- **દરેક સત્રમાં દૃશ્યકલા, રંગમંચ, સંગીત, નૃત્ય અને હલનચલન આ કલાઓનો સમાવેશ કરવો અને તે મુજબ અધ્યયન-અધ્યાપન કરાવવું અપેક્ષિત છે.**

કલાશિક્ષણ વિષય સમિતિ
પાઠ્યપુસ્તક મંડળ, પુણે

# વિદ્યાર્થીઓ માટે

વિદ્યાર્થી મિત્રો,

ધોરણ છઠ્ઠાનું આ વર્ષ તમારા કલાત્મક પ્રવાસનો એક મહત્વપૂર્ણ તબક્કો છે. દૃશ્યકલા, રંગમંચ, સંગીત, નૃત્ય અને હલનચલન આ પાંચેય કલાઓ તમારા જીવનમાં આનંદ અને શિસ્તનું નિર્માણ કરે છે. આ વિષયોનો અભ્યાસ કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી.

### ૧. નિરીક્ષણ અને જાગૃતિ

- આસપાસની પ્રકૃતિ, રંગો, અવાજો અને વ્યક્તિઓની હલનચલનનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરવું.
- પ્રકૃતિમાં થતા ફેરફારનું (જેમ કે વરસાદની ઋતુમાં વૃક્ષોના બદલાતા રંગો, પક્ષીઓના વિવિધ અવાજો) સૂક્ષ્મ નિરીક્ષણ કરીને તેમાંથી શીખવાનો પ્રયત્ન કરવો.

### ૨. સાતત્યપૂર્ણ મહાવરો

- કોઈ પણ કલા એક દિવસમાં સાધ્ય થતી નથી. પછી તે ચિત્ર દોરવાનું હોય, ગીત ગાવાનું હોય કે નાટ્ય/નૃત્યની હલનચલન હોય; તેથી દરરોજ તેનો મહાવરો કરવો.
- ‘કલા’ ગોખવાની વસ્તુ નથી, પરંતુ અનુભવ કરવાની વસ્તુ છે.

### ૩. સાહિત્યની જાળવણી અને સ્વચ્છતા

- કલાની પ્રસ્તુતિ માટેના સાહિત્ય અને સાધનો, વાદ્યો અથવા વેશભૂષાની યોગ્ય કાળજી રાખવી.
- કલાકૃતિ પૂર્ણ થયા પછી કલાની સામગ્રીને તેની યોગ્ય જગ્યાએ વ્યવસ્થિત રીતે રાખવી.

### ૪. કલ્પનાશક્તિ અને પ્રયોગશીલતા

- બીજાની નકલ કરવાને બદલે પોતાની કલ્પનાથી કંઈક નવું કરવાનો પ્રયત્ન કરવો.
- ભૂલો થશે તેનો ડર રાખશો નહીં; કળામાં દરેક ભૂલ કંઈક નવું શીખવાની તક હોય છે.

### ૫. રસાસ્વાદ અને આદર

- પોતાની કળાની સાથે તમારા મિત્રોની કળાનો પણ આદર કરો. એકબીજાના કાર્યમાં રહેલી સારી બાબતો શોધવાનું શીખો.
- પ્રસિદ્ધ કલાકારો, ગાયકો અને નર્તકો વિશે માહિતી વાંચો અને તેમના કાર્યક્રમો જોવાનો પ્રયત્ન કરો.

### ૬. એકાગ્રતા અને શિસ્ત

- ગાયન અથવા વાદન કરતી વખતે તમારા શરીરની યોગ્ય સ્થિતિ (Posture) જાળવવી.
- ચિત્ર દોરતી વખતે અથવા અભિનય કરતી વખતે તમારું સંપૂર્ણ ધ્યાન તે પ્રવૃત્તિ પર કેન્દ્રિત કરવું.

કલા માત્ર ગુણ મેળવવા માટે નથી, પરંતુ તમારા વ્યક્તિત્વના વિકાસ માટે છે. તેથી તેમાં આનંદ અને ઉત્સાહપૂર્વક ભાગ લો!

| | |
|---|---|
| **ધોરણ : છઠ્ઠું** | |
| **વિષય : દશ્યકલા** | |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – ૧ :** વિવિધ કલા પ્રકારોમાં સ્વઅન્વેષણ તથા મુક્ત અભિવ્યક્તિ માટે આત્મવિશ્વાસ વિકસિત કરવો. | |
| **ક્ષમતા : C – ૧.૧ :** વિવિધ પ્રકારની દશ્યકલા દ્વારા પોતાના વ્યક્તિગત અને દૈનિક જીવનના અનુભવો આત્મવિશ્વાસપૂર્વક વ્યક્ત કરે છે. | |
| **ક્રમાંક** | **અધ્યયન નિષ્પત્તિ** |
| ૦૬AE૦૧ | યાંત્રિક સાધનો વિના વિવિધ પ્રકારની રેખાઓનું રેખાંકન કરે છે. |
| ૦૬AE૦૨ | આસપાસના વિવિધ પરિચિત ઘટકો અને આકારોનું આત્મવિશ્વાસપૂર્વક રેખાંકન કરે છે. |
| ૦૬AE૦૩ | વિવિધ નાના પ્રસંગો, દશ્યો, ઘટનાઓ અને રમતો યાદ કરીને તેના આધારે સ્મૃતિચિત્ર દોરે છે. |
| **ક્ષમતા : C – ૧.૨ :** પરસ્પર સહકારથી દશ્યકલાનો મહાવરો વિકસાવવાની પ્રક્રિયામાં લવચીકતા દર્શાવે છે. | |
| ૦૬AE૦૪ | વ્યક્તિગત/જૂથકાર્ય દ્વારા કોલાજ બનાવે છે |
| ૦૬AE૦૫ | કોલાજ તંત્રનો ઉપયોગ કરીને, પર્યાવરણસ્નેહી વસ્તુઓના સર્જનાત્મક ઉપયોગથી વ્યક્તિગત/જૂથમાં ત્રિ-પરિમાણીય કલાકૃતિ બનાવી તેનું સુશોભન કરે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – ૨ :** કલાના માધ્યમથી વૈકલ્પિક કલ્પના શોધવા માટે સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિનો ઉપયોગ કરવો. | |
| **ક્ષમતા : C – ૨.૧ : :** પ્રસંગો અથવા વાર્તાઓ પર આધારિત દશ્ય કલાકૃતિ તૈયાર કરે છે, જે આસપાસની પરંપરાગત અને રૂઢિબદ્ધ કલ્પનાઓને પડકારે છે (જેમ કે લિંગભેદની ભૂમિકાઓ). | |
| ૦૬AE૦૬ | પ્રકૃતિના વિવિધ ઘટકોનું સ્મૃતિના આધારે ચિત્રાંકન કરે છે. |
| ૦૬AE૦૭ | સ્વકલ્પનાથી સામાજિક જાગૃતિ વિષયક ચિત્રાંકન કરે છે. |
| ૦૬AE૦૮ | ચિત્રમાં પોતાના કલ્પનાશીલ વિચારો મુક્તપણે રજૂ કરે છે. |
| **ક્ષમતા : C – ૨.૨ :** દશ્ય પ્રતિમાઓ, પ્રતીકો અને દશ્ય સ્વરૂપના રૂપકોને પોતાના વ્યક્તિગત અનુભવ, લાગણીઓ અને કલ્પનાઓ સાથે જોડે છે. | |
| ૦૬AE૦૯ | સમઅંગ અને વિષમઅંગ રચના પદ્ધતિઓનો ઉપયોગ કરીને સર્જનાત્મક સંકલ્પ-રચના તૈયાર કરે છે. |
| ૦૬AE૧૦ | વસ્તુચિત્ર અને સ્થિરચિત્ર વચ્ચેનો તફાવત સમજીને ઝડપી રેખાંકન કરે છે. |
| ૦૬AE૧૧ | સામે મૂકેલી વસ્તુઓને કદ અનુસાર વર્ગીકૃત કરીને તેમનો તફાવત સમજીને રેખાંકન કરે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – ૩ :** કલાના ઘટકો, પ્રક્રિયા અને તકનીકોને સમજી  તેનો ઉપયોગ કરવો. | |
| **ક્ષમતા : C – ૩.૧ :** દશ્યકલામાં વિવિધ સાહિત્ય, સાધનો અને તકનીકોનો ઉપયોગ કરતી વખતે સાવચેતી રાખે છે અને માહિતીપૂર્ણ પસંદગી કરે છે. | |
| ૦૬AE૧૨ | રંગોની શ્રેણીનો પરિચય મેળવી સંકલ્પ-રચનામાં તેનો ઉપયોગ કરે છે. |
| ૦૬AE૧૩ | ચિત્રમાં સૌંદર્ય નિર્માણ માટે વિવિધ તકનીકોનો સર્જનાત્મક ઉપયોગ કરે છે. |
| ૦૬AE૧૪ | વિવિધ માધ્યમો, સાધનો અને તકનીકોનો ઉપયોગ કરી અંક અને અક્ષરોનું વિશિષ્ટ લેખન કરે છે. |
| ૦૬AE૧૫ | સંગણક પર ઉપલબ્ધ વિવિધ પ્રકારની લિપિની (ફોન્ટના) વિશેષતાનો અભ્યાસ કરીને તેનો સર્જનાત્મક ઉપયોગ કરે છે. |
| **ક્ષમતા : C – ૩.૨ :** આયોજનના તબક્કાથી અંતિમ રજૂઆતસુધી કલ્પના અને દશ્ય અભિવ્યક્તિની તકનીકને ગુણવત્તાસભર બનાવે છે અને સમગ્ર પ્રક્રિયાનું પુનરાવલોકન કરે છે.. | |
| ૦૬AE૧૬ | સંકલ્પનાના મૂળભૂત તત્ત્વોનો ઉપયોગ કરીને સંકલ્પચિત્રનું નિર્માણ કરે છે. |
| ૦૬AE૧૭ | માટીમાંથી વિવિધ ભૌમિતિક ઘનાકારોનું નિર્માણ કરે છે. |
| ૦૬AE૧૮ | કાગળના ગોળા/કાગળના માવામાંથી સર્જનાત્મક ત્રિ-પરિમાણીય કલાકૃતિઓનું નિર્માણ કરે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – ૪ :** પ્રાદેશિક કલા અને સાંસ્કૃતિક પરંપરાઓમાં રહેલી સૌંદર્યવિષયક સંવેદનશીલતાથી પોતાને પરિચિત કરે છે. | |
| **ક્ષમતા : C – ૪.૧ :** વિવિધ સ્થાનિક કલા તથા પ્રાદેશિક કલાઓનો પરિચય કેળવે છે. | |
| ૦૬AE૧૯ | પરિસરના દશ્યકલા પ્રકાર/કલા વ્યવસાય વિશે માહિતી સંકલિત કરે છે. |
| ૦૬AE૨૦ | સ્થાનિક/પ્રાદેશિક દશ્યકલાનું અનુકરણ કરીને અનુભવકથન કરે છે. |
| **ક્ષમતા : C – ૪.૨ :** પોતાના પ્રદેશના તથા સમગ્ર ભારતમાં રહેલા કેટલાક દશ્ય કલાકારોના જીવન અને કાર્યોનું વર્ણન કરે. | |
| ૦૬AE૨૧ | સ્થાનિક/પ્રાદેશિક પરિચિત શિલ્પકલાની નવીન કલાશૈલી વિશે માહિતી સંકલિત કરે છે. |
| **વિષય : રંગમંચ** | |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – ૧ :** વિવિધ કલા પ્રકારોમાં આત્મઅન્વેષણ તથા મુક્ત અભિવ્યક્તિ માટે આત્મવિશ્વાસ વિકસિત કરવો. | |
| **ક્ષમતા : C – ૧.૧ :** વ્યક્તિગત અને દૈનિક જીવનના અનુભવો, વિવિધ નાટ્યકૃતિઓ દ્વારા આત્મવિશ્વાસપૂર્વક વ્યક્ત કરે છે. | |
| ૦૬AE૨૨ | દૈનિક જીવનના વિવિધ પ્રસંગોનું નિરીક્ષણ કરીને નાના પ્રસંગોનું આત્મવિશ્વાસપૂર્વક વર્ણન કરે છે. |
| ૦૬AE૨૩ | દૈનિક જીવનના અનુભવો ઉત્સાહપૂર્વક રજૂ કરે છે. |
| ૦૬AE૨૪ | પસંદ કરેલા પ્રસંગને જૂથમાં રજૂ કરે છે. |
| **ક્ષમતા : C – ૧.૨ :** પરસ્પર સહકારથી નાટક વિકસિત કરવાની પ્રક્રિયામાં લવચીકતા દર્શાવે છે. | |

| | |
|---|---|
| ૦૬AE૨૫ | નાટ્યપ્રવેશનું વાંચન કરે છે. |
| ૦૬AE૨૬ | પરસ્પર સહકારથી નાટકમાં પાત્રોની પસંદગી કરીને નાટ્યપ્રયોગનું પ્રદર્શન કરે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – ૨ :** કળાના માધ્યમથી પર્યાયી કલ્પનાઓ શોધવા માટે સર્જનશીલતા અને કલ્પનાશક્તિનો ઉપયોગ કરવો. | |
| **ક્ષમતા : C – ૨.૧ :** પ્રસંગ કે કથા પર આધારિત દશ્ય કલાકૃતિ તૈયાર કરે, જે તેમની આસપાસની રૂઢિચુસ્ત કલ્પનાને પડકારે છે. (જેમ કે – લિંગભૂમિકા) | |
| ૦૬AE૨૭ | આસપાસની રૂઢિચુસ્ત કલ્પનાને સમજીને નાના પ્રસંગોનું લેખન કરે છે. |
| ૦૬AE૨૮ | કોઈપણ પ્રસંગ કે ઘટના આધારિત નાટ્યછટા તૈયાર કરે છે. |
| **ક્ષમતા : C – ૨.૨ :** દશ્ય પ્રતિમા, પ્રતીક અને દશ્ય સ્વરૂપોમાં રૂપકોને વ્યક્તિગત અનુભવો, ભાવના અને કલ્પના સાથે જોડે છે. | |
| ૦૬AE૨૯ | મૂક અભિનય કરતી વખતે નવરસમાંથી યોગ્ય રસનો ઉપયોગ  કરે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – ૩ :** કળાના ઘટકો, પ્રક્રિયા અને તંત્રને સમજીને તેનો ઉપયોગ કરવો. | |
| **ક્ષમતા : C – ૩.૧ :** રંગમંચ પરના મૂળભૂત શિષ્ટાચારનું કાળજીપૂર્વક પાલન કરે અને વિવિધ સાહિત્ય, સાધનો તથા નાટ્યકલા તંત્રનો ઉપયોગ કરતી વખતે માહિતીપૂર્ણ પસંદગી કરે છે. | |
| ૦૬AE૩૦ | રજૂઆત કરતી વખતે રંગમંચ પરના મૂળભૂત શિષ્ટાચારનું પાલન કરે છે. |
| ૦૬AE૩૧ | રજૂઆત  માટે રંગમંચના ઉપલબ્ધ સાહિત્યનો યોગ્ય ઉપયોગ કરે છે. |
| **ક્ષમતા : C – ૩.૨ :** પ્રેક્ષકો માટે નાટકના આયોજનના તબક્કાથી અંતિમ રજૂઆત સુધી કલ્પના અને તંત્રને જાળવી રાખે તથા સંપૂર્ણ પ્રક્રિયાનું પુનરાવલોકન કરે છે. | |
| ૦૬AE૩૨ | રંગમંચ અને પ્રેક્ષાગૃહ વિશે માહિતી મેળવી વર્ગમાં નાટક રજૂ કરે છે. |
| ૦૬AE૩૩ | રજૂઆતના તબક્કા વિશે માહિતી મેળવી, રંગભૂષા, વેશભૂષા સાથે આપેલો પ્રસંગ રજૂ કરે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – ૪ :** પ્રાદેશિક કલા અને સાંસ્કૃતિક પરંપરાઓમાં રહેલી સૌંદર્યવિષયક સંવેદનશીલતાથી પોતાને પરિચિત કરે છે. | |
| **ક્ષમતા : C – ૪.૧ :** રંગભૂમિના વિવિધ સ્થાનિક અને પ્રાદેશિક સ્વરૂપોથી પરિચિત થાય છે. | |
| ૦૬AE૩૪ | સ્થાનિક લોકકળા વિશે માહિતી મેળવી, તેમાંની એક લોકકળા વિશે લેખન કરે છે. |
| ૦૬AE૩૫ | જૂથમાં લોકકલાની રજૂઆત કરે છે. |
| **ક્ષમતા : C – ૪.૨ :** પોતાના પ્રદેશ તથા સમગ્ર ભારતમાંથી, રંગભૂમિના કેટલાક કલાકારોના જીવન અને કાર્યોનું વર્ણન કરે છે. | |
| ૦૬AE૩૬ | સ્થાનિક પરિસરમાં રહેલા લોકકલાકારો વિશે માહિતી મેળવી તેમનું વર્ણન અને લેખન કરે છે. |
| **વિષય : સંગીત** | |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – ૧ :** વિવિધ કલા પ્રકારો દ્વારા સ્વઅન્વેષણ તથા મુક્ત અભિવ્યક્તિ માટે આત્મવિશ્વાસ વિકસિત કરવો. | |
| **ક્ષમતા : C – ૧.૧ :** વિવિધ સંગીત કૃતિ દ્વારા પોતાના વ્યક્તિગત તથા દૈનિક જીવનના અનુભવો આત્મવિશ્વાસપૂર્વક વ્યક્ત કરે છે. | |
| ૦૬AE૩૭ | વિવિધ ગીતપ્રકારોમાં લય ઓળખે છે. |
| **ક્ષમતા : C – ૧.૨ :** સામૂહિક રીતે સંગીત પદ્ધતિ વિકસિત કરવાની પ્રક્રિયામાં લવચીકતા દર્શાવે છે. | |
| ૦૬AE૩૮ | સમૂહગીતમાં સહભાગી થાય છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – ૨ :** કળાના માધ્યમથી પર્યાયી કલ્પનાઓ શોધવા માટે સર્જનશીલતા અને કલ્પનાશક્તિનો ઉપયોગ કરવો. | |
| **ક્ષમતા : C – ૨.૧ :** ગીત અને સંગીતરચના તૈયાર કરીને તેના આસપાસના વાતાવરણમાં રહેલી બીબાઢાળ રૂઢીને  પડકારનાર રજૂઆત કરે છે. (જેમ કે – લિંગભૂમિકા) | |
| ૦૬AE૩૯ | યુગલ ગીતોની પસંદગી કરીને રજૂઆત કરે છે. |
| **ક્ષમતા : C – ૨.૨ :** વ્યક્તિગત અનુભવ, ભાવના અને કલ્પના સાથે સંગીતના ઘટકોને જોડે છે.જેમ કે- ગીત, રાગ, તાલ, ધ્વનિ, લય અને આકૃતિબંધ. | |
| ૦૬AE૪૦ | હાર્મોનિયમ પર વગાડેલા સ્વરનો તફાવત ઓળખે છે. |
| ૦૬AE૪૧ | તબલા પર બોલ સાંભળીને તાલ ઓળખે છે. |
| ૦૬AE૪૨ | વિવિધ ગીતપ્રકારોમાં રહેલા રાગ, લય, તાલ, આકૃતિવંધ વગેરે સંગીતના ઘટકોનું વિશ્લેષણ કરે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – ૩ :** કળાના ઘટકો, પ્રક્રિયા અને તંત્ર સમજીને તેનો ઉપયોગ કરવો. | |
| **ક્ષમતા : C – ૩.૧ :** રંગમંચના શિષ્ટાચાર અને વાદ્યોની કાળજી દર્શાવીને સંગીતમાં સંસાધનો અને તંત્રનો ઉપયોગ કરતી વખતે જાણકારીપૂર્વક પસંદગી કરે છે. | |
| ૦૬AE૪૩ | રંગમંચના શિષ્ટાચાર વિશે જણાવે છે. |
| ૦૬AE૪૪ | વિવિધ વાદ્યોની કાળજી લેવાની પદ્ધતિ જણાવે છે. |
| **ક્ષમતા : C – ૩.૨ :** આયોજનના તબક્કાથી અંતિમ રજૂઆત સુધી કલ્પના અને સંગીત અભિવ્યક્તિની પદ્ધતિને જાળવી રાખી સમગ્ર પ્રક્રિયાનું પુનરાવલોકન કરે છે. | |

| | |
|---|---|
| 06AE૪૫ | રજૂઆત માટે આવશ્યક  ઘટકો અંગે માહિતી આપે છે. |
| 06AE૪૬ | ભૂપ રાગની માહિતી આપીને નાનો ખ્યાલ ગાય છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – ૪ :** પ્રાદેશિક કલા અને સાંસ્કૃતિક પરંપરાઓમાં રહેલી સૌંદર્યવિષયક સંવેદનશીલતાથી પોતાને પરિચિત કરે છે. | |
| **ક્ષમતા : C – ૪.૧ :** સંગીતના વિવિધ સ્થાનિક અને પ્રાદેશિક પ્રકારોને ઓળખે છે. | |
| 06AE૪૭ | સ્થાનિક લોકસંગીત વિશે માહિતી સંકલિત કરે છે. |
| 06AE૪૮ | સ્થાનિક લોકસંગીતમાં વપરાતાં વાદ્યો વિશે માહિતી સંકલિત કરે છે. |
| **ક્ષમતા : C – ૪.૨ :** પોતાના પ્રદેશના તથા ભારતમાં રહેલા કેટલાક સંગીત કલાકારોના જીવન અને કાર્યોનું વર્ણન કરે છે. | |
| 06AE૪૯ | સ્થાનિક કલાકારોના જીવન અને કાર્યોનો પરિચય મેળવે છે. |
| 06AE૫૦ | સ્થાનિક કલાકારોની ગાયન અને વાદન શૈલી વિશે માહિતી સંકલિત કરે છે. |
| **વિષય : નૃત્ય અને હલનચલન** | |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – ૧ :** વિવિધ કલા પ્રકારો દ્વારા આત્મપરીક્ષણ તેમ જ મુક્ત અભિવ્યક્તિ કરે છે. | |
| **ક્ષમતા : C – ૧.૧ :** વિવિધ પ્રકારના નૃત્ય અને હલનચલન દ્વારા પોતાના વ્યક્તિગત તથા દૈનિક જીવનના અનુભવો આત્મવિશ્વાસપૂર્વક વ્યક્ત કરે છે. | |
| 06AE૫૧ | વિવિધ શાસ્ત્રીય નૃત્યો વિશે માહિતી આપે, તેમાં રહેલી વિવિધતા જણાવી તફાવત સ્પષ્ટ કરે છે. |
| 06AE૫૨ | વિવિધ નૃત્યપ્રકારોને સમજીને તેમાંના કોઈ એક વિશિષ્ટ શાસ્ત્રીય નૃત્યનું હલનચલન સરળતાથી કરે છ |
| **ક્ષમતા : C – ૧.૨ :** નૃત્ય અને હલનચલનના મહાવરા તથા વિકાસની પ્રક્રિયામાં લવચીકતા દર્શાવે છે. | |
| 06AE૫૩ | પસંદ કરેલા વિશિષ્ટ શાસ્ત્રીય નૃત્યની પ્રાથમિક સ્તરીય રજૂઆત કરે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – ૨ :** કળાના માધ્યમથી પર્યાયી કલ્પનાઓ શોધવા માટે સર્જનશીલતા અને કલ્પનાશક્તિનો ઉપયોગ કરે છે. | |
| **ક્ષમતા : C – ૨.૧ :** નૃત્ય અને હલનચલનની રજૂઆત કરતી વખતે તેના આસપાસના વાતાવરણમાં રહેલી બીબાઢાળ રૂઢીને પડકારે છે. (જેમ કે –લિંગભૂમિકા) | |
| 06AE૫૪ | શાસ્ત્રીય નૃત્ય દ્વારા રજૂ કરવામાં આવતા વિવિધ પાત્રોના અભિનય તેમ જ લયબદ્ધ હલનચલનની રજૂઆત કરે છે. |
| **ક્ષમતા : C – ૨.૨ :** નૃત્ય અને હલનચલનને (મુદ્રા, હાવભાવ, અભિનય વગેરે) વ્યક્તિગત અનુભવો, ભાવનાઓ અને કલ્પના સાથે જોડે છે. | |
| 06AE૫૫ | શાસ્ત્રીય નૃત્યમાં વપરાતી અસંયુક્ત હસ્તમુદ્રાઓ (એક હાથથી કરવામાં આવતી મુદ્રાઓ)નાં નામ જણાવીને તેનો પ્રયોગ કરીને બતાવે છે. |
| 06AE૫૬ | શાસ્ત્રીય નૃત્યમાં અસંયુક્ત હસ્તમુદ્રાઓનો ભાવપૂર્ણ પ્રયોગ કરીને બતાવે છે. |
| 06AE૫૭ | શાસ્ત્રીય નૃત્યમાં અભિનયના ચાર પ્રકારોની સવિસ્તાર માહિતી આપે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – 3 :** કળાના ઘટકો, પ્રક્રિયા અને તંત્રને સમજીને તેનો ઉપયોગ કરે છે. | |
| **ક્ષમતા : C – ૩.૧ :** રંગભૂમિનો શિષ્ટાચાર અને રંગભૂમિ પરનાં ઉપકરણો પ્રત્યે કાળજી દર્શાવે છે. નૃત્ય અને હલનચલનની રજૂઆત કરતી વખતે રંગભૂમિ પરની ચીજવસ્તુઓ અને પોશાકની મહત્વપૂર્ણ પસંદગી કરે છે. | |
| 06AE૫૮ | નૃત્ય માટે આવશ્યક  રંગભૂમિના શિષ્ટાચાર અંગે માહિતી મેળવી તેનો પ્રયોગ કરે છે. |
| 06AE૫૯ | રંગભૂમિ પર નૃત્યની રજૂઆત માટે જરૂરી ઉપકરણો વિશે માહિતી આપે છે. |
| **ક્ષમતા : C – ૩.૨ :** આયોજનના તબક્કાથી લઈને અંતિમ રજૂઆત સુધી નૃત્ય અને હલનચલનમાં ઉપયોગમાં લેવાતી કલ્પનાઓ અને અભિવ્યક્તિની પદ્ધતિનું પુનરાવર્તન કરે અને સમગ્ર પ્રક્રિયાને ચકાસે  છે. | |
| 06AE૬૦ | રજૂઆતની પ્રક્રિયાના વિવિધ તબક્કાઓનું આયોજન કરે છે. |
| 06AE૬૧ | વિવિધ ઘટકોના આધારે કરેલા આયોજનની રજૂઆત કરે છે. |
| **અભ્યાસક્રમ ધ્યેય : CG – ૪ :** પ્રાદેશિક કલા અને સાંસ્કૃતિક પરંપરાઓમાં રહેલી સૌંદર્યવિષયક સંવેદનશીલતાથી પોતાને પરિચિત કરે છે. | |
| **ક્ષમતા : C – ૪.૧ :** નૃત્ય અને હલનચલનમાં રહેલા વિવિધ સ્થાનિક અને પ્રાદેશિક સ્વરૂપોનો પરિચય કેળવે છે. | |
| 06AE૬૨ | સ્થાનિક પરિસરમાં નૃત્ય અને હલનચલન વિશે માહિતી મેળવીને તેના આધારે અહેવાલ રજૂ કરે છે.. |
| **ક્ષમતા : C – ૪.૨:** પોતાના પ્રદેશના તથા ભારતમાં રહેલા કેટલાક નર્તકોના જીવન અને તેમના કાર્યોનું વર્ણન કરે છે. | |
| 06AE૬૩ | સ્થાનિક પ્રદેશના કેટલાક નર્તકો તેમજ તેમના કાર્યોનું વર્ણન કરે છે. |



**સૂચના :** વિશેષ જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા કરતી વખતે સાંકેતિક ભાષા (સાઇન લેંગ્વેજ) તેમજ અન્ય પૂરક અધ્યાપન પદ્ધતિઓનો ઉપયોગ કરવો. વિશેષ જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓને જે પદ્ધતિથી શક્ય હોય, તે પદ્ધતિથી વ્યક્ત થવાની તક આપવી.

# અનુક્રમણિકા


| અ. ક્ર. | ઘટક | પૃષ્ઠ |
|---|---|---|
| | **દશ્યકલા** | |
| ૧. | રેખા, આકાર અને સૌંદર્ય | ૦૧ |
| ૨. | સ્મરણચિત્ર અને કલ્પનાચિત્ર | ૦૭ |
| ૩. | સંકલ્પનું અંતરંગ | ૧૨ |
| ૪. | મારા અક્ષરો | ૨૩ |
| ૫. | ત્રિપરિમાણીય સર્જન | ૨૮ |
| ૬. | પરિસરની દશ્યકલા | ૩૪ |
| | **રંગમંચ** | |
| ૭. | ચાલો, જોઈએ/વ્યક્ત થઈએ | ૪૧ |
| ૮. | અભિનયની છટા | ૪૫ |
| ૯. | ચાલો, રંગમંચ પર | ૫૦ |
| ૧૦. | નાટ્યની પરંપરા | ૫૭ |
| | **સંગીત** | |
| ૧૧. | લય અને તાલની ઓળખ | ૬૨ |
| ૧૨. | યુગલગીત અને સમૂહગીત | ૬૮ |
| ૧૩. | ચાલો, શાસ્ત્રીય સંગીત શીખીએ | ૭૧ |
| ૧૪. | સ્થાનિક લોકસંગીતનો પરિચય | ૮૨ |
| | **નૃત્ય અને હલનચલન** | |
| ૧૫. | આપણી શાસ્ત્રીય નૃત્યશૈલી | ૮૭ |
| ૧૬. | નૃત્ય અને અભિવ્યક્તિ | ૯૨ |
| ૧૭. | નૃત્ય રજૂઆતની વિવિધ શૈલીઓ | ૯૯ |
| ૧૮. | સ્થાનિક નૃત્યશૈલી અને નર્તક | ૧૦૩ |

# દશ્યકલા



# ૧ રેખા, આકાર અને સૌંદર્ય

રેખા ચિત્રકળાનું સૌથી મૂળભૂત અને પ્રભાવશાળી માધ્યમ છે. કોઈપણ ચિત્ર દોરતી વખતે તેની શરૂઆત રેખાથી જ થાય છે. આપણી આસપાસના વૃક્ષો, પર્વતો, નદીઓ, ઘરો અથવા વિવિધ વસ્તુઓનું બારીકાઈથી નિરીક્ષણ કરીએ, તો તેમાં છુપાયેલી વિવિધ પ્રકારની રેખાઓ અને આકારો આપણને સ્પષ્ટપણે દેખાય છે.

યાંત્રિક સાધનોનો ઉપયોગ કર્યા વિના માત્ર હાથેથી મુક્ત રેખાંકન કરવાથી, આપણી નિરીક્ષણ શક્તિ અને રેખાંકન કૌશલ્ય વિકસાવવામાં મદદ મળે છે. ઊભી, સીધી, આડી, ત્રાંસી, લયબદ્ધ, વળાંકવાળી (વલયાકાર), ગૂંચવાયેલી, ઉત્સર્જક જેવી વિવિધ પ્રકારની રેખાઓ વડે વિવિધ આકારો બને છે અને તેમાંથી વિવિધ ભાવો તથા લાગણીઓ પણ વ્યક્ત થાય છે. ચાલો, આપણે રેખાઓના કેટલાક પ્રકારો જોઈએ.

### રેખાઓના પ્રકાર અને તેમનો પ્રતિકાત્મક અર્થ :

- **લયબદ્ધ રેખા (Rhythmic Line) :**



પાણીના મોજાંની જેમ વળાંકો લેતી રેખા એટલે **લયબદ્ધ રેખા**. આ રેખાથી લય અને ગતિની પ્રતીતિ થાય છે.

જેમ કે, પાણીના મોજાં, ઘાટનો રસ્તો, પવનમાં લહેરાતો પાક, વેલાના આકારો વગેરે.

- **વલયાકૃતિ રેખા (Spiral Line) :**



એક બિંદુથી શરૂ થઈને ગોળાકાર વળાંકો લેતાં લેતાં આગળ વધતી રેખા એટલે **વલયાકૃતિ રેખા**. આ રેખા એકાગ્રતા, પ્રગતિ અને વિકાસ દર્શાવે છે.

જેમ કે, શંખ, ગોકળગાયનું ઘર, ચકરી વગેરે.

- **છેદક રેખા (Intersecting Lines) :**



એકબીજાને છેદતી રેખાઓ એટલે **છેદક રેખા**.

જેમ કે, ટાઇલ્સ,આલેખપત્ર, ચેસ બોર્ડ, બારીની જાળી, એકબીજાને છેદતા રસ્તાઓ, આ બધી જગ્યાએ આપણને છેદક રેખાઓ જોવા મળે છે. આ રેખાથી ગરબડ, સંઘર્ષ જેવા ભાવો વ્યક્ત થાય છે.

- **ગૂંચવાયેલી રેખા (Tangled/Confused Line) :**



એકબીજામાં વળાંકો લેતી, ગૂંચવાતી અથવા જાળી જેવી દેખાતી રેખા એટલે **ગૂંચવાયેલી રેખા**. આ રેખા જટિલતા અને ગૂંચવણની લાગણીઓ દર્શાવે છે.

જેમ કે, ગૂંચવાયેલો દોરો, પક્ષીઓનો માળો વગેરે.

- **ઉત્સર્જક રેખા ( Radiating Line) :**

એક કેન્દ્રબિંદુમાંથી વિવિધ દિશાઓમાં ફેલાતી રેખાઓને **ઉત્સર્જક રેખા** કહે છે. જેમ કે, ફૂલોની પાંખડીઓનો ફેલાવો, સૂર્યના કિરણો વગેરે. આ રેખા દ્વારા ઊર્જા, શક્તિ, વૃદ્ધિ જેવી સંકલ્પના પ્રતિબિંબિત થાય છે.



- **ચાલો, રેખાઓમાંથી આકાર ઘડીએ!**

**નીચે આપેલ રેખાઓનો ઉપયોગ કરીને, આપેલા ખાલી ચોરસમાં તમારી પરિચિત વસ્તુઓનું રેખાંકન કરો.**

| રેખાના પ્રકાર | તૈયાર થતા આકારોના નમૂના | મારી કૃતિ |
|---|---|---|
| લયબદ્ધ રેખા |   | |
| વલયાકૃતિ રેખા |   | |
| છેદક રેખા |   | |
| ગૂંચવાયેલી રેખા |   | |
| ઉત્સર્જક રેખા |   | |

- ફૂટપટ્ટી કે અન્ય યાંત્રિક સાધનોનો ઉપયોગ કર્યા વગર, મુક્તહસ્ત રેખાંકનનો મહાવરો કરવા કહેવું.
- લયબદ્ધ, છેદક, વલયાકૃતિ, ઉત્સર્જક રેખાઓનો મહાવરો કરાવવો. મહાવરા માટે વિવિધ માધ્યમોનો ઉપયોગ કરાવવો. જેમ કે, રંગીન પેન્સિલ, સ્કેચપેન, રંગીન ચૉક વગેરે.

CG – 1
C–1.1
LO–06AE01

- **આકારથી વસ્તુ (Shape to Object) :**

નીચેના ભૌમિતિક આકારોનો ઉપયોગ કરીને તમારી પરિચિત વસ્તુઓનું રેખાંકન કરી રંગ પૂરો.

| | | |
|---|---|---|
|  |  | |
|  |  | |
|  |  | |

- **ચાલો, શોધીએ :**

**સરળતાથી આકારો દર્શાવતા ચશ્માં –**



આપણી આસપાસની ઘણી વસ્તુઓમાં ચોરસ, વર્તુળ, ત્રિકોણ જેવા ભૌમિતિક આકારો છુપાયેલા હોય છે. જો આ છુપાયેલા આકારોને શોધી કાઢવામાં આવે, તો વસ્તુઓનું રેખાચિત્ર દોરવું ખૂબ જ સરળ બની જાય છે.

કલ્પના કરો કે, તમે એવાં જાદુઈ ચશ્માં પહેર્યાં છે, જેનાથી જોતા તમને ફક્ત વસ્તુઓના ભૌમિતિક આકારો જ દેખાય છે.

- શરૂઆતમાં વિદ્યાર્થીઓને સરળ અને પરિચિત વસ્તુઓનું નિરીક્ષણ કરીને રેખાંકન કરવા પ્રોત્સાહિત કરવા.
- વિદ્યાર્થીઓના પ્રયત્નોની પ્રશંસા કરી તેમનો આત્મવિશ્વાસ વધારવો.

CG – 1
C–1.1
LO–06AE02

- **ચાલો તો પછી, આ પ્રયોગ કરીને જોઈએ !**

  ૧) તમે જે જગ્યાએ બેઠા છો, ત્યાંથી આસપાસની વિવિધ વસ્તુઓનું બારીકાઈથી નિરીક્ષણ કરો, જેમ કે, બારી, બાટલી, કબાટ, ડબ્બો વગેરે.

  ૨) તે વસ્તુઓમાં ચોક્કસ કયો ભૌમિતિક આકાર છુપાયેલો છે, તે ઓળખો.

  ૩) તમારી નોટબુકમાં તમે ઓળખેલા તે મૂળ આકારનું રેખાંકન કરો અને મહાવરો કરો. જેમ કે, કબાટ માટે ઊભું લંબચોરસ/દડા માટે વર્તુળ/કંપાસ માટે આડું લંબચોરસ/જોકરની ટોપી માટે ત્રિકોણ વગેરે.

- **આકારમાંથી સૌંદર્ય :**

અત્યાર સુધી આપણે રેખાઓના વિવિધ પ્રકારોનો મહાવરો કરીને, રેખાનો ઉપયોગ કરીને અવનવા આકારો તૈયાર કરવાનો અનુભવ મેળવ્યો છે. હવે આપણે આપણી આસપાસની બે કે તેથી વધુ વસ્તુઓની ગોઠવણી વચ્ચેના પરસ્પર સંબંધોનું નિરીક્ષણ કરીને રેખાચિત્ર દોરવાનો મહાવરો કરીશું.





- **વસ્તુચિત્ર (Object Drawing) :**

સામે રાખેલી કોઈ વસ્તુનું આબેહૂબ ચિત્રણ એટલે **વસ્તુચિત્ર**. આ પહેલાં આપણે વસ્તુચિત્રના રેખાંકનનો અનુભવ મેળવ્યો છે. જેમ કે, કપ, પુસ્તક, ફળ વગેરે.

- **સ્થિરચિત્ર (Still Life) :**

પસંદ કરેલી વસ્તુઓની કલાત્મક ગોઠવણી કરીને, તે વસ્તુઓના સમૂહનું પૃષ્ઠભૂમિ (બેકગ્રાઉન્ડ) સહિત કરેલું સૌંદર્યપૂર્ણ ચિત્રણ એટલે **સ્થિરચિત્ર**. જેમ કે, ટેબલ પર મુકેલી પ્લેટ, ફળ, કપ, પુસ્તક વગેરેનો એકત્રિત સમૂહ.



- **વસ્તુના કદનું નિરીક્ષણ અને ચિત્રણ :**

કોઈપણ વસ્તુનું રેખાચિત્ર દોરતા પહેલાં તે વસ્તુનું બરાબર નિરીક્ષણ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. આપણી આસપાસ ઉપલબ્ધ વિવિધ વસ્તુઓનો આકાર, તેમનું નાના-મોટાપણું અને રંગસંગતિ વગેરેનો બારીકાઈથી અભ્યાસ કરીએ, તો રેખાચિત્ર દોરવું સરળ બને છે.

- **શીઘ્ર રેખાચિત્ર :**

કોઈ વસ્તુ, પ્રસંગ કે દૃશ્યનું ઝડપથી અને ગણતરીની રેખાઓ વડે કરેલું રેખાંકન એટલે શીઘ્ર રેખાચિત્ર. આમાં બિનજરૂરી ઝીણી વિગતો પર બહુ ધ્યાન આપ્યા વિના વસ્તુના મૂળ આકાર, પ્રમાણબદ્ધતા અને તેમાં થતા હલનચલનના રેખાંકન પર મુખ્ય ભાર મૂકવામાં આવે છે. નિયમિત મહાવરાથી નિરીક્ષણ શક્તિ વધે છે અને આત્મવિશ્વાસપૂર્વક રેખાચિત્ર દોરવાનું કૌશલ્ય વિકસે છે.







- **વસ્તુસમૂહની ગોઠવણી :**

સ્થિરચિત્ર દોરવા માટે જુદાજુદા આકારની વસ્તુઓના સમૂહની ગોઠવણી કરવી. વસ્તુઓનું એકબીજા સાથેનું પ્રમાણ, રંગ અને છાયા-પ્રકાશનું નિરીક્ષણ કરવું.



- **પ્રાથમિક રેખાંકન (Rough Sketch) :**

બધી વસ્તુઓ કાગળની બરાબર વચ્ચે અને મોટા આકારમાં દેખાય તે રીતે મૂળ ભૌમિતિક આકારો સમજી શકાય તેવું શીઘ્ર રેખાચિત્ર દોરવું.



- **આકાર નિશ્ચિતિ અને વિગતો (Refining) :**

  રેખાચિત્ર દોરી લીધાં પછી, દરેક વસ્તુનો મૂળ આકાર વધુ સ્પષ્ટ કરવો. બિનજરૂરી રેખાઓ રબરથી ભૂંસી નાખવી.



- **રંગકામ અને છાયા-પ્રકાશ (Coloring & Shading) :**

  પ્રકાશ તરફની બાજુએ આછા રંગ અને પડછાયા તરફની બાજુએ ઘેરા રંગોનો ઉપયોગ કરીને સરળ પદ્ધતિથી રંગકામ કરવું.

## સ્વાધ્યાય

- યાંત્રિક સાધનોનો ઉપયોગ કર્યાં વિના, રેખા દોરતી વખતે તમને થયેલો અનુભવ ટૂંકમાં જણાવો.
- તમારી આસપાસના ઘટકોમાં તમને કયા-કયા પ્રકારની રેખાઓ જોવા મળે છે, તે ઉદાહરણ સહિત લખો.
- સ્થિરચિત્ર દોરતી વખતે કઈ-કઈ બાબતોનું નિરીક્ષણ કરવું જોઈએ તે સ્પષ્ટ કરો.
- તમારી સામે ગોઠવેલી વસ્તુઓના સમૂહનું બારીકાઈથી નિરીક્ષણ કરો. જેમ કે, બાલદી, લોટો, ફળ, વગેરે. કોઈ પણ યાંત્રિક સાધનો વિના સરળ પદ્ધતિથી તેનું શીઘ્ર રેખાચિત્ર દોરો.
- સામે ગોઠવેલી કોઈપણ ત્રણ વસ્તુઓના સમૂહનું પ્રમાણમાપ, તેમજ છાયા-પ્રકાશ અને યોગ્ય રંગછટાનો ઉપયોગ કરીને સુંદર સ્થિરચિત્ર દોરો અને રંગ પૂરો.

- વિદ્યાર્થીઓએ આબેહૂબ ચિત્ર જ દોરવું એવો આગ્રહ રાખવો નહીં.
- મૌખિક ચર્ચા અને શીઘ્ર રેખાચિત્ર દ્વારા વસ્તુચિત્ર અને સ્થિરચિત્ર વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરવો.
- નિરીક્ષણના માપદંડો પર આધારિત મૌખિક પ્રશ્નો પૂછવા.
- વસ્તુઓના આકાર અને કદના તફાવત મુજબ યોગ્ય રેખાચિત્ર દોરાવવું.

CG – 2
C–2.2
LO–06AE10
,11

# ૨ સ્મરણ ચિત્ર અને કલ્પના ચિત્ર

- **સ્મરણ ચિત્ર (Memory Drawing) :**

આપણા દૈનિક જીવનમાં આપણે ઘણા પ્રસંગો, રમતો, તહેવારો-ઉત્સવો અને પ્રકૃતિમાં થતા ફેરફારનો અનુભવ કરીએ છીએ. તેમાંની કેટલીક ક્ષણો કે પ્રસંગો આપણા મન પર કાયમ માટે અંકિત થઈ જાય છે. આ સાચવેલી યાદોને રેખા, આકાર અને રંગોના માધ્યમથી કાગળ પર ઉતારવી એટલે જ **સ્મરણચિત્ર.** આપણે જોયેલી ઘટનાઓ કે પ્રસંગોને યાદ કરીને, તેમની રચના અને પરસ્પર સંબંધોને સમજીને ચિત્ર દોરવાથી તે વધુ જીવંત અને પ્રભાવશાળી બને છે.




- **કરી જુઓ :**

તમે જોયેલો કોઈપણ એક પ્રસંગ યાદ કરો. જેમ કે શાળામાં મિત્રો સાથે રમેલી રમત, જન્મદિવસ, તહેવાર-ઉત્સવ કે પ્રવાસનો પ્રસંગ. તે પ્રસંગમાં કઈ-કઈ વ્યક્તિઓ હતી, પરિસર કેવું હતું, કઈ વસ્તુઓ દેખાતી હતી તેનો વિચાર કરો. ત્યાર બાદ કાગળ પર આછી રેખાઓ વડે તે પ્રસંગની રૂપરેખા દોરો. માનવ આકૃતિઓ પૂરતી મોટી દોરો અને પૃષ્ઠભૂમિ તૈયાર કરો. દરેક ઘટકો એકબીજાની સરખામણીમાં યોગ્ય કદમાં હોવા જોઈએ. જેમ કે, હાથીની સરખામણીમાં માણસ કેટલો દેખાશે તેનું ધ્યાન રાખવું. ચિત્રમાં હલનચલન, હાવભાવ અને અનુરૂપ પૃષ્ઠભૂમિ દોરવાનો પ્રયત્ન કરવો. યોગ્ય રંગોનો ઉપયોગ કરીને ચિત્ર પૂર્ણ કરવું.

• સ્મરણ ચિત્ર દોરવા માટે નીચે મુજબ તબક્કાવાર કૃતિ કરી શકાશે.



કૃતિ - ૧



કૃતિ - ૨



કૃતિ - ૩




કૃતિ - ૪

- વિવિધ નાના પ્રસંગો/દૃશ્યો/ઘટનાઓ/રમતો યાદ કરીને સ્મરણ ચિત્ર દોરવા કહેવું.
- નૈસર્ગિક/માનવનિર્મિત વિવિધ ઘટકોનું સ્મરણ ચિત્ર દોરવા પ્રેરિત કરવા. દોરેલા ચિત્રો વિશે ચર્ચા કરવી.

CG –1, 2
C– 1.1, 2.1
LO–06AE03 ,06

- **કલ્પના ચિત્ર :**

આપણા મનની કલ્પનાઓને કાગળ પર ચિત્ર સ્વરૂપે રજૂ કરવી એટલે **કલ્પના ચિત્ર.**
કલ્પના ચિત્ર માટે પ્રત્યક્ષ અનુભવ હોવો જરૂરી નથી; તેમાં મુક્ત વિચારો અને નવનિર્માણ (સર્જનાત્મકતા)ને પૂરો અવકાશ મળે છે. તેમાં આકાર, રંગ અને રચનાની બાબતમાં પ્રયોગો કરવાની તક મળે છે. જેમ કે, ભવિષ્યનું શહેર, પરીઓની દુનિયા, ચંદ્ર પરનું મારું ઘર, મારું સ્વપ્ન વગેરે.





- **ધ્યાનમાં રાખો :**

સ્મરણ ચિત્ર આપણને ભૂતકાળના અનુભવો ફરીથી જીવવામાં મદદ કરે છે, જ્યારે કલ્પના ચિત્ર ભવિષ્યની નવીનતાની શોધ કરવા અને સ્વતંત્ર રીતે વિચારવા માટે પ્રવૃત્ત કરે છે.

- **સામાજિક જનજાગૃતિ ચિત્રણ :**

સમાજ આપણી મોટી ઓળખ છે. સમાજમાં અનેક સારી ટેવો, માનવીય મૂલ્યો અને મહત્વના સંદેશાઓ લોકો સુધી પહોંચાડવા માટે કલાનો ઉપયોગ કરવામાં આવે છે, જેને **સામાજિક જનજાગૃતિ ચિત્રણ** કહેવાય છે. માત્ર શબ્દો કરતાં ચિત્રોની અસર વધુ ઊંડી થાય છે. જ્યારે આપણે માર્ગસુરક્ષા, પ્રકૃતિ સંવર્ધન, સ્વચ્છતા, પાણી બચાવો કે શિક્ષણનું મહત્વ જેવા વિષયો પર આપણી કલ્પનાશક્તિથી ચિત્ર દોરીએ છીએ, ત્યારે તે ચિત્ર જોનાર વ્યક્તિને વિચારવા માટે મજબૂર કરે છે. આવા ચિત્રોમાં યોગ્ય સંદેશો યોગ્ય રીતે રજૂ કરવાની પદ્ધતિ વધુ મહત્વની હોય છે.



- **ઓળખો જોઈએ!**

બાજુના કલ્પનાચિત્રમાં વિવિધ પ્રાણીઓ અને પક્ષીઓના અવયવો એકસાથે જોડવામાં આવ્યા છે. તે અવયવો કયા કયા પ્રાણી-પક્ષીઓના છે તે ઓળખો અને મિત્રો સાથે ચર્ચા કરો..



- **ફ્લિપ બુક ડ્રોઇંગ (Flip Book Drawing) : (હલનચલન કરતી ચિત્રપુસ્તિકા)**

ફ્લિપ બુક એટલે નાના-નાના ચિત્રોની એક શ્રેણી(માલિકા). જેમાં ઝડપથી પાના ઉથલાવતા ચિત્રો હલનચલન કરતા દેખાય છે. આ એનિમેશનની પ્રારંભિક અને સરળ પદ્ધતિ છે. આ પ્રવૃત્તિ દ્વારા આપણને હલનચલન, નિરીક્ષણ અને સર્જનાત્મકતાનો અનુભવ મળે છે.





**ચાલો, કૃતિ કરીએ :**

૧) કાગળના સમાન કદના ૧૨ ટુકડા લો.
૨) બધા કાગળને ક્રમમાં ગોઠવીને પુસ્તકની જેમ એક બાજુથી સ્ટેપલ કરો.
૩) તૈયાર થયેલી પુસ્તિકાના પહેલા પાના પર વચ્ચે મોટો ગ્લાસ દોરો.
૫) અનુરેખન (ટ્રેસિંગ) તંત્રનો ઉપયોગ કરીને બાકીના દરેક પાના પર વચ્ચે ગ્લાસ દોરો.
૬) પહેલા પાના પર ગ્લાસના તળિયાથી થોડે ઉપર આડી રેખા દોરો અને તે રેખા સુધી નારંગી રંગ પૂરો.
૭) આ પ્રમાણે બાકીના પાના પર, આકૃતિમાં દર્શાવ્યા મુજબ એક-એક રેખા ઉપર વધારતા જઈને ત્યાં સુધી નારંગી રંગ પૂરો.

**થઈ ગઈ તમારી જ્યૂસ ગ્લાસ ફ્લિપ બુક તૈયાર!**

(ફ્લિપ બુક વિશે વધુ માહિતી મેળવવા માટે પ્રથમ પૃષ્ઠ પર આપેલો ક્યૂ.આર.કોડ સ્કેન કરો.)

**• શું તમે જાણો છો? :**

ફ્લિપ બુકને એનિમેશનની પ્રારંભિક પદ્ધતિ માનવામાં આવે છે. આ જ સિદ્ધાંત પર આગળ જતાં જૂના સમયમાં હજારો ચિત્રોનો ઉપયોગ ચલચિત્ર અને કાર્ટૂન ફિલ્મ બનાવવામાં આવતી હતી.

**• ચાલો, ચર્ચા કરીએ :**

- ચિત્રમાં પૃષ્ઠભૂમિ દોરવી જરૂરી છે ? તે વિશે ચર્ચા કરો.
- ચિત્રમાં જે હલનચલન/ગતિ દેખાય છે, તેના માટે કયો વૈજ્ઞાનિક સિદ્ધાંત કારણભૂત છે તે વિશે ચર્ચા કરો.
- ચિત્ર દ્વારા સામાજિક સંદેશ વધુ અસરકારક કેવી રીતે આપી શકાય, તેના વિશે ચર્ચા કરો.
- ચિત્રોનું પ્રદર્શન ગોઠવવું અને દરેક ચિત્રની વિશેષતા વિશે ચર્ચા કરવી.

## સ્વાધ્યાય

૧) તહેવાર, ઉત્સવ અથવા મનગમતી રમત – આમાંથી કોઈપણ એક વિષય પર સ્મરણ ચિત્ર દોરો અને રંગ પૂરો.
૨) કોઈપણ એક કલ્પના ચિત્ર દોરો અને તેનું વર્ણન કરો.
૩) કોઈપણ એક વિષય પર સામાજિક જનજાગૃતિ(પ્રબોધનાત્મક) ચિત્ર તૈયાર કરો અને તેને અનુરૂપ સૂત્ર/ધ્યેયવાક્ય ચિત્રની નીચે લખો.
૪) તમારી પસંદગી મુજબ ૧૨થી ૧૬ ચિત્રો ધરાવતી ફ્લિપ બુક તૈયાર કરો.
૫) તમારા પરિસરની નૈસર્ગિક અને માનવનિર્મિત વસ્તુઓનું નિરીક્ષણ કરી તેમનું રેખાંકન કરો.

- સ્મરણ ચિત્ર અને કલ્પના ચિત્રનું રેખાંકન કરાવવું.
- અનુરેખન(ટ્રેસિંગ) તંત્રનો ઉપયોગ કરીને એક જ આકાર વારંવાર કેવી રીતે દોરવો, તેનું પ્રત્યક્ષીકરણ કરી બતાવવું.
- સામાજિક જનજાગૃતિ માટે પ્રબોધનાત્મક ચિત્ર દોરવા પ્રેરિત કરવા.

CG – 2
C–2.1
LO–06AE07, 08

# ૩ સંકલ્પનું અંતરંગ

દૈનિક જીવનમાં આપણે અનેક વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ. કોઈ વસ્તુ પસંદ કરતી વખતે આપણે તેના આકાર, રંગ અને તેના પર કરાયેલ નકશીકામનો વિચાર કરીએ છીએ. કોઈ વસ્તુ વધુ આકર્ષક અને સુંદર દેખાય તે માટે રેખા, આકાર, રંગની સુયોગ્ય રચના કરીને કરવામાં આવતા કલાત્મક ચિત્રણને '**સંકલ્પચિત્ર**' કહેવાય છે.

આપણી આસપાસ આપણે વસ્તુ, ઝાડ, ફૂલ, પ્રાણીઓ અને માણસો જેવા અનેક ઘટકો જોઈએ છીએ. આ ઘટકોનું બારીકાઈથી નિરીક્ષણ કરતાં જણાય છે કે કેટલાક ઘટકો રેખાની બંને બાજુએ એકસરખા એટલે કે **સમઅંગી** દેખાય છે, જ્યારે કેટલાક ઘટકો એક બાજુથી અલગ અને બીજી બાજુથી અલગ એટલે કે વિષમઅંગી દેખાય છે. ચાલો, હવે ચિત્રમાં આવેલા ઘટકોની સમઅંગી અને **વિષમઅંગી** રચના સમજીએ.

- **સમઅંગી રચના :**

ચિત્રની વચ્ચે સીધી ઊભી રેખા દોરીએ તો ચિત્રના બે સમાન ભાગ થાય, તેને સમઅંગી રચના કહેવાય છે. એટલે કે બંને બાજુ સમાન દેખાતી રચના સમઅંગી રચના કહેવાય છે. જેમ કે, પ્રવેશદ્વાર, પતંગિયું, માનવ ચહેરો વગેરે.





- **વિષમઅંગી રચના :**

જે ચિત્ર અથવા આકારના વચ્ચેથી બે સમાન ભાગ કરી શકાય નહીં, તેવી રચનાને '**વિષમઅંગી રચના**' કહેવાય છે. જેમ કે, પક્ષી, વાદળોના આકાર, ઝાડની ડાળીઓ વગેરે.





**ઓળખો જોઈએ! :**

નીચે આપેલ ચિત્રોની મધ્યમાં એક સીધી ઊભી રેખા દોરીને ચિત્ર સમઅંગી છે કે વિષમઅંગી તે ઓળખી ચિત્રની નીચે લખો.



................ ............... ............. ............. ............. .............

- **ચાલો, કૃતિ કરીએ!**

૧) તમારી આસપાસ જોવા મળતા સમઅંગી અને વિષમઅંગી ઘટકોનાં નામ લખો.

૨) નોટબુકમાં બે ચોરસ દોરો. એક ચોરસમાં ભૌમિતિક આકારોનો ઉપયોગ કરીને સમઅંગી રચના અને બીજા ચોરસમાં વિષમઅંગી રચનાનું સંકલ્પચિત્ર દોરી તેમાં રંગ પૂરો.

- **રંગ અને રંગશ્રેણી :**

પ્રકૃતિમાં રંગોની મનોહર છટા જોવા મળે છે. આકાશનો વાદળી રંગ, વૃક્ષોની હરિયાળી, ફૂલોનું વિવિધરંગી સૌંદર્ય અને મેઘધનુષની સપ્તરંગી છટા મનને મોહી લે છે. આ રંગછટાઓ આપણા મનમાં આનંદ, ઉત્સાહ અને પ્રસન્નતાની લાગણી જગાવે છે. જ્યારે ચિત્રમાં રંગો પૂરવામાં આવે ત્યારે તે ચિત્ર વધુ જીવંત, આકર્ષક અને અસરકારક બને છે. રંગો ચિત્રને આગવી ઓળખ પણ આપે છે. તેથી આપણા દૈનિક જીવનમાં તેમજ ચિત્રકલામાં રંગોનું વિશેષ મહત્ત્વ છે. ચાલો, હવે રંગોની ઓળખ અને **રંગશ્રેણીઓનો** અભ્યાસ કરીએ!

કેટલાક રંગો પોતાના **મૂળ** સ્વરૂપમાં હોય છે, જ્યારે કેટલાક રંગો જુદા જુદા રંગોના મિશ્રણથી બને છે. આપણે તેના વિશે માહિતી મેળવીએ.

**પ્રથમ શ્રેણીના રંગો (Primary Colours) :**

જે રંગો અન્ય કોઈ પણ રંગોના મિશ્રણથી બનતા નથી, તેમને **'મૂળ રંગો'** અથવા **'પ્રથમ શ્રેણીના રંગો'** કહેવાય છે. જેમ કે, લાલ, પીળો અને વાદળી.



લાલ પીળો વાદળી

- આસપાસની વસ્તુઓનું સમઅંગી અને વિષમઅંગીમાં વર્ગીકરણ કરાવી, બંને વચ્ચેનો તફાવત સમજાવવો.
- વિદ્યાર્થીઓની દરેક પ્રવૃત્તિને સકારાત્મક પ્રતિસાદ આપવો.
- માત્ર ચિત્રની સુંદરતા પર ભાર ન આપતા, તેની સમતુલા અને અસમતુલા પર વિશેષ ધ્યાન આપવું.

CG –2
C–2.2
LO–06AE09

## દ્વિતીય શ્રેણીના રંગો (Secondary Colours) :

પ્રથમ શ્રેણીના કોઈપણ બે રંગોને સમપ્રમાણમાં ભેળવવાથી જે રંગ બને, તેને **દ્વિતીય શ્રેણીનો** રંગ કહેવાય છે. નારંગી, લીલો અને જાંબલી દ્વિતીય શ્રેણીના રંગો છે.



લાલ + પીળો = નારંગી



પીળો + વાદળી = લીલો



વાદળી + લાલ = જાંબલી

- **શું તમે જાણો છો?**

  નિસર્ગના વિવિધ ઘટકોમાંથી નૈસર્ગિક રંગો તૈયાર કરી શકાય છે. આવા રંગો સુરક્ષિત તેમજ પર્યાવરણપૂરક હોય છે. પરિસરમાં ઉપલબ્ધ નૈસર્ગિક ઘટકો, જેમ કે પાંદડાં, ફૂલ, હળદર, બીટ, માટી, ગેરુ વગેરેમાંથી નૈસર્ગિક રંગો બનાવી શકાય છે.




- **કરી જોઈએ! :**

  કાગળ પર સમાન કદના બે ચોરસ દોરો. તેમાં તમને ગમતા ભૌમિતિક આકારો અને રેખાઓની મદદથી વિશિષ્ટ રચના બનાવો. તેમાં પ્રથમ શ્રેણીના તથા દ્વિતીય શ્રેણીના રંગો અને તેમની રંગછટાઓનો ઉપયોગ કરીને રંગ પૂરો. તમારા અનુભવો વિશે વર્ગમાં ચર્ચા કરો.

- **રંગછટા :**

  પ્રકૃતિમાં આપણને અનેક પ્રકારના રંગો જોવા મળે છે. તેમાં એક જ રંગની વિવિધ રંગછટાઓ પણ જોવા મળે છે. ઉદાહરણ તરીકે, વૃક્ષનાં પાંદડાંમાં લીલા રંગની અનેક છટાઓ જોવા મળે છે, જેમ કે આછો લીલો, ઘેરો લીલો, પીળાશ પડતો લીલો, નારંગી આભા ધરાવતો લીલો વગેરે. કોઈપણ રંગના ઓછા-વત્તા હળવા અથવા ઘેરા દેખાતા રૂપોને તે રંગની **રંગછટા** કહેવાય છે.



- વિદ્યાર્થીઓને પ્રથમ શ્રેણી અને દ્વિતીય શ્રેણીના રંગોની સ્પષ્ટ સમજ આપવી.
- દ્વિતીય શ્રેણીના રંગો બનાવવાનો અનુભવ આપવો.
- પ્રકૃતિમાં જોવા મળતી વિવિધ રંગછટાઓનું નિરીક્ષણ કરવા પ્રોત્સાહિત કરવા.

CG – 3
C–3.1
LO–06AE12

કોઈપણ રંગમાં ઓછા-વત્તા પ્રમાણમાં સફેદ અથવા કાળો રંગ ભેળવવાથી તે રંગની વિવિધ રંગછટાઓ તૈયાર કરી શકાય છે.

(નીચે આપેલા ચિત્રમાં દર્શાવેલી રંગછટાઓનું નિરીક્ષણ કરો.)




- **કરી જોઈએ! :**

૧) કાગળ પર ઉપર દર્શાવ્યા મુજબ ચોરસ દોરો. વચ્ચેના ચોરસમાં તમને ગમતો કોઈપણ એક મૂળ રંગ પૂરો.

૨) હવે તે રંગમાં થોડો સફેદ રંગ ભેળવો. તેનાથી નવી રંગછટા તૈયાર થશે. તેમાં ફરી થોડો સફેદ રંગ ઉમેરતાં જાઓ અને વધુ આછી રંગછટાઓ તૈયાર કરો. આ રીતે ત્રણથી ચાર આછી રંગછટાઓ તૈયાર કરી મૂળ રંગની જમણી બાજુના ચોરસમાં ક્રમશઃ પૂરો.

૩) ત્યારબાદ તમે પસંદ કરેલા રંગમાં થોડો કાળો રંગ ભેળવો. તેનાથી તૈયાર થયેલી ઘેરી રંગછટા મૂળ રંગની ડાબી બાજુના ચોરસમાં પૂરો. હવે જરૂર મુજબ થોડો થોડો કાળો રંગ ઉમેરતાં જાઓ અને ત્રણથી ચાર ઘેરી રંગછટાઓ તૈયાર કરો. આ તમામ ઘેરી રંગછટાઓ મૂળ રંગની ડાબી બાજુના ચોરસમાં ક્રમશઃ પૂરો.

- **શું તમે જાણો છો?**

રંગો માત્ર આકર્ષક જ નથી લાગતા, પરંતુ દરેક રંગનો પોતાનો એક વિશિષ્ટ અર્થ પણ હોય છે. વિવિધ રંગો આપણા મનમાં જુદી જુદી લાગણીઓ અને ભાવનાઓ જગાવે છે.

**ઉદાહરણ તરીકે –**

- લાલ રંગ : શૌર્ય
- પીળો રંગ : તેજ
- જાંબલી રંગ : વૈભવ
- સફેદ રંગ : પવિત્રતા
- વાદળી રંગ : શાંતિ
- લીલો રંગ : સમૃદ્ધિ
- નારંગી રંગ : ત્યાગ
- કાળો રંગ : ભય

- પરિસરના વિવિધ ઘટકોમાં કયા કયા રંગો અને રંગછટાઓ જોવા મળે છે, તે વિશે માર્ગદર્શન આપવું.
- વિવિધ રંગછટાઓ બતાવી તેમની તુલના કરવા કહેવું. નિરીક્ષણ અને અનુભવ પર વિશેષ ભાર આપવો.
- 'મારી ગેલેરી' ઉપક્રમ અંતર્ગત વર્ગખંડમાં 'રંગછટા ભીંત' પ્રવૃત્તિ યોજી વિદ્યાર્થીઓને તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા પ્રેરિત કરવા.

CG – 3
C–3.1
LO–06AE12

- **સંકલ્પના મૂળભૂત તત્ત્વો :**

કોઈપણ ચિત્રને વધુ સુંદર, આકર્ષક અને અસરકારક બનાવવા માટે કેટલીક મહત્વપૂર્ણ બાબતોનો વિચાર કરવો જરૂરી છે. ચિત્રમાં કોઈ આકાર અથવા રંગનો વારંવાર ઉપયોગ કરવો, આકારોમાં નાના-મોટા ફેરફાર કરવા, રંગો અને આકારોનું યોગ્ય પ્રમાણમાં આયોજન કરવું તેમજ ઘટકોમાં સમતુલા જાળવવી જેવી બાબતો ચિત્રને વધુ અસરકારક અને મનોહર બનાવે છે. સંકલ્પચિત્રને આકર્ષક બનાવવા માટે તેમાં કેટલાક મૂળભૂત તત્ત્વોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે **પુનરાવૃત્તિ, ફેરફાર, ઉત્સર્જન, પ્રમાણ, સમતુલા અને લય** એ સંકલ્પનાં મુખ્ય મૂળભૂત તત્ત્વો છે.

- **પુનરાવૃત્તિ ( Repetition) :**

ચિત્રમાં એક જ આકાર ફરી ફરી દોરવો તેને **પુનરાવૃત્તિ** કહેવાય છે. જ્યારે ચિત્રમાં એકસરખા આકારો અથવા ઘટકો વારંવાર વાપવામાં આવે છે, ત્યારે ચિત્ર વધુ સુંદર, સુવ્યવસ્થિત અને આકર્ષક લાગે છે. જેમ કે, ટાઇલ્સ, વૃક્ષનાં પાંદડાં, કપડાં પરની એકસરખી ભાત.





- **ફેરફાર (Change) :**

પરિસરના વૃક્ષોનાં પાંદડાંનું નિરીક્ષણ કરો. કેટલાંક પાંદડાં મોટાં હોય છે, તો કેટલાંક નાનાં હોય છે. કેટલાંક આછાં રંગનાં હોય છે, તો કેટલાંક ઘેરા રંગનાં હોય છે. એટલે કે તેમના આકાર અને રંગમાં થોડો-થોડો બદલાવ જોવા મળે છે. આને ફેરફાર કહેવાય છે. ચિત્રમાં આ પ્રકારનો ફેરફાર કરવાથી તે વધુ સુંદર, જીવંત અને આકર્ષક બને છે.



- **ઉત્સર્જન (Radiation) :**

સૂર્યના મધ્યભાગમાંથી પ્રકાશકિરણો ચારે દિશામાં પ્રસરે છે. ફૂલની પાંખડીઓ મધ્યભાગમાંથી બહારની તરફ ફેલાય છે. સાઇકલના પૈડાના મધ્યભાગમાંથી આરા(સ્પોક્સ) બહારની તરફ નીકળે છે. તે જ રીતે ઘાસનાં પાંદડાં પણ મૂળમાંથી ઉપરની દિશામાં પ્રસરેલાં જોવા મળે છે. ચિત્રના વિવિધ ઘટકો એક કેન્દ્રબિંદુમાંથી બહારની દિશામાં પ્રસરેલા હોય, ત્યારે આવી ગોઠવણીને **ઉત્સર્જન** કહેવાય છે. જેમ કે, નાળિયેરનાં પાંદડાં, મોરપીંછ, કરોળિયાનું જાળું વગેરે.





- **પ્રમાણ (Proportion) :**

ચિત્રમાં દર્શાવેલા વિવિધ ઘટકોનો એકબીજા સાથેનો પરસ્પર સંબંધ એટલે **પ્રમાણ.** એક આકાર બીજા આકારની તુલનામાં કેટલો મોટો કે નાનો હોવો જોઈએ તેનો યોગ્ય અંદાજ એટલે **પ્રમાણબદ્ધતા.** ઉદાહરણ મોટું વૃક્ષ અને નાનાં વૃક્ષનું પ્રમાણ.




- **સમતુલા (Balance) :**

સમતુલા એટલે ચિત્રના વિવિધ આકારો, તેમના કદ(ક્ષેત્રફળ), રંગો અને રંગછટાઓ વચ્ચેનો યોગ્ય સંતુલિત સંબંધ. પ્રકૃતિનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં ધ્યાનમાં આવે છે કે કેટલાક ઘટકોમાં સમતુલા હોય છે, જ્યારે કેટલાકમાં વિષમતુલા જોવા મળે છે. તેમ છતાં પ્રકૃતિની દરેક રચનામાં એક આંતરિક સંતુલન હોય છે. તે જ રીતે ચિત્રમાં પણ જો સમતુલા જળવાય, તો ચિત્ર વધુ સુંદર, સંતુલિત અને અસરકારક બને છે.

જેમ કે, માનવ ચહેરો, પતંગિયું એ સમતુલાના ઉદાહરણ છે. જ્યાર, વૃક્ષનું થડ અને તેની ડાળીઓ વિષમતુલાનાં ઉદાહરણ છે.






• લય (Rhythm) :

ચિત્રમાં આકાર, રેખા અથવા રંગોની ચોક્કસ ક્રમમાં પુનરાવૃત્તિ વડે કરવામાં આવેલી ગોઠવણીને 'લય' કહેવામાં આવે છે. જેમ કે, કાપડ પરની નકશી, દિવાલમાં ઈંટોની ગોઠવણી, રંગોળીમાં પુનરાવર્તિત નકશી, ઘઉંના પૂળાની ગોઠવણી, પાણીમાં ઊઠતા તરંગો વગેરેમાં 'લય' જોવા મળે છે.









મૂળતત્ત્વોનો સમાવેશ ધરાવતાં સંકલ્પચિત્રો

• ચાલો, કરીએ :

૧) ફળ અથવા શાકભાજીના એકસરખા ટુકડા કરીને તેને થાળીમાં સુંદર રીતે ગોઠવી તેનો ફોટો પાડો.

૨) એક મોટા પથ્થર પર એક નાનો પથ્થર એવી ક્રમબદ્ધ ગોઠવણી કરો. તેમાં કયું મૂળતત્ત્વ જોવા મળે છે તે લખો.

૩) એક જાડો દોરો જમીન પર સીધો પાથરો. ચિત્રમાં બતાવ્યા પ્રમાણે વૃક્ષનાં પાંદડાં દોરાની નીચે સમાન અંતરે ગોઠવો. શક્ય હોય તો દરેક પાનની વચ્ચે એક ફૂલ મૂકો. આમ ખૂબ જ સુંદર તોરણ તૈયાર કરી શકાય છે. (આ પ્રવૃત્તિ જૂથમાં પણ કરી શકાય છે.)



- સંકલ્પનાં મૂળતત્ત્વો સમજાવવા, જેમ કે પુનરાવૃત્તિ, ફેરફાર, ઉત્સર્જન, પ્રમાણ, સંતુલન, લય.
- સંકલ્પનાં મૂળતત્ત્વોને ધ્યાનમાં રાખીને સંકલ્પચિત્ર દોરવા કહેવું.

CG – 3
C–3.2
LO–
06AE16

- **ચિત્રમાં સૌંદર્ય સર્જવાની તકનીકો :**

કોઈપણ ચિત્ર માત્ર રેખા, આકાર અને રંગોથી પૂર્ણ થતું નથી, પરંતુ ચિત્રને વધુ સુંદર અને આકર્ષક બનાવવા માટે પોત (Texture) અત્યંત મહત્ત્વનું છે. મુદ્રા તકનીક, કોલાજ, સ્ટિપલિંગ અને તરંગ મુદ્રા જેવી વિવિધ તકનીકોનો ઉપયોગ કરીને કલાકૃતિમાં વિવિધ પ્રકારના પોત તૈયાર કરી તેને ઉઠાવદાર બનાવી શકાય છે.

- **મુદ્રા તકનીક (Print Making) :**

કોઈપણ પૃષ્ઠભાગ પર છાપ ઉપસાવીને ચિત્ર અથવા નકશી બનાવવાની પ્રક્રિયાને **મુદ્રા તકનીક** કહેવામાં આવે છે. આ તકનીક સરળ, સર્જનાત્મક અને આનંદદાયક છે. વિવિધ પ્રકારની વસ્તુઓની છાપ ઉપસાવવા માટે જળરંગ, પોસ્ટર રંગ, શાહી, ઝાડનાં પાન, ફળો, શાકભાજી જેવા સાહિત્યનો ઉપયોગ કરી શકાય છે.





- **કોલાજ (Collage):**

વિવિધ રંગોના કાગળ, અખબાર, ઝાડનાં સૂકાં પાન અથવા અન્ય ઉપલબ્ધ સાહિત્યના ટુકડાઓ કાપીને અથવા ફાડીને તેમને કોઈ એક પૃષ્ઠભાગ પર કલાત્મક રીતે ચોંટાડી તૈયાર કરાતી ચિત્રરચનાને **'કોલાજ'** કહેવામાં આવે છે. નકામી વસ્તુઓમાંથી નવી તેમ જ પર્યાવરણપૂરક કલાકૃતિ બનાવવા માટે કોલાજ તકનીક ખૂબ ઉપયોગી છે. કોલાજ બનાવવા માટે રંગીન કાગળ, જૂનાં અખબારો, રંગીન સામયિકોના પાનાં, જૂની લગ્નની કંકોતરીઓ, રંગીન કપડાંના ટુકડા, ઊન, સૂકાં પાન, કાતર, ગુંદર વગેરે સાધન-સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે.





## • સ્ટિપલિંગ તકનીક ( Stippling Technique) :

ચિત્ર દોરતી વખતે માત્ર ટપકાંની મદદથી આકાર, પ્રકાશ-છાયા અને પોત તૈયાર કરવાની પદ્ધતિને '**સ્ટિપલિંગ તકનીક**' કહેવામાં આવે છે. આ તકનીકમાં રેખાઓનો ઉપયોગ કરવાને બદલે બિંદુઓ વચ્ચેનું અંતર ઓછું-વત્તું રાખીને ઘેરું અથવા આછું પરિણામ મેળવવામાં આવે છે. જ્યાં ગીચ ટપકાંઓ હશે ત્યાં ઘેરી છટા દેખાશે અને જ્યાં છૂટાછવાયા ટપકાં હશે ત્યાં આછી છટા દેખાશે. આ રીતે ટપકાંની વિશિષ્ટ ગોઠવણી દ્વારા ચિત્રમાં ઊંડાણ અને ત્રિપરિમાણીય (3D) આભાસ ઊભો કરી શકાય છે. આ તકનીક માટે મુખ્યત્વે બારીક અણીવાળી પેન, જેલ પેન, સ્કેચ પેન, શાહીપેન અથવા પેન્સિલ જેવા સાધનનો ઉપયોગ કરી શકાય છે.





**• ચાલો, કરીએ :**

કાચ વડે વર્તમાનપત્ર અથવા સામયિકમાં આપેલું કોઈ રંગીન ચિત્ર જુઓ. તેમાં શું દેખાય છે તેનું નિરીક્ષણ કરો. શું તમને વિવિધ રંગોનાં નાનાં-નાનાં ટપકાં દેખાયા? હવે વિચાર કરો અને ચર્ચા કરો કે વર્તમાનપત્ર રંગીન પાનાંના નીચેના ભાગમાં ચાર રંગના ટપકાં/ચોરસ શા માટે હોય છે?

## • તરંગ મુદ્રા (નવીન તકનીક) :

શું તમે ક્યારેય વરસાદનાં પાણીનાં ખાબોચિયામાં તેલનું ટીપું પડેલું જોયું છે? તેમાં મેઘધનુષ્ય જેવા વિવિધ રંગો દેખાય છે. આવો, આવી જ એક રમત રમીએ.

- એક પહોળા વાસણમાં (ટ્રેમાં) અડધા સુધી પાણી ભરો.
- તેમાં તૈલીરંગના(ઑઈલ પેઇન્ટ) થોડાં ટીપાં નાખો.
- એક સળી વડે પાણીને ધીમે-ધીમે ગોળ ફેરવો.
- એક સફેદ કાગળને ખૂબ જ હળવાશથી પાણીના પૃષ્ઠભાગને સ્પર્શે  તે રીતે મૂકો.
- કાગળનો એક ખૂણો પકડીને તેને તરત જ ધીમેથી ઉપર ઉઠાવો.
- પાણીની સપાટી પરના બધા રંગો કાગળ પર ચોંટી જશે અને સુંદર, નવીન નકશી તૈયાર થયેલી જોવા મળશે.
- કાગળને છાયામાં સૂકવો. આ રીતે કાગળ પર 'તરંગ મુદ્રા' ધરાવતી ડિઝાઇન તૈયાર કરી, વિવિધ સુશોભન માટે તેનો ઉપયોગ કરો.











- **યાદ રાખો :**

મુદ્રણયંત્ર (પ્રિન્ટિંગ મશીન) દ્વારા કાઢવામાં આવતી અનેક પ્રિન્ટો એકસરખી હોય છે. જ્યારે **'તરંગ મુદ્રા'** પદ્ધતિ તેનાથી જુદી છે. આ પદ્ધતિમાં દરેક પ્રિન્ટ જુદી હોય છે.

- **ચાલો, કરીએ :**

૧) તમને ગમતા કોઈપણ ફળનો તેના પાન સાથે બાહ્ય આકાર (આઉટલાઇન) દોરો.
૨) ફળમાં સ્ટિપલિંગ તકનીકનો ઉપયોગ કરીને ટપકાં કરો.
૩) પાન માટે મુદ્રણ તકનીક અથવા કોલાજ તકનીકનો ઉપયોગ કરો.

- ચિત્રમાં સૌંદર્ય સર્જવા માટે વિવિધ તકનીકોના કલ્પનાશક્તિપૂર્વક ઉપયોગ અંગે માર્ગદર્શન પૂરું પાડવું.
- ઉપલબ્ધ સાહિત્યનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ પાસે ચિત્રો તૈયાર કરાવવા.
- વિદ્યાર્થીઓને આસપાસના પરિસરમાંથી વિવિધ પોત શોધવા કહેવું.
- છાપ ઉપસાવતા સમયે, રંગનું યોગ્ય પ્રમાણ કેવી રીતે રાખવું તે પ્રત્યક્ષ કરી બતાવવું
- સ્ટિપલિંગ તકનીકમાં ટપકાં કરતી વખતે ઉતાવળ ન કરવા, ધીરજથી ટપકાં કરવા કહેવું

CG - 3
C-3.1
LO-06AE13

## સ્વાધ્યાય

૧) તમારા આસપાસના પરિસરનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરો અને જેમાં પુનરાવૃત્તિ જોવા મળે એવા કોઈપણ પાંચ ઘટકોનાં નામ લખો.

૨) વિવિધ રંગછટા ધરાવતા નૈસર્ગિક ઘટકો શોધો અને તેમના નામોની યાદી તૈયાર કરો.

૩) મુદ્રા તકનીક, કોલાજ તકનીક અને સ્ટિપલિંગ તકનીક માટે તમારા પરિસરમાં ઉપલબ્ધ સાધનની યાદી તૈયાર કરો.

૪) તરંગ મુદ્રા કરેલા કાગળમાંથી શુભેચ્છા કાર્ડ (ભેટકાર્ડ) તૈયાર કરો.

૫) કાગળના ગ્લાસ પર તરંગ મુદ્રા કરીને તેની સુંદર સજાવટ કરો.

૬) ભૌમિતિક આકારોનો ઉપયોગ કરીને સંકલ્પચિત્ર તૈયાર કરી, તેમાં વિવિધ રંગછટાઓનો ઉપયોગ કરીને રંગ પૂરો.

# ૪ મારા અક્ષરો

અક્ષરોને સુંદર, કલાત્મક અને આકર્ષક રીતે લખવાની કળાને **અક્ષરલેખન** (Calligraphy) કહેવામાં આવે છે. વિવિધ સાધનોનો ઉપયોગ કરીને અક્ષરો કેવી રીતે લખાય તે આપણે શીખીશું. માત્ર કાગળ પર જ નહીં, પરંતુ સંગણક પર પણ વિવિધ પ્રકારના **ફોન્ટનો** ઉપયોગ કેવી રીતે કરવો તેનો અભ્યાસ કરીશું.

સંગણક પર માત્ર એક ક્લિકથી અક્ષરોનું કદ, જાડાઈ અને રંગ બદલી શકાય છે. તેથી જાહેરાત, વર્તમાનપત્ર અને પુસ્તકો વધુ સુંદર અને આકર્ષક દેખાય છે. આપણી આસપાસ જોવા મળતા વિવિધ પ્રકારના અક્ષરોનું સૌંદર્ય સમજીએ અને પોતાની કલ્પનાશક્તિથી પેન્સિલ, બ્રશ તેમજ વિવિધ તકનીકનો ઉપયોગ કરીને અસરકારક અક્ષરલેખન કરીએ.




- **ચાલો, જાણીએ :**
  અક્ષરલેખન માટે વિવિધ સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. જેને **'માધ્યમ'** કહેવામાં આવે છે. અક્ષર-લેખન આકર્ષક બને તે માટે યોગ્ય સાધનની પસંદગી ખૂબ જ મહત્વપૂર્ણ છે.

- **માધ્યમો :**
  અક્ષરલેખન માટે પેન્સિલ, પેન, સ્કેચ પેન, રંગીન પેન્સિલ, માર્કર પેન, ઓઇલ પેસ્ટલ, સંગણક (ફોન્ટ) જેવા સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| **વાંસની કલમ** (Bamboo Pen)  | **કટ નિબ પેન** (Cut Nib Pen)  | **જાડી સ્કેચ પેન** (Bold Sketch Pen)  |
| कला | कला | कला |
| **રંગીન ચોક** (Colored Chalk)  | **સપાટ બ્રશ** (Flat Brush)  | **સ્કેચ પેન** (Sketch Pen)  |
| कला | कला | कला |

- **શું તમે જાણો છો?**

**આપણી લિપિનો વારસો**

દેવનાગરી લિપિ : આજે આપણે મરાઠી, હિન્દી, સંસ્કૃત, કોંકણી વગેરે ભાષાઓ લખવા માટે જે લિપિનો ઉપયોગ કરીએ છીએ, તેને **દેવનાગરી લિપિ** કહેવામાં આવે છે. આ લિપિમાં દરેક અક્ષર ઉપર એક આડી રેખા દોરવામાં આવે છે, જેને **શિરોરેખા** કહેવામાં આવે છે. દેવનાગરી લિપિને વૈજ્ઞાનિક દૃષ્ટિએ અત્યંત પરિપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે આ લિપિમાં જેમ બોલવામાં આવે છે તેમ જ લખવામાં આવે છે.

શ્રવણબેલગોળ ખાતે આવેલો દેવનાગરી (મરાઠી) લિપિનો શિલાલેખ.



- **ચાલો, કરીએ :**

ઝાડૂની સળી, વાંસની સળી જેવા તમારા પરિસરમાં ઉપલબ્ધ સાધનોના એક છેડાને કટર વડે ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે સપાટ બનાવી બોરુ (કલમ) તૈયાર કરો. આ બોરુને શાહી અથવા રંગમાં બોળીને 'જય હિંદ', 'જય મહારાષ્ટ્ર', 'ભારત માતા' જેવા શબ્દો તમારી નોટબુકમાં લખો.



- **ચાલો, ચર્ચા કરીએ :**

૧) ઉપરની રીતે લેખન કરતા તમને કેવો અનુભવ થયો?
૨) જાડા અને પાતળા અક્ષરો કેવી રીતે લખાય છે, તેના વિશે તમારા મિત્રો સાથે ચર્ચા કરો.
૩) બોરુ વડે લખતી વખતે અને આધુનિક પેન વડે લખતી વખતે તમને શો તફાવત અનુભવાયો?
૪) પ્રાચીન સમયમાં અક્ષરલેખન માટે કયા નૈસર્ગિક સાધનોનો ઉપયોગ કરવામાં આવતો હતો?

- **ધ્યાનમાં રાખો :**
  - **શિલાલેખ** – પથ્થર પર કોતરેલા લેખનને 'શિલાલેખ' કહેવામાં આવે છે.
  - **તામ્રપત્ર** – તાંબાના પતરા પર કોતરેલા લેખનને 'તામ્રપત્ર' કહેવામાં આવે છે.
  - **ભોજપત્ર** – પ્રાચીન સમયમાં કાગળ ઉપલબ્ધ ન હોવાથી 'ભોજપત્ર' (વૃક્ષની છાલ) પર લેખન કરવામાં આવતું હતું.

- **શું તમે જાણો છો?**



- પક્ષીના પીંછાની કલમને કારણે અક્ષરોને વિશિષ્ટ વળાંક તેમજ જાડા-પાતળા આકાર આપવાની કળાનો વિકાસ થયો. તેમાંથી આગળ જઈને આધુનિક સુલેખન (કૅલિગ્રાફી)નો જન્મ થયો.
- નામને અનુરૂપ અર્થસભર અક્ષરલેખન કરી શકાય છે.
- અક્ષરો દ્વારા ચિત્રોનું સર્જન પણ કરી શકાય છે.

- **ચાલો, કરીએ : ફલકલેખન –**

૧) શાળાના ફલક પર રંગીન ચોક વડે ફલકલેખન કરો.
૨) ફલક પર નાના-મોટા અને વળાંકદાર અક્ષરો લખો.
૩) સમૂહમાં મળીને નકશીકામ કરીને ફલકને આકર્ષક રીતે સજાવો.
૪) ફલકલેખન કરતી વખતે તમને શું નવું શીખવા મળ્યું તે ટૂંકમાં લખો.



## ડિજિટલ અક્ષરરચના (Digital Typography) :

આજના સમયમાં આપણે માત્ર હાથેથી જ લખતા નથી, પરંતુ સંગણક, મોબાઇલ અને ટેબ્લેટની મદદથી પણ લખીએ છીએ. સંગણક પર અક્ષરો ટાઇપ કરીને તેમને સુંદર અને આકર્ષક સ્વરૂપ આપવાની પ્રક્રિયાને **'ડિજિટલ અક્ષરરચના'** કહેવામાં આવે છે. સંગણક પર અક્ષરો જે વિશિષ્ટ શૈલીમાં દેખાય છે તેને **ફૉન્ટ** (Font) કહેવામાં આવે છે.

જાહેરાતના ફલક(Hoardings) પર જોવા મળતી આકર્ષક અક્ષરરચના, તે જાહેરાતના વિષયને અનુરૂપ તૈયાર કરવામાં આવે છે. તેવી જ રીતે, કોઈ ફિલ્મના પોસ્ટર પરના અક્ષરો ખૂબ જ આકર્ષક અને અલગ શૈલીમાં લખાયેલા હોય છે. અક્ષરોની કલાત્મક રચનાને કારણે લખાણ વધુ અસરકારક અને આકર્ષક બને છે.

- વિદ્યાર્થીઓને અક્ષરના કદ, અક્ષરો વચ્ચેનું યોગ્ય અંતર અને અક્ષરોની યોગ્ય માંડણી અંગે માર્ગદર્શન આપવું.

CG – 3
C–3.1
LO–06AE14

- **ડિજિટલ નામ બનાવીએ :**

સંગણક પર કોઈપણ એપમાં પોતાનું નામ દેવનાગરી અથવા રોમન લિપિમાં ટાઈપ કરો. વિવિધ ફોન્ટનો ઉપયોગ કરીને અક્ષર બદલી જુઓ. પોતાના નામના અક્ષરો જુદીજુદી શૈલીમાં તૈયાર કરીને તેની વિવિધતાનો અનુભવ કરો.




(• અક્ષરલેખન સંબંધિત વધુ માહિતી મેળવવા માટે પ્રથમ પૃષ્ઠ પર આપેલો ક્યૂ.આર. કોડ સ્કેન કરવો.)

- **ધ્યાનમાં રાખો :**
  - સ્માર્ટબોર્ડ પર પણ આવા સુંદર અક્ષરો વિવિધ રંગ અને કદમાં લખી શકાય છે.
  - સંગણકની જેમ મોબાઇલમાં પણ અનેક પ્રકારનાં સાધનો ઉપલબ્ધ હોય છે. આ ટૂલ્સની મદદથી અક્ષરલેખનનો મહાવરો કરી શકાય છે.

- **શું તમે જાણો છો?**
- **સુલેખનકાર : પદ્મશ્રી અચ્યુત રામચંદ્ર પાલવ**

અચ્યુત રામચંદ્ર પાલવ પ્રસિદ્ધ સુલેખનકાર છે. તેમનો જન્મ ૨૭ જાન્યુઆરી, ૧૯૬૦ના રોજ મહારાષ્ટ્રના મુંબઈ શહેરમાં થયો હતો. તેમણે દેવનાગરી અને મોડી લિપિના અક્ષરોને નવી ઊંચાઈ સુધી પહોંચાડ્યા છે. તેમણે મુંબઈની સર જ. જી. પ્રયોજિત કલા મહાવિદ્યાલયમાંથી શિક્ષણ પૂર્ણ કર્યું. તેમણે અક્ષરોના બાહ્ય આકારથી



આગળ વધીને તેમાં રહેલા સૌંદર્યને શોધવાનું શરૂ કર્યું. અક્ષરોને માત્ર લખવાનું સાધન ન માનતાં, તેમણે તેમને જીવંત કલાકૃતિ તરીકે દુનિયા સમક્ષ રજૂ કર્યા. તેમની કલમમાંથી સર્જાયેલા અક્ષરો ક્યારેક કોઈ ચિત્ર જેવા લાગે છે, તો ક્યારેક તેમાં લયબદ્ધ કવિતા સાકાર થતી હોય તેવું જણાય છે. અક્ષરોની આ સફરમાં તેમણે પરંપરાગત તેમજ આધુનિક સાધનોનો ઉપયોગ કરીને સુલેખન કર્યું છે. કાગળ ઉપરાંત કાપડ, દીવાલ અને કેનવાસ જેવા વિવિધ માધ્યમો પર તેમણે અક્ષરોના અસંખ્ય પ્રયોગો કર્યા છે. તેમણે વિશ્વભરમાં ભારતીય લિપિઓના સુલેખનની અનેક કાર્યશાળાઓ યોજી છે. આ કળાને નવી પેઢી સુધી પહોંચાડવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય તેમણે કર્યું છે. આ કાર્યની નોંધ લઈને ભારત સરકારે વર્ષ ૨૦૨૫માં તેમને પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કર્યા છે.




## સ્વાધ્યાય

૧) ઉપલબ્ધ લેખન સાધનોની મદદથી તમારું પોતાનું નામ વિશિષ્ટ રીતે લખો.
૨) સંગણક પરના કોઈ એક 'ફૉન્ટ'નો આધાર લઈને અક્ષરોને આધુનિક સ્વરૂપ આપો.
૩) હાથેથી કરેલા અક્ષરલેખન અને સંગણક પરના અક્ષરલેખન વચ્ચેનો તફાવત જણાવો.
૪) વર્તમાનપત્રો, જાહેરાતપત્રો અથવા સામયિકોમાં આપેલા અક્ષરોનું અવલોકન કરો અને તેમાં જોવા મળતા વિવિધ પ્રકારના અક્ષરો તથા શબ્દોને કાપીને તમારી નોટબુકમાં ચોંટાડો.

- બે લીટીવાળી નોટબુક, આલેખ કાગળ, ફલકલેખન અને ડિજિટલ સાધનોનો ઉપયોગ કરીને અક્ષરલેખનનો નિયમિત મહાવરો કરવા વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા.
- વિદ્યાર્થીઓના પ્રયત્નો અને કલ્પનાઓની પ્રશંસા કરી તેમને પ્રોત્સાહિત કરવા.

CG – 3
C–3.1
LO–06AE15

# ૫ ત્રિપરિમાણીય સર્જન

દશ્યકલા એટલે માત્ર કાગળ પર ચિત્ર દોરવું જ નહીં, પરંતુ સુંદર વસ્તુઓનું સર્જન કરવું પણ એક કલા છે. હવે આપણે માટીમાંથી વિવિધ આકારો બનાવતા શીખીશું. તેમજ નકામા કાગળ અને કાગળના માવામાંથી સુંદર વસ્તુઓ બનાવીશું.

આપણે માટીના માધ્યમથી વિવિધ ભૌમિતિક ઘનાકારોની રચના કરતા શીખીશું. તેમજ કાગળના ગોળા અને કાગળના માવા (Paper Pulp)નો ઉપયોગ કરીને આકર્ષક ત્રિપરિમાણીય કલાકૃતિઓનું સર્જન કરીશું.

કલાનો આ પ્રવાસ માત્ર વ્યક્તિગત નથી, પરંતુ સમૂહમાં સાથે મળીને 'કોલાજ' બનાવતી વખતે સહકારની ભાવનાનો પણ અનુભવ કરીશું. નિસર્ગમાં ઉપલબ્ધ પર્યાવરણપૂરક વસ્તુઓનો કલ્પનાશક્તિપૂર્વક ઉપયોગ કરીને આપણી આસપાસના પરિસરની સુંદર સજાવટ કેવી રીતે કરી શકાય તેનો પ્રત્યક્ષ મહાવરો પણ કરીશું.

- **માટીના વિવિધ પ્રકારો અને તેમની વિશેષતાઓ :**

માટીકામ માટે નિસર્ગમાં વિવિધ પ્રકારની માટી ઉપલબ્ધ હોય છે. પરંતુ કામના સ્વરૂપ અને માટીના ગુણધર્મોને ધ્યાનમાં રાખીને જ યોગ્ય માટીની પસંદગી કરવી જરૂરી છે.

**૧) પરિસરમાં મળતી માટી :** આ માટી નાળા, નદીના કિનારે તેમજ ખેતર અને બગીચામાં સરળતાથી મળે છે. આ માટીમાંથી વિવિધ વસ્તુઓ બનાવી શકાય છે. જોકે તેમાં તિરાડ પડવાની શક્યતા રહે છે. તેથી આ માટીમાં છાણ, કપાસ અથવા ભૂસું ભેળવીને શિલ્પ બનાવવામાં આવે તો તેમાં તિરાડો ઓછી પડે છે.









**૨) ચીકણી માટી (ટેરાકોટા) :** આ માટી મુખ્યત્વે લાલ રંગની અને ખૂબ જ લવચીક હોય છે. મોટા કદના ઘનાકાર, શંકુ અથવા માટીના શિલ્પો બનાવવા માટે મુખ્યત્વે આ માટીનો ઉપયોગ થાય છે.

**૩) શાડૂ માટી :** આ માટી ખૂબ જ ચીકણી હોય છે. તેનો ફરી ફરી ઉપયોગ કરી શકાય છે. આ માટી પાણીમાં સહેલાઈથી ઓગળી જાય છે. તેનો રંગ રાખોડી (ગ્રે) હોય છે.





**૪) પ્લૅસ્ટિસિન ક્લે :** આ કૃત્રિમ માટી છે. આ માટીનો વારંવાર ઉપયોગ કરી શકાય છે. તે વિવિધ રંગોમાં ઉપલબ્ધ છે.





**દ્વિપરિમાણીય (Two Dimensional 2 D) આકાર**

જે આકારોને માત્ર લંબાઈ અને પહોળાઈ હોય છે, તેમને **'દ્વિપરિમાણીય આકાર'** કહેવામાં આવે છે. આવા આકારો સંપૂર્ણપણે સપાટ હોય છે. જેમ કે, કાગળ પર દોરેલું ચિત્ર, ચોરસ, લંબચોરસ, વર્તુળ, ત્રિકોણ વગેરે.



ચોરસ



વર્તુળ



લંબચોરસ



ત્રિકોણ

**ત્રિપરિમાણીય (Three Dimensional 3 D) આકાર**

જે આકારોને લંબાઈ, પહોળાઈ ઉપરાંત જાડાઈ અથવા ઊંચાઈ (ઊંડાઈ) પણ હોય છે, તેમને **ત્રિપરિમાણીય આકાર** અથવા **ઘનાકૃતિ** કહેવામાં આવે છે. જેમ કે, ઘન (Cube), ગોળા (Sphere), નળાકાર (Cylinder), શંકુ (Cone)



ચોરસાકૃતિ ઘન



ગોળો



નળાકાર



શંકુ

- **ચાલો, પર્યાવરણપૂરક કોલાજ બનાવીએ :**

તમારા પરિસરમાં ઉપલબ્ધ નકામા અથવા પર્યાવરણપૂરક સાહિત્યમાંથી કોઈ એક ત્રિપરિમાણીય વસ્તુ બનાવો. જેમ કે, નાળિયેરની કાચલીમાંથી વાટકી, ખોખાંમાંથી બચતપેટી (પિગી બેંક) વગેરે. બનાવેલી વસ્તુને શીંગના ફોતરા, કાગળના ગોળા જેવી વસ્તુનો ઉપયોગ કરીને કોલાજ દ્વારા સુંદર રીતે શણગારો. (આ પ્રવૃત્તિ વ્યક્તિગત અથવા સમૂહમાં કરી શકાય.)

- દ્વિપરિમાણીય અને ત્રિપરિમાણીય આકારો વચ્ચેનો તફાવત સમજાવો.
- વિવિધ પ્રકારની માટીનો પરિચય કરાવો.
- ઉપલબ્ધ માટીમાંથી ઘનાકૃતિઓ બનાવડાવો.

CG – 3
C–3.2
LO–06AE17







- **ધ્યાનમાં રાખો :**

આસપાસના પરિસરમાં વિવિધ પ્રકારની નૈસર્ગિક, માનવનિર્મિત અને પર્યાવરણપૂરક વસ્તુઓ ઉપલબ્ધ હોય છે. (જેમ કે, પથ્થર, શંખ, છીપલાં, કાગળના ખોખાં વગેરે) આવી વસ્તુઓનો કલ્પનાશક્તિ અને સૌંદર્યદષ્ટિપૂર્વક ઉપયોગ કરીને આકર્ષક 'કોલાજ કાર્ય' કરી શકાય છે.

- **પેપર ક્વિલિંગ (Paper Quilling) :**

કાગળની પાતળી અને સાંકડી પટ્ટીઓને ગોળ વીંટીને વિવિધ પ્રકારની નકશી અને ડિઝાઇન બનાવવાની કલાને 'પેપર ક્વિલિંગ' કહેવામાં આવે છે. આ પદ્ધતિથી સુશોભનની સુંદર વસ્તુઓ અને કલાત્મક કૃતિઓ બનાવી શકાય છે.



- **કાગળનો માવો (Paper Pulp) બનાવવાની રીત :**

વિવિધ નાટકો, નૃત્યો તેમજ કાર્યક્રમોમાં જુદા જુદા પ્રકારના મહોરાં (Masks) નો ઉપયોગ કરવામાં આવે છે. આ મહોરાં નકામા કાગળ અથવા કાગળના માવામાંથી બનાવી શકાય છે. મહોરાં બનાવવા માટે ઉપયોગી કાગળનો માવો નીચે મુજબ તૈયાર કરી શકાય છે.

**કૃતિ :**

૧) નકામા કાગળના નાના-નાના ટુકડા કરી તેમને એક ડોલમાં ઓછામાં ઓછા એક દિવસ સુધી પાણીમાં પલાળી રાખો.
૨) બીજા દિવસે પલળેલા કાગળના ટુકડાઓને હાથેથી સારી રીતે મસળી એકરસ કરો.
૩) તૈયાર થયેલો કાગળનો માવો (Pulp) સુતરાઉ કપડામાં ભરી તેને સારી રીતે નિચોવી વધારાનું પાણી કાઢી લો.
૪) હવે આ માવામાં થોડો ગુંદર, મેથીનો ભૂકો ઉમેરો. તેથી માવામાં ચીકાશ આવે છે અને સૂકાઈ ગયા પછી કૃતિ વધુ મજબૂત અને ટકાઉ બને છે. તેમાં થોડો ચોકનો ભૂકો ઉમેરવાથી માવો વધુ સુંવાળો બને છે. આ રીતે તૈયાર કરેલા કાગળના માવાનો ઉપયોગ વિવિધ પ્રકારની વસ્તુઓ, રમકડાં અને મહોરાં બનાવવા માટે કરી શકાય છે.













- **યાદ રાખો :**
  - કાગળનો માવો તૈયાર કરતી વખતે તેમાં થોડો મેથીનો ભૂકો ઉમેરવાથી તેમાં જીવાત અથવા ફૂગ થતી નથી.
  - જો માવાનો તરત ઉપયોગ કરવાનો ન હોય, તો તેને થેલીમાં સારી રીતે બાંધી ઠંડી જગ્યાએ રાખવો.
  - માવામાંથી બનાવેલી વસ્તુ સંપૂર્ણપણે સૂકાઈ જાય પછી જ તેના પર રંગકામ કરવું.

- વિદ્યાર્થીઓને સ્વનિર્માણની તક આપવી.
- ચોકસાઈ કરતાં સર્જનાત્મકતાને વધુ પ્રોત્સાહન આપવું
- પ્રમાણ અને કદ તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન દોરવું.

CG – 3
C–3.2
06AE18

## મહોરું બનાવવું :

૧) સૌપ્રથમ એક મોટો ફુગ્ગો લો. નકામા કાગળની પટ્ટીઓને પાણીમાં પલાળી, ફુગ્ગાના બહારના અડધા ભાગ પર પ્રથમ થર સારી રીતે ચોંટાડો.
૨) ત્યારબાદ કાગળની પટ્ટીઓના થર પર કાગળનો માવો લગાવી મહોરાનો આકાર તૈયાર કરો.
૩) તૈયાર થયેલા મહોરાને તડકામાં સંપૂર્ણપણે સૂકાઈ જવા દો. ત્યાર પછી ફુગ્ગો કાઢી લો.
૪) મહોરા પર રંગ વડે અથવા કાપીને આંખ બનાવો.
૫) મહોરાને રંગ કરીને તેના પર નાક, ભ્રમર, હોઠ વગેરે દોરી તેને આકર્ષક બનાવો.
૬) પરિસરમાં ઉપલબ્ધ પર્યાવરણપૂરક સાહિત્યનો કુશળતાપૂર્વક ઉપયોગ કરીને મહોરાને વધુ સુંદર બનાવો. જેમ કે, દાઢી બનાવવા માટે નાળિયેરના રેસા, અલંકાર માટે બીજ, શંખ, છીપલાં વગેરેનો ઉપયોગ કરી શકાય. આ રીતે તૈયાર કરેલા મહોરાઓનો ઉપયોગ નાટક, નૃત્ય વગેરેની રજૂઆતોમાં કરી શકાય છે.













- **યાદ રાખો :**
  - કલામાં મહોરાનો ઉપયોગ માત્ર ચહેરો ઢાંકવા માટે જ થતો નથી, પરંતુ તે નાટક અને નૃત્યમાં પાત્રના વ્યક્તિત્વને અસરકારક રીતે પ્રેક્ષકો સુધી પહોંચાડવાનું એક સશક્ત માધ્યમ છે.

(કાગળના માવામાંથી મહોરું બનાવવાની માર્ગદર્શક પ્રવૃત્તિ જાણવા માટે પ્રથમ પાનાં પર આપેલો ક્યૂ.આર. કોડ સ્કેન કરો.)

- કાગળનો માવો બનાવવાની પ્રક્રિયા વિદ્યાર્થીઓને સમજાવવી અને તેમાંથી મહોરું કેવી રીતે બનાવવું તેનું માર્ગદર્શન આપવું.
- દરેક વિદ્યાર્થીના પ્રયત્નોની પ્રશંસા કરીને તેમનો આત્મવિશ્વાસ વધારવો.

CG – 3
C–3.2
06AE18

## સ્વાધ્યાય

૧) તમારા પરિસરમાં ઉપલબ્ધ માટીમાંથી તમને ગમતો ત્રિપરિમાણીય ઘનાકાર બનાવો.
૨) તમે બનાવેલી માટીની કૃતિ વર્ગમાં રજૂ કરો અને તે બનાવતી વખતે થયેલા તમારા અનુભવ વિશે ચર્ચા કરો.
૩) માટીકામ કરવા માટે તમને કઈ માટી વધુ યોગ્ય લાગી? કારણ લખો.
૪) તમારા મત મુજબ નૈસર્ગિક માટી અને કૃત્રિમ માટીના ઉપયોગથી પર્યાવરણ પર શું અસર થઈ શકે?
૫) મહોરાંનો ઉપયોગ કઈ કઈ કલાની પ્રસ્તુતિમાં થઈ શકે છે? લખો.
૬) તમારા પરિસરની નકામી અથવા પર્યાવરણપૂરક વસ્તુઓનો ઉપયોગ કરીને એક ત્રિપરિમાણીય કલાકૃતિ (3D Model) બનાવો. આ કલાકૃતિને શણગારવા માટે ‘કાગળનો માવો/કાગળના ગોળા’ તથા પરિસરની અન્ય વસ્તુઓનો ઉપયોગ કરીને ‘કોલાજ તંત્ર’નો ઉપયોગ કરો.

- **ક્ષેત્રમુલાકાત :**

સ્થાનિક પરિસરના માટીકામ વ્યવસાયની મુલાકાત લઈ માહિતી એકત્રિત કરી અને તમારી નોટબુકમાં લખો.
(ક્ષેત્રમુલાકાત અંગે વધુ માહિતી મેળવવા માટે પુસ્તકના પ્રથમ પૃષ્ઠ પર આપેલ ક્યૂ.આર.કોડ સ્કેન કરો.)

# ૬ પરિસરની દશ્યકળા

માનવજીવનને સમૃદ્ધ અને સુંદર બનાવવા માટે વિવિધ કલા, સંસ્કૃતિ અને પરંપરાનો ઉદ્‌ભવ થયો છે. આપણા પરિસરના સામાજિક અને સાંસ્કૃતિક વારસાને આપણે ચિત્રકલા, શિલ્પકલા અને હસ્તકલા જેવી વિવિધ દશ્યકળાઓના સ્વરૂપમાં જોઈ શકીએ છીએ. આ કલાઓ માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ તે તત્કાલીન જીવનશૈલી અને માનવીય મૂલ્યોનું સાચું દર્શન પણ કરાવે છે.

આ પરંપરાગત કલાઓ આજે પણ અનેક કલાકારો અને કારીગરોના પ્રયત્નોથી જીવંત છે. ઉપલબ્ધ સાધન-સામગ્રીનો કલ્પનાશીલ ઉપયોગ કરીને સર્જાયેલી આ લોકકળાઓ આપણી સંસ્કૃતિનો અભિન્ન ભાગ છે. આધુનિકતાના પ્રવાહમાં આ સમૃદ્ધ વારસાનું સંરક્ષણ કરવું અને કલાકારોને પ્રોત્સાહન આપવું એ સમયની જરૂરિયાત છે. ચાલો, આપણે પણ આપણા પરિસરનાના આ સાંસ્કૃતિક વૈભવને ઓળખીએ અને તેને જાળવી રાખવાનો પ્રયાસ કરીએ.



દશ્યકળા



કલા આધારિત વ્યવસાયો

- **રંગોળી :**

રંગોળી આપણી સાંસ્કૃતિક પરંપરાની એક સુંદર દશ્યકલા છે. રંગોળી પૂરવાથી ઘરમાં અને પરિસરમાં પ્રસન્નતા પ્રસરે છે. રંગોળી પૂરવાની પરંપરા આજે પણ અવિરત ચાલુ છે. આખા દેશમાં વિવિધ પ્રકારની અને વિવિધ સામગ્રીથી રંગોળી પૂરવામાં આવે છે. જેમ કે, ટપકાંવાળી રંગોળી, મુક્તહસ્ત રંગોળી, ફૂલોની રંગોળી, પાણી પર બનાવાતી રંગોળી, સંસ્કાર ભારતી રંગોળી

- વિદ્યાર્થીઓને પ્રકલ્પનો હેતુ સ્પષ્ટ રીતે સમજાવવો અને યોગ્ય ઉદાહરણો દ્વારા માર્ગદર્શન આપવું.
- શક્ય હોય તો સ્થાનિક શિલ્પકૃતિના ચિત્રો અથવા લઘુ વીડિયો બતાવવા.

CG - 4
C-4.1
LO-06AE19

### ૧) ટપકાંવાળી રંગોળી :

નક્કી કરેલા અંતરે ટપકાં મૂકી, તેમને જોડીને ભૌમિતિક આકારો બનાવવામાં આવે છે. આ પ્રકારની રંગોળી ખૂબ જ સુંદર દેખાય છે.





### ૨) મુક્તહસ્ત રંગોળી :

આ રંગોળીમાં ટપકાંનો ઉપયોગ કર્યાં વિના, સીધી હાથેથી જ વિવિધ નકશીઓ દોરવામાં આવે છે.



### ૩) સંસ્કાર ભારતી રંગોળી :

આ રંગોળી હાથની પાંચેય આંગળીઓનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. તેમાં મોટા આકારો અને બારીક નકશીઓ હોય છે. મુખ્યત્વે તહેવારો અને પ્રસંગોમાં આ રંગોળી બનાવવામાં આવે છે.



### ૪) ફૂલોની રંગોળી :

વિવિધ પ્રકારના ફૂલ, ફૂલોની પાંખડીઓ અને પાનનો ઉપયોગ કરીને આ રંગોળી બનાવવામાં આવે છે.



### ૫) પાણી પરની રંગોળી :

થાળીમાં પાણી ભરી તેમાં કોલસાનો ભૂકો અથવા તેલ નાંખીને પાણીની સપાટી પર તરતી રંગોળી બનાવવામાં આવે છે.



### ૬) અનાજ/બીજની રંગોળી :

વિવિધ રંગોની દાળ, અનાજ અને બીજનો ઉપયોગ કરીને આ રંગોળી બનાવવામાં આવે છે.



### ૭) ત્રિપરિમાણીય રંગોળી (3D) :

વિવિધ રંગીન કાગળનો ઉપયોગ કરીને જીવંત લાગે તેવી અને ઉઠાવદાર ધરાવતી રંગોળી બનાવવામાં આવે છે.

* **શું તમે જાણો છો?**

**વિવિધ રાજ્યોમાં રંગોળીને જુદા જુદા નામોથી ઓળખાય છે.**

| | | |
|---|---|---|
| મહારાષ્ટ્ર – રંગોળી | રાજસ્થાન – માંડણા | મધ્ય પ્રદેશ – ચોકપૂરણા |
| બિહાર – અરિપન | તમિલનાડુ – કોલમ | ઉત્તર પ્રદેશ – સોન રાખના |
| હિમાચલ – લિખનૂ | બુંદેલખંડ – કોહબર | ઓડિશા – ચીતઆ |
| ગુજરાત – સાતિયા | કર્ણાટક – ચિત્રા રંગોળી | આંધ્ર પ્રદેશ – મુગ્ગુ |

* **ધ્યાનમા રાખો :**

અગાઉના સમયમાં રંગોળી બનાવવા માટે ચોખાના લોટનો ઉપયોગ કરવામાં આવતો હતો, જેથી કીડીઓ અને પક્ષીઓને તે ખોરાક તરીકે મળી રહે. પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની આ એક રીત હતી.

* **લાકડાની શિલ્પકલા :**



સાતપુડા પર્વતમાળામાં વસતા કોરકૂ આદિવાસીઓની લાકડાની શિલ્પકલા આજે પણ સમૃદ્ધ છે. લાકડામાંથી બનાવેલા મહોરાંઓ નૈસર્ગિક રંગોથી રંગેલા હોય છે, જે સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્વ ધરાવે છે. આ મહોરાંઓ મુખ્યત્વે સાગવાન અથવા અન્ય સ્થાનિક લાકડામાંથી કોતરવામાં આવે છે. ત્યારબાદ તેમને નૈસર્ગિક રંગોથી રંગવામાં આવે છે. આ મહોરાંઓમાં માનવ અથવા પ્રાણીઓના ચહેરા દર્શાવવામાં આવે છે. આ હસ્તકલાનું કૌશલ્ય પેઢી દર પેઢી જળવાઈ રહ્યું છે. વિવિધ ઉત્સવોમાં આ મહોરાંઓ પરંપરાગત વેશભૂષાના એક મહત્વપૂર્ણ ભાગ તરીકે ઉપયોગમાં લેવાય છે. હાલમાં આ મહોરાંઓનો ઉપયોગ ઘરની સજાવટ માટે પણ થાય છે, જેના કારણે આદિવાસી કલાકારોને રોજગારની તકો પ્રાપ્ત થઈ રહી છે.

સિંધુદુર્ગ જિલ્લાના સાવંતવાડીમાં લાકડાંનાં રમકડાં અને વિવિધ ઉપયોગી વસ્તુઓ બનાવવાનો વ્યવસાય ઘણા વર્ષોથી ચાલી રહ્યો છે. આજે પરંપરાગત પદ્ધતિથી બનાવવામાં આવતા સાવંતવાડીના લાકડાંનાં રમકડાં સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ છે. હલકા લાકડાનો ઉપયોગ અને આકર્ષક રંગો આ રમકડાંની મુખ્ય વિશેષતા છે.



- **ધ્યાનમાં રાખો :**

આપણી આસપાસ માટીકામ કરનાર, વાંસમાંથી વસ્તુઓ બનાવનાર, ઘાસમાંથી વસ્તુઓ બનાવનાર તેમજ અન્ય પરંપરાગત વ્યવસાય દ્વારા કલાસર્જન કરનાર અનેક કલાકારો જોવા મળે છે. તેઓ એક અર્થમાં આપણી પરંપરાગત કલા અને કૌશલ્યનું જતન કરે છે. તેમની સાથે સંવાદ સાધીને અને તેમના કેટલાક કૌશલ્યો શીખવાનો પ્રયત્ન કરીને આપણે પણ આ પરંપરાઓના સંવર્ધનમાં સહભાગી બની શકીએ છીએ.

- **દશ્યકલાકૃતિનું અનુકરણ :**

આપણી આસપાસ ઘણા કલાકારો અથવા કલા સંબંધિત કારીગરો જોવા મળે છે. જેમ કે વાંસકામ કરનારા કારીગરો, લાકડાની વસ્તુઓ બનાવનારા કારીગરો વગેરે. આવા ઘણા વ્યવસાયો ખૂબ જ પ્રાચીન સમયથી ચાલ્યા આવે છે.

આવા કારીગરોના કામનું નિરીક્ષણ કરવાથી તેમની કાર્યકુશળતા સમજાય છે. ત્યારબાદ પોતાની કલ્પનાશક્તિનો ઉપયોગ કરીને તે કૌશલ્યનું અનુકરણ કરીએ તો આપણને પણ કલાસર્જનનો આનંદ મળે છે. આ પ્રક્રિયાથી આપણી નિરીક્ષણશક્તિ વિકસે છે તેમજ હસ્તકૌશલ્ય (Motor Skills) પણ વિકસે છે.



(કાગળની ચટાઈ)

- **કલા અને કલાકારો**

ચિત્રકલા, શિલ્પકલા, હસ્તકલા જેવા વિવિધ કલાપ્રકારોમાં અનેક કલાકારો કાર્યરત છે. તેમની પ્રતિભા અને કૌશલ્યના કારણે આપણી કલાપરંપરા વધુ સમૃદ્ધ બની છે.

ચાલો, આવા કેટલાક પ્રખ્યાત કલાકારોનો પરિચય મેળવીએ.

**વારલી ચિત્રકાર : જીવ્યા સોમા મશે**

જીવ્યા સોમા મશે મહારાષ્ટ્રના વારલી આદિવાસી સમાજના પ્રસિદ્ધ ચિત્રકાર હતા. તેમનો જન્મ ઈ.સ. ૧૯૩૪માં મહારાષ્ટ્રના પાલઘર ખાતે થયો હતો. તેમણે પરંપરાગત વારલી ચિત્રકલાને કાગળ અને કેનવાસ પર રજૂ કરીને આ લોકકલાને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે વિશેષ ઓળખ અપાવી. તેમના ચિત્રોમાં દૈનિક જીવન, ખેતી, તહેવારો, ઉત્સવો, લોકનૃત્ય અને પ્રકૃતિનું સુંદર ચિત્રણ જોવા મળે છે. તેઓ સીધી રેખાઓ તથા ત્રિકોણ, વર્તુળ અને ચોરસ જેવી ભૌમિતિક આકૃતિઓની મદદથી આકર્ષક ચિત્રો દોરતા હતા. તેમના અદ્વિતીય કાર્યને કારણે વારલી ચિત્રકલા માત્ર લોકકલા પૂરતી મર્યાદિત ન રહેતાં, આધુનિક ભારતીય કલામાં પણ તેને મહત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત થયું. તેમના અમૂલ્ય યોગદાન



બદલ તેમને વિવિધ પ્રતિષ્ઠિત પુરસ્કારો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. ભારત સરકાર દ્વારા પદ્મશ્રી પુરસ્કાર (૨૦૧૧), શિલ્પગુરુ પુરસ્કાર (૨૦૦૨), રાષ્ટ્રીય પુરસ્કાર (૧૯૭૬) તેમજ મહારાષ્ટ્ર સરકાર દ્વારા રાજ્ય હસ્તકલા પુરસ્કાર (૧૯૭૦) એનાયત કરવામાં આવ્યા હતા. તેમની કેટલીક કલાકૃતિઓ અહીં દર્શાવવામાં આવી છે.





- **ધ્યાનમાં રાખો :**
  - જીવ્યા સોમા મશેના મહત્ત્વપૂર્ણ યોગદાનને કારણે વારલી ચિત્રકલાનો પ્રચાર અને પ્રસાર દેશ-વિદેશમાં થયો અને આ લોકકલાના સંરક્ષણ તથા જતનમાં મહત્વપૂર્ણ મદદ મળી.

### શિલ્પકાર : પદ્મભૂષણ રામ વંજી સુતાર



રામ વંજી સુતાર ભારતના પ્રસિદ્ધ શિલ્પકાર છે. તેમનો જન્મ ૧૯ ફેબ્રુઆરી, ૧૯૨૫ના રોજ મહારાષ્ટ્રના ધૂળે જિલ્લામાં થયો હતો. તેમણે મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાંથી શિલ્પકલાનું શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. તેમણે ભારતના અનેક મહાન નેતાઓ અને ઐતિહાસિક મહાનુભવોની ભવ્ય પ્રતિમાઓનું સર્જન કર્યું છે. તેમના શિલ્પોમાં વાસ્તવિકતા, પ્રમાણબદ્ધતા અને ભવ્યતા સ્પષ્ટ જોવા મળે છે. તેમના કાર્યને કારણે ભારતીય શિલ્પકલાને દેશ-વિદેશમાં વિશેષ ઓળખ મળી છે. ગુજરાતમાં આવેલું સ્ટેચ્યુ ઑફ યુનિટી (Statue of unity) સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા તેમની વિશ્વવિખ્યાત શિલ્પકૃતિ છે.

શિલ્પકાર રામ વંજી સુતારને ભારત સરકાર દ્વારા પદ્મભૂષણ પુરસ્કાર (૨૦૧૬) અને પદ્મશ્રી પુરસ્કાર (૧૯૯૯) એનાયત કરવામાં આવ્યા છે. ઉપરાંત મહારાષ્ટ્ર સરકાર દ્વારા 'મહારાષ્ટ્ર ભૂષણ' નામના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર (૨૦૨૪)થી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમજ ૨૦૧૮માં તેમને 'ટાગોર સાંસ્કૃતિક સલોખા પુરસ્કાર', પણ એનાયત થયો હતો.



- **યાદ રાખો :**
  - રામ વંજી સુતારની શિલ્પકૃતિઓ ભારતના અનેક શહેરોમાં સ્થાપિત કરવામાં આવી છે. આ શિલ્પો ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિની યાદ અપાવે છે.
  - ગુજરાતમાં આવેલું 'સ્ટેચ્યુ ઑફ યુનિટી' સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી (૧૮૨ મીટર) પ્રતિમા છે.

## સ્વાધ્યાય

૧) રંગોળી બનાવવા માટે રાસાયણિક રંગોના બદલે પર્યાવરણસ્નેહી રંગોનો ઉપયોગ કરવાથી શું લાભ થાય છે?

૨) વાંસની પટ્ટીઓમાંથી ચટાઈ અથવા ટોપલી કેવી રીતે બનાવવામાં આવે છે તેનું નિરીક્ષણ કરો. ત્યારબાદ કાગળ અથવા કપડાની પટ્ટીઓ બનાવી તેની મદદથી એક ચટાઈ વણો.

૩) લાકડા પર કોતરકામ કેવી રીતે કરવામાં આવે છે તેનું નિરીક્ષણ કરો. ત્યારબાદ તમારી કલ્પના મુજબ ચૉક પર કોતરકામ કરવાનો પ્રયત્ન કરો.

- **માહિતી અહેવાલ :**

તમારા ગામ/પરિસરમાં વિસ્તારમાં વિવિધ પ્રકારની કલા અને કલાકારો જોવા મળે છે. (જેમ કે સ્થાનિક ચિત્રકલા, વણાટકામ, ધાતુકામ, વાંસકામ વગેરે.) આ કલાઓમાં સ્થાનિક સંસ્કૃતિ, પરંપરા, શૈલી અને કલાત્મક વિશેષતાઓ જોવા મળે છે. આમાંથી કોઈ એક કલા વિશે માહિતી એકત્રિત કરીને ટૂંકો માહિતી અહેવાલ (Report) તૈયાર કરો. શક્ય હોય તો તે કલાનું ચિત્ર દોરો અથવા તેનો નમૂનો તૈયાર કરો અને તે બનાવવાનો તમારો અનુભવ વર્ગમાં રજૂ કરો.

(માહિતી અહેવાલ વિશે વધુ માહિતી માટે પુસ્તકના પ્રથમ પૃષ્ઠ પર આપેલ ક્યૂ.આર.કોડ સ્કૅન કરો.)

- વિદ્યાર્થીઓને પરિસરમાં સરળતાથી ઉપલબ્ધ હોય તેવી ચિત્રકૃતિ/શિલ્પકૃતિ પસંદ કરવા માટે માર્ગદર્શન આપવું.
- માહિતી એકત્રિત કરવા માટે વિદ્યાર્થીઓને વિશ્વસનીય સ્ત્રોતો/વાલી, સ્થાનિક વ્યક્તિઓ/પુસ્તકો તથા ઇન્ટરનેટનો ઉપયોગ કરવા પ્રેરિત કરવા.
- જો આ પ્રવૃત્તિ જૂથ પ્રકલ્પ તરીકે કરવામાં આવે, તો દરેક વિદ્યાર્થીની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવી.

CG – 4
C–4.1/4.2
LO06AE 20/21

# રંગમંચ



# ૭ ચાલો, જોઈએ/વ્યક્ત થઈએ...

આપણા દૈનિક જીવનમાં આપણે દરરોજ વિવિધ અનુભવો કરીએ છીએ. વિવિધ પ્રસંગોનો સામનો કરીએ છીએ. આવા અનુભવો આપણે અન્ય લોકોને જેમના તેમ કહી સંભળાવીએ, તેને '**અનુભવ કથન**' કહેવામાં આવે છે.

હવે તમારા જેવા જ સંજુ નામના એક બાળક દ્વારા કરવામાં આવેલું અનુભવ કથન વાંચીએ.

**અનુભવ કથન**

શિક્ષિકા - અરે સંજુ, તું આજે અભ્યાસ કરીને કેમ નથી આવ્યો?

સંજુ - બહેન, કાલે શાળા છૂટ્યા પછી હું મારી મમ્મી સાથે બહાર ગયો હતો. તેથી હું અભ્યાસ કરી શક્યો નથી.

શિક્ષિકા - અરે, પણ બહાર જતાં પહેલાં અભ્યાસ પૂરો કરીને જવું જોઈએ ને!

સંજુ - બહેન, મમ્મીએ કહ્યું કે મોડું થઈ જશે તો દિંડી નીકળી જશે.

શિક્ષિકા - અચ્છા! એટલે તું દિંડી જોવા ગયો હતો?

સંજુ - હા બહેન, પરંતુ પાછા આવતાં મોડું થઈ ગયું. તેથી અભ્યાસ કરી શક્યો નહીં.

શિક્ષિકા - મને પણ એ જ આશ્ચર્ય થયું કે સંજુ તો રોજ અભ્યાસ કરીને આવે છે, આજે શું થયું? બહાર જવાનું હોય તો પહેલાં કહીને જવું અથવા અભ્યાસ પૂરો કરીને જવું.

સંજુ - હા બહેન, હવે પછી હું આવું નહીં કરું.

શિક્ષિકા - સંજુ, તે કાલે જે દિંડીનો પ્રસંગ જોયો, તે અમને કહી સંભળાવ.

સંજુ - હા બહેન, કહું છું. અમે દિંડી જોવા ગયા ત્યારે ત્યાં પહેલેથી જ ઘણી ભીડ હતી. મારી ઉંમરના ઘણા બાળકો પણ ત્યાં આવ્યા હતા. રસ્તાની બંને બાજુ લોકોની ભીડ હતી. કેટલાક લોકો તો ઝાડ પર ચઢીને દિંડી જોઈ રહ્યા હતા. કેટલાક વારકરીઓ ધ્વજ લઈને નાચતા હતા. કેટલાક વારકરીઓ મંજીરા વગાડતા ''જય હરિ વિઠ્ઠલ''નો ઘોષ કરતા હતા. બે-ત્રણ વારકરીઓ ઢોલકી વગાડતા હતા.

શિક્ષિકા - અરે સંજુ, એ વાદ્યને ઢોલકી ન કહેવાય. તેને પખવાજ અથવા મૃદંગ કહે છે.

સંજુ - હા બહેન. પછી અમે દિંડીના દર્શન કર્યા, પ્રસાદ લીધો અને ઘરે આવવા નીકળ્યા. પરંતુ આખા રસ્તે ''જય હરિ વિઠ્ઠલ, જય જય વિઠ્ઠલ'' ના સ્વર મારા કાનમાં ગૂંજતા રહ્યા. ઘરે પહોંચ્યા ત્યારે અંધારું થઈ ગયું હતું.

શિક્ષિકા - વાહ! ખૂબ સરસ. સંજુ, તે તારો અનુભવ ખૂબ જ સુંદર રીતે કહ્યો. જુઓ બાળકો, સંજુએ કાલે રોજિંદા જીવન કરતાં જુદો અનુભવ કર્યો અને તે સરળ શબ્દોમાં આપણને ખૂબ સારી રીતે સંભળાવ્યો. તમે પણ તમારા આવા સુંદર અનુભવો વર્ગમાં કહો, જેથી આપણે સૌ તે અનુભવો સાંભળી શકીએ.

- વિદ્યાર્થીઓને તેમના દૈનિક જીવનના વિવિધ અનુભવો તેમના મિત્રવર્તુળમાં અથવા વર્ગમાં કહેવા પ્રોત્સાહિત કરવા. વાચિક અભિનય, સહજતા, સભા સમક્ષ નિર્ભયતાથી બોલવાની ક્ષમતા અને સ્વાભાવિક અભિવ્યક્તિમાં સુધારો થાય તે માટે યોગ્ય તક આપવી.

CG -1
C- 1.1
LO-06AE22

## કથાનું અથવા પ્રસંગનું સંવાદલેખન

**નીચે એક પ્રસંગ આપ્યો છે. તેને ધ્યાનપૂર્વક વાંચીએ.**

**પ્રસંગ:**

પ્રતિક અને સૌરભ દરરોજ જે રસ્તે શાળાએ જતા, તે જ રસ્તા પર શામરાવની ફૂલ અને પુષ્પગુચ્છ વેચવાની દુકાન હતી. રસ્તામાં શામરાવ હંમેશાં તે બંનેની ખબરઅંતર પૂછતા. પરંતુ આજે પ્રતિક અને સૌરભ તેમની ફૂલની દુકાન પાસેથી શાળાએ જઈ રહ્યા હતા, ત્યારે શામરાવે બંને સાથે કંઈ વાત કરી નહીં. આ વાત સૌરભના ધ્યાનમાં આવી. તેને મનમાં પ્રશ્ન થયો, ''આજે કાકાને શું થયું હશે?'' બંનેએ શામકાકાને પૂછ્યું ત્યારે ખબર પડી કે શામરાવે એક ગ્રાહકને ત્રણ હજાર રૂપિયાના ફૂલો અને પુષ્પગુચ્છ વેચ્યા હતા. ગ્રાહકે ત્રણ હજાર રૂપિયા ઓનલાઈન મોકલ્યા હતા, પરંતુ શામરાવને તે મળ્યા નહોતા. તેથી શામરાવ ખૂબ ચિંતામાં હતા. તેમને લાગતું હતું કે કદાચ તેમની સાથે ત્રણ હજાર રૂપિયાની છેતરપિંડી થઈ હશે.

આ સાંભળીને પ્રતિક અને સૌરભે શામરાવને મદદ કરવાનો નિર્ણય કર્યો. સૌરભે શામરાવ પાસે તેમનો મોબાઇલ માંગ્યો. ત્યારે શામરાવે કહ્યું કે મોબાઇલ ચાર્જિંગમાં મૂક્યો છે. સૌરભે મોબાઇલ હાથમાં લીધો તો તેને ધ્યાનમાં આવ્યું કે બેટરી પૂરી થઈ જવાને કારણે મોબાઇલ સ્વિચ ઓફ થઈ ગયો હતો અને તેને ફરી ઓન કરવાનો રહી ગયો હતો. પ્રતિકે જે જે સ્કેનર પર પૈસા મોકલવામાં આવ્યા હતા, તે તપાસ્યું. તો તેના ધ્યાનમાં આવ્યું કે મશીનનું અવાજનું બટન બંધ હતું. બંનેએ ક્યૂ.આર.કોડ સ્કેનર અને મોબાઇલ ફરી ચાલુ કર્યા. મોબાઇલ ચાલુ થતાં જ પૈસા મળ્યાનો મેસેજ આવ્યો. સૌરભે તે સંદેશ શામરાવને બતાવ્યો. શામરાવના જીવને હાશ થઈ. તેમણે દિલથી બંનેનો આભાર માન્યો. સૌરભ અને પ્રતિક શાળાએ જવા નીકળ્યા. જતાં જતાં તેમણે કહ્યું, ''ફરી કોઈ મદદની જરૂર પડે તો જરૂર જણાવજો.''

ઉપરના પ્રસંગના આધારે સંવાદલેખન

(પ્રતિક અને સૌરભ બંને મિત્રો શાળાએ જઈ રહ્યા છે.)

સૌરભ - પ્રતિક, અરે! આજે તો આપણે શાળાએ વહેલા પહોંચી જઈશું.

પ્રતિક - હા જો! આજે તે તૈયાર થવામાં મોડું કર્યું નથી. એટલે આપણે સમયસર શાળાએ પહોંચી જઈશું.

સૌરભ - એવું છે? હું મોડું કરું છું? તારા આ ખોટા નિરીક્ષણ માટે શામકાકાની દુકાનમાંથી ફૂલ લઈને તારું સન્માન કરું છું જો!

પ્રતિક - જો, દુકાન આવી ગઈ. લે ફૂલ અને સત્કાર કર.

સૌરભ - અરે, ચૂપ રહે હવે. ચાલ આગળ. પણ પ્રતિક, તારા ધ્યાનમાં આવ્યું?

પ્રતિક - શું થયું?

સૌરભ - શાળાએ જઈએ ત્યારે શામકાકા દરરોજ આપણી સાથે વાત કરે છે. પરંતુ આજે દુકાનમાં કોઈ ગ્રાહક પણ નહોતો, છતાં તેમણે આપણી સાથે વાત કરી નહીં.

પ્રતિક - હા રે... લાગે છે કે તેઓ કોઈક વિચારમાં ડૂબેલા છે.

સૌરભ - ચાલ, આપણે તેમને પૂછીએ કે શું થયું છે?

- વિદ્યાર્થીઓ પાસે વિવિધ પ્રસંગોના આધારે સંવાદલેખન કરાવવું, તેમ જ રજૂ કરવાની તક આપવી.

CG -1/2
C- 1.1/2.1
LO-06AE 23/27

પ્રતિક - હા, ચાલ પૂછીએ.

સૌરભ - કાકા, શું થયું? આજે તો તમારું ધ્યાન નહોતું. તમે અમારી સાથે વાત પણ ન કરી.

શામરાવ - અરે બેટા, આજે મારું ધ્યાન ખરેખર તમારી તરફ જ નહોતું.

સૌરભ - કાકા, શું થયું? કોઈ ટેન્શન તો નથી ને?

પ્રતિક - અમે કોઈ મદદ કરી શકીએ?

શામરાવ - ના રે બેટા, ખાસ કંઈ થયું નથી.

પ્રતિક - એમ કેમ? અમે તો દરરોજ આ રસ્તેથી તમારી દુકાન આગળથી જઈએ છીએ. ત્યારે તમે રોજ જ પૂછો છો, ''બેટા, શાળાએ જાઓ છો?'' ''શાળા છૂટી ગઈ?'' તો આજે શું થયું?

શામરાવ - બેટા, હવે શું કહું તમને? હમણાં જ એક ગ્રાહકે ત્રણ હજાર રૂપિયાની ખરીદી કરી. પણ...

સૌરભ - પણ શું થયું કાકા?

શામરાવ - એ ગ્રાહકે તેના મોબાઇલમાંથી મને ઓનલાઈન પૈસા મોકલ્યા હતા...

સૌરભ - તો પછી શું સમસ્યા છે? પૈસા મોકલ્યા ને? તમને મળ્યા ને?

શામરાવ - પૈસા તો મોકલ્યા, પણ મને મળ્યા જ નહીં. ન તો મોબાઇલમાં સંદેશ આવ્યો, ન તો આ મશીનમાંથી અવાજ આવ્યો. કદાચ મારી સાથે છેતરપિંડી થઈ હશે એવું લાગે છે.

પ્રતિક - કાકા, તમે એ ગ્રાહકને ઓળખો છો?

શામરાવ - ના બેટા. હવે શું કરવું તે જ સમજાતું નથી.

સૌરભ - થોભો કાકા, તમારો મોબાઇલ જોવા દો તો.(શામરાવ સૌરભને મોબાઇલ આપે છે.) અરે કાકા! તમારો મોબાઇલ તો બંધ છે. કદાચ ચાર્જ પૂરો થઈ જવાથી બંધ થઈ ગયો. પછી ચાર્જમાં મૂક્યા બાદ તમે તેને ચાલુ કરવાનું ભૂલી ગયા હશો. તો પછી પૈસા મળ્યાનો સંદેશ કેવી રીતે આવે?

પ્રતિક - અને કાકા, આ ક્યૂ.આર.કોડ સ્કેનર મશીનનો અવાજ પણ બંધ છે. એટલે અવાજ કેવી રીતે સંભળાય? જુઓ, અહીં અવાજ ઓછો-વધુ કરવાનું બટન છે.

સૌરભ - જુઓ, મોબાઇલ ચાલુ કર્યો અને પૈસા મળ્યાનો સંદેશ આવી ગયો.

શામરાવ - બેટા, આ વૃદ્ધ માણસને આટલું બધું સમજાતું નથી. સારું થયું કે તમે બંનેએ મારી મદદ કરી. હવે પછી હું આ બધી બાબતોનું ધ્યાન રાખીશ. તમારો ખૂબ ખૂબ આભાર.

સૌરભ - અરે કાકા, આભાર શા માટે માનો છો? અમે એવું શું મોટું કામ કર્યું છે?

પ્રતિક - ચાલ સૌરભ, હવે શાળા શરૂ થઈ જશે.

સૌરભ - હા, ચાલો. આવજો કાકા.

શામરાવ - આભાર બેટા. શિક્ષકદિને મારા તરફથી તમારા શિક્ષકો માટે ફૂલ લઈ જજો. જેમણે તમારા જેવા સારા વિદ્યાર્થીઓ ઘડ્યા છે, તેમનો પણ આભાર માનવો જોઈએ.

- આ પ્રસંગના પાત્રોની પસંદગી કરીને યોગ્ય ઉચ્ચાર, અવાજના ચઢાવ-ઉતાર સહિત સંવાદનું વાચન કરો અને જૂથમાં રજૂ કરો.
- ઉપરોક્ત પ્રસંગ વાચિક અભિનય સાથે વર્ગમાં રજૂ કરાવવો. રજૂઆતનું નિરીક્ષણ કરવું અને અન્ય વિદ્યાર્થીઓ દ્વારા મળેલા સૂચનો અનુસાર જરૂરી ફેરફારો કરીને ફરી રજૂઆત કરાવવી.

CG -1
C- 1.1/1.2
LO-06AE24 /25

૨. નીચે આપેલા પ્રસંગના આધારે સંવાદ લખો.

ચોમાસાની ઋતુ હતી. સમીર ચિંતાતુર હતો, કારણ કે તેના ઘરની છતમાંથી પાણી ટપકવા લાગ્યું હતું. ઘરની મરામત કરાવવી જરૂરી હતી. પરંતુ કામ શરુ કરાવવામાં પૈસાની અડચણ હતી. સમીરનો ગાદલા બનાવવાનો વ્યવસાય હતો. ચોમાસા પછી તેના ધંધામાં તેજી આવે, ત્યારે તેને વધુ આવક થતી. પરંતુ ઘરની મરામત હાલ જ કરાવવી જરૂરી હતી. સમીરે પોતાની આ મુશ્કેલી પડોશમાં રહેતા રાજાભાઉને જણાવી. આ સાંભળીને રાજાભાઉએ તેને હિંમત આપી. તેમણે ગામના સુધીર કોળીને બોલાવવા માટે એક છોકરાને મોકલ્યો. એ દરમિયાન સામે સોનબા આવતો દેખાયો. તે સુથારનું કામ કરતો હતો. રાજાભાઉએ તેને બૂમ પાડીને બોલાવ્યો અને સમીરના ઘરના થાંભલાની મરામત વિશે જણાવ્યું. તેણે કામ કરવાની હા પાડી. પરંતુ પૈસાની સગવડ દિવાળીમાં થશે, ત્યાં સુધી પૈસા નહીં મળે, તે વાત રાજાભાઉએ તેને સમજાવી. એ જ સમયે ગામના સરપંચ પણ ત્યાં આવ્યા. તેમણે પણ સોનબાને કામ કરવા વિનંતી કરી. એટલીવારમાં સુધીર કોળી પણ ત્યાં આવી પહોંચ્યો. સૌએ મળીને તેને સમીરની પરિસ્થિતિ સમજાવી. તેણે પણ બે દિવસમાં છતના નળિયા બદલી આપવાનું વચન આપ્યું. સમીર ખૂબ ખુશ થયો. તેણે સૌનો આભાર માન્યો. સરપંચને પણ ગામના લોકો એકબીજાની મદદ કરે છે તે જોઈને ખૂબ આનંદ થયો. તેમણે સૌને હંમેશાં આવી જ એકતા જાળવી રાખીને એકબીજાની મદદ કરવાની સલાહ આપી. આમ કરવાથી ગામનું નામ ઉજ્જવળ બનશે, એમ પણ સમજાવ્યું. બધાએ તેમની વાતમાં સંમતિ વ્યક્ત કરી અને પછી સૌ પોતપોતાના ઘરે ગયા.

- ઉપરના પ્રસંગના આધારે નોટબુકમાં સંવાદલેખન કરી વર્ગમાં રજૂ કરો.

## સ્વાધ્યાય

- તમારી ભાષા અથવા ઇતિહાસના પાઠ્યપુસ્તકમાંથી કોઈપણ એક પ્રસંગ પસંદ કરી, તેના આધારે સંવાદલેખન કરી વર્ગમાં રજૂ કરો.

- ઉપરોક્ત પ્રસંગના પાત્રોની પસંદગી કરી જૂથમાં રજૂઆત કરાવવી.
- રજૂઆત દરમિયાન મળેલા સૂચનોના આધારે જરૂરી ફેરફારો સૂચવી ફરી રજૂઆત કરાવવી.

CG –1/2
C– 1.1/1.2 /2.1
LO06AE23/26 /27

# ૮ અભિનયની છટાઓ

આપણે અગાઉ વિવિધ પ્રસંગો પર આધારિત નાટક રજૂ કર્યું છે. જૂથના તમામ સભ્યોએ જુદીજુદી ભૂમિકા વહેંચી લઈને દરેકે જુદીજુદી ભૂમિકા ભજવી છે. ખરું ને? પરંતુ હવે કોઈ એક પ્રસંગની દરેક ભૂમિકા એક જ વ્યક્તિએ ભજવવાની છે. તે કેવી રીતે થશે? એવો પ્રશ્ન તમને થયો હશે! ચાલો, હવે આપણે તે કરીને જ જોઈએ.

## ૧) નાટ્યછટા

**❋ નીચે આપેલી નાટ્યછટા વાંચીએ અને 'નાટ્યછટા' કલાપ્રકાર વિશે માહિતી મેળવીએ.**

ચાલો, ભોજન કરી લીધું. તહેવારના દિવસે આવી મીઠાઈ અને સ્વાદિષ્ટ વાનગીઓ ખાવાની કેટલી મજા આવે છે! અને શાળામાં રજા હોય એટલે તો જાણે સોનામાં સુગંધ. હવે આવી બપોરે ભરપેટ જમ્યા પછી થોડા આડું પડીએ એટલે મજા જ મજા! શું કહો છો? અભ્યાસ નથી કરવાનો? અરે, અભ્યાસ તો કરવાનો જ છે. શાળાએ જઈએ એટલે અભ્યાસ તો કરવાનો હોય જ. પણ અત્યારે બહુ કંટાળો આવે છે. થોડી ઊંઘ લઈ લઉં, પછી અભ્યાસ કરવા બેસી જઈશ. અરે મમ્મી? શું થયું? મને કેમ બોલાવો છો? અંદર આવું એમ કહો છો? હવે અંદર શા માટે આવું? શું કહો છો? રસોડું ગોઠવવામાં થોડી મદદ કરું? પણ તમારી મદદ માટે તો દીદી છે ને! પછી હું શા માટે આવું? શું કહો છો? મારી પણ મદદ જોઈએ છે ? અરે, પણ રસોડાનું કામ હું શા માટે કરું? તમે અને દીદી છો ને! હું વચ્ચે શા માટે પડું? મારા કારણે તમારા કામમાં અડચણ જ પડશે. તેના કરતાં હું બીજું કોઈ કામ કરી લઉં. શું કહો છો? દીદી હોય કે હું, બંનેએ સમાન કામ કરવું જોઈએ? અરે, પણ તમારું સ્ત્રીઓનું કામ તમે કરો ને! હું મારું કામ કરી લઉં. શું કહ્યું દીદી? હું શું કામ કરું છું? હમણાં તો મારે લાયક કોઈ ખાસ કામ નથી, પણ થોડી વાર પછી કંઈક કામ મળી જશે. અને દીદી, તમે મારી ચિંતા ન કરો. શું કહ્યું? ઘરના કામમાં સ્ત્રી અને પુરુષના કામ અલગ હોય એવું કોણે કહ્યું? ચૂપચાપ આવીને કામ કર. મમ્મી, તમે દીદીને જરા સમજાવો ને! નહીં તો અમારી વચ્ચે ઝઘડો થશે. રહેવા દો, એના કરતા હું પપ્પાને જ કહું છું. પપ્પા... ઓ પપ્પા...! જુઓ ને, આ દીદી મને ક્યારની હેરાન કરે છે. શું પૂછો છો? શું થયું? મારે અત્યારે આરામ કરવો છે, પણ આ લોકો મને કામ કરવા કહે છે. શું કહો છો પપ્પા? એકબીજાના કામનો આદર કરવો જોઈએ અને એકબીજાને મદદ કરવી જોઈએ? પણ પપ્પા, તેમનું કામ તેઓ કરે ને! શું કહો છો? બધા કામ સમાન હોય છે. તેમાં સ્ત્રી-પુરુષનો ભેદભાવ કરવો જોઈએ નહીં. પણ પપ્પા, હું એમ કહું છું કે દીદી તો મમ્મીને રસોડામાં મદદ કરે છે ને! શું કહો છો? આજે દીદી છે, પણ કાલે તે મોટી થઈને લગ્ન કરીને પોતાના ઘરે જશે. પછી તો આપણે બંનેએ જ મમ્મીને મદદ કરવી પડશે! અરે હા! પપ્પા, તમે સાચું કહો છો. એટલે મને પણ આજથી જ ઘરના કામ કરવાની ટેવ પાડવી પડશે. આભાર પપ્પા! તમે મને સમયસર સાચી સમજ આપી. એ મમ્મી... હું આવ્યો હં! કહો, હજી શું શું કામ બાકી છે? જલ્દી કહો, હું હમણાં જ બધું કરી દઉં.

મિત્રો, તમને આ નાટ્યછટા કેવી લાગી?

- અવાજના યોગ્ય ચઢાવ-ઉતાર અને હાવભાવ સહિત નાટ્યછટાની રજૂઆત કરાવવી. જરૂરી સુધારા સૂચવી ફરી રજૂઆત કરાવવી.
- વિદ્યાર્થીઓને પોતે અનુભવેલા પ્રસંગના આધારે નાટ્યછટા લખવા માટે માર્ગદર્શન આપવું. ત્યારબાદ વિદ્યાર્થીઓ પાસેથી નાટ્યછટાનું મંચન કરાવવું.

CG -1
C- 2.1
LO-06AE28

ખરેખર તો નાટ્યછટા યાદ કરીને તેને યોગ્ય હાવભાવ સહિત મંચ પર રજૂ કરવાની હોય છે. પરંતુ તે પહેલાં નાટ્યછટા એટલે શું? તે સમજીએ. જેથી તેને રજૂ કરવી સરળ બનશે અને આપણે પણ નાટ્યછટા લખી શકીશું.

**નાટ્યછટા એટલે એક જ પાત્રએ ભજવેલી વિવિધ પાત્રોની ભૂમિકા.**

નાટ્યછટા એક વ્યક્તિ દ્વારા રજૂ કરાતો કલાપ્રકાર છે. તેમાં એક જ પાત્ર પ્રેક્ષકો સાથે વાત કરે છે, પરંતુ તેની આસપાસ બીજા પણ પાત્રો છે એવો આભાસ કરાવે છે. આગળ આપેલી નાટ્યછટા વાંચતાં તમને એવું લાગે છે કે તમારી જ વયનો એક છોકરો તમારી સાથે વાત કરી રહ્યો છે. છતાં તેની આસપાસ તેની મમ્મી, દીદી અને પપ્પા હાજર છે એવી અનુભૂતિ થાય છે. નાટ્યછટા રજૂ કરવા માટે નેપથ્ય, રંગભૂષા અથવા વેશભૂષા કરવી જ એવો આગ્રહ નથી. પરંતુ સૂચક રંગભૂષા અને વેશભૂષા કરી શકાય. નાટ્યછટા રજૂ કરવા માટે વિશેષ રંગમંચ કે નાટ્યગૃહની આવશ્યકતા નથી. આપણે આપણા વર્ગખંડમાં, સભાગૃહમાં અથવા શાળાના મંચ પર પણ નાટ્યછટા રજૂ કરી શકીએ છીએ. નાટ્યછટાનો વિષય પોતાના જ વયજૂથને અનુરૂપ પસંદ કરવો જોઈએ. તેથી તેનો અર્થ સમજવામાં અને અસરકારક રીતે રજૂ કરવામાં સરળતા રહે છે. નાટ્યછટાનો સમયગાળો લગભગ ૫થી ૭ મિનિટનો હોવો જોઈએ. જેથી સમવયસ્ક પ્રેક્ષકોને કંટાળો ન આવે અને તેઓ આનંદપૂર્વક તેનો આનંદ માણી શકે.

### ૨) મૂક અભિનયની ઓળખ

શબ્દોનો ઉપયોગ કર્યા વિના માત્ર ચહેરાના હાવભાવ, શરીરની હિલચાલ અને સંકેતના માધ્યમથી કોઈ કથા, પ્રસંગ અથવા ભાવનાઓ પ્રેક્ષકો સુધી પહોંચાડવાની કળાને મૂક અભિનય કહેવામાં આવે છે. અંગ્રેજીમાં તેને mime play કહેવામાં આવે છે. જેમાં કલાકાર સંપૂર્ણપણે **'મૌન'** રહે છે. આ કલાની કેટલીક મહત્વપૂર્ણ વિશેષતાઓ નીચે મુજબ છે:

- **શબ્દોનો ઉપયોગ ન કરવો** – મૂક અભિનયમાં સંવાદનો બિલકુલ ઉપયોગ કરવામાં આવતો નથી. કલાકારને જે કંઈ પણ કહેવું હોય તે પોતાની શારીરિક ભાષા (Body Language) દ્વારા જ વ્યક્ત કરે છે.
- **ચહેરાના હાવભાવનું મહત્વ** – આનંદ, દુઃખ, ગુસ્સો, ભય જેવી લાગણીઓ વ્યક્ત કરવા માટે આંખો અને ચહેરાના સ્નાયુઓનો અસરકારક ઉપયોગ કરવામાં આવે છે.
- **કાલ્પનિક વસ્તુઓનો ઉપયોગ** – મૂક અભિનયમાં કલાકાર પ્રત્યક્ષ ન હોય એવી વસ્તુઓ (જેમ કે,દરવાજો ખોલવો, પાણી પીવું, પતંગ ઉડાડવો) એટલી અસરકારક રીતે રજૂ કરે છે કે પ્રેક્ષકોને ખરેખર તે વસ્તુ ત્યાં છે એવો ભાસ થાય છે.
- **રંગભૂષા અને વેશભૂષા** – ઘણીવાર મૂક અભિનય કરનારા કલાકારો ચહેરા પર સફેદ રંગનો મેકઅપ (White face) કરે છે અને કાળા-સફેદ રંગના કપડાં પહેરે છે, જેથી તેમની હિલચાલ વધુ સ્પષ્ટ દેખાય. જો કે, પાત્રને અનુરૂપ વેશભૂષા પણ કરી શકાય છે.
- **ભાષાની મર્યાદા નથી રહેતી** – આ કલા માત્ર મનોરંજનનું સાધન નથી, પરંતુ સંવાદનું એક અસરકારક માધ્યમ પણ છે. જ્યારે ભાષાનો અવરોધ હોય ત્યારે મૂક અભિનય એકબીજાને જોડવાનું કામ કરે છે.

**શું તમે જાણો છો?**



**ચાર્લી ચૅપ્લિન** (Charlie Chaplin) ને મૂક અભિનય વિશ્વના મહાન કલાકાર માનવામાં આવે છે.

- કોઈ એક પ્રસંગ પસંદ કરીને તેના આધારે સંવાદરહિત રજૂઆત કરાવવી. ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરીને પાર્શ્વસંગીત ઉમેરવું.

### ૩) નવરસની સફર

નાટક જોતી વખતે પ્રેક્ષકોના મનમાં વિવિધ લાગણીઓ જન્મે છે. તે માટે નાટકના કલાકારે પ્રસંગને અનુરૂપ ભાવો અભિવ્યક્ત કરવા પડે છે. પરિણામે પ્રેક્ષકો વિવિધ ભાવનાઓ(રસ) નો અનુભવ કરે છે. આવા નવરસ એટલે કે મુખ્ય ભાવનાઓ છે. ચાલો, હવે આપણે નવરસની સફર કરીએ.

આવો સૌ સાથે મળીને નાટક શીખીએ,
નવરસોની સુંદર સફર આપણે સૌ કરીએ.



નાટકમાં જ્યારે રમૂજી પ્રસંગ આવે,
વિનોદથી ત્યાં **હાસ્ય** રસ ખીલી ઊઠે.



ડરામણો પ્રસંગ જોતા જ્યારે ભય અનુભવાય,
ત્યારે તરત જ **ભય** રસની અનુભૂતિ થાય.



સુંદર વસ્ત્રો અને ચહેરા પર લજ્જાનો ભાવ,
**શૃંગાર** રસથી પાત્રોનો ખીલી ઊઠે શણગાર



ઘૃણા ઉપજતા ચહેરો વાંકોચૂંકો લાગે,
કલાકાર **બીભત્સ** રસ આબેહૂબ રજૂ કરે.



ગુસ્સામાં પગ પછાડી જોરથી બોલે કલાકાર ,
ત્યારે મંચ પર **રૌદ્ર** રસનું સ્વરૂપ પ્રગટ થાય.



યુદ્ધના પ્રસંગે બધા સજ્જ થઈ જાય,
ત્યારે **વીર** રસ સૌના મનને પ્રેરિત કરે.



આંખો પહોળી અને મોઢું ખુલ્લું રહી જાય,
ત્યારે **અદ્ભુત** રસનો અનુભવ થાય.



સહાનુભૂતિ જન્મે અથવા મન દુ:ખી થાય
ત્યારે સંવાદોમાં **કરુણ** રસ પ્રગટ થાય.



ધીર, ગંભીર અને મહાન વિચારોયુક્ત સંવાદો બોલાય,
ત્યારે સૌને **શાંત** રસનું દર્શન થાય.

• **ચાલો, હાવભાવ કરીએ :**

**કોઈપણ શબ્દ બોલ્યા વગર માત્ર શારીરિક હિલચાલ અને ચહેરાના હાવભાવ દ્વારા નીચેની ક્રિયાઓ કરો.**

૧) કાદવમાં ચાલવું.

૨) અંધારામાં રસ્તો શોધવો.

૩) માથા પર ભાર ઉપાડીને ચાલવું.

૪) નાળિયેર છોલવું.

૫) અરીસા સામે ઊભા રહી મેકઅપ કરવો.

૬) રણભૂમિ તરફ જવું.

૭) પત્ર વાંચતાં વાંચતાં દુ:ખી થવું.



- વિદ્યાર્થીઓના સક્રિય સહભાગ દ્વારા નવરસોની ઓળખ કરાવવી.
- આ ગીતને મનપસંદ ધૂનમાં વિદ્યાર્થીઓ પાસે ગવડાવવું.
- ગીતની જે પંક્તિમાં જે રસનો ઉલ્લેખ થયો હોય, તે પંક્તિ ગાતી વખતે ચહેરા પર યોગ્ય હાવભાવ અને શારીરિક હિલચાલ સહિત તે પંક્તિ ગાવી.

CG –2
C– 2.2
LO–06AE29

## સ્વાધ્યાય

૧) તમારા વયજૂથને અનુરૂપ એક નાટ્યછટા લખો અથવા ટેકનોલોજીની મદદથી કોઈ એક નાટ્યછટા પસંદ કરી તેનો મહાવરો શરૂ કરો. જરૂર જણાય ત્યાં શિક્ષકની મદદ લો.

૨) નીચે આપેલા ચહેરાઓનું નિરીક્ષણ કરી રસ ઓળખો.

| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| .............................. | .............................. | .............................. | .............................. |

# ૯ ચાલો, રંગમંચ પર...

### રંગમંચની ઓળખ

કોઈપણ કલાત્મક રજૂઆત કરવા માટે જે મુખ્ય સ્થળનો ઉપયોગ થાય છે તેને રંગમંચ કહેવામાં આવે છે. તેની રચના કરતા સમયે, રજૂ થનાર કલા પ્રેક્ષકોને કોઈપણ અવરોધ વિના દેખાય, તેનો વિચાર કરવો જરૂરી છે. કલાકારે રંગમંચનો ઉપયોગ કેવી રીતે કરવો, સમગ્ર રંગમંચનો ઉપયોગ કરતી વખતે કયા ભાગનો વધુ ઉપયોગ કરવો, તેમ જ  નેપથ્યની રચના રંગમંચના કયા ભાગમાં કરવી જેથી રજૂઆત વધુ સ્વાભાવિક અને સહજ લાગે, તેનો પણ વિચાર કરવો જોઈએ. તે માટે નીચે રંગમંચની સામાન્ય રૂપરેખા આપી છે.




નાટ્યગૃહમાં રંગમંચ ઉપરાંત રંગભૂષા અને વેશભૂષા માટે વિશેષ ઓરડાઓની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. પાર્શ્વસંગીત અને પ્રકાશ નિયોજન માટે રંગમંચની બાજુમાં અથવા સામેના ભાગમાં અલગ વ્યવસ્થા કરવામાં આવે છે.

- વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ લઈ જઈ અથવા પ્રતિકૃતિ દ્વારા રંગમંચની ઓળખ કરાવવી.

CG –3
C– 3.2
LO–06AE32

### નેપથ્ય

નાટકમાં દર્શાવાતા પ્રસંગો વધુ વાસ્તવિક અને સાચા લાગે તે માટે રંગમંચ પર તે મુજબનું આયોજન કરવામાં આવે છે. તેને **'નેપથ્ય'** કહેવામાં આવે છે.

નાટકનો સમય, કાળ, સ્થળ અને પ્રસંગને ધ્યાનમાં રાખીને નેપથ્ય તૈયાર કરવામાં આવે છે. પડદો ઊઘડતાં જ પ્રેક્ષકોને સામે દેખાતું નેપથ્ય જોઈને તેઓ જાણે તે સમય અને સ્થળમાં પહોંચી ગયા હોય એવો આભાસ થવો જોઈએ. તેથી જ નેપથ્યને નાટકનું 'મૂક પાત્ર' પણ કહેવામાં આવે છે.

મુખ્યત્વે નેપથ્યનું બે જૂથમાં વિભાજન કરવામાં આવે છે:

૧. સ્થિર નેપથ્ય (સેટ)

૨. હાથમાં લઈને વાપરવામાં આવતું નેપથ્ય (હેન્ડ પ્રોપર્ટી)

રંગમંચ પર સ્થિર નેપથ્ય ઊભું કરતી વખતે પાત્રોની અવરજવર અને અભિનય માટે જરૂરી જગ્યા છોડીને રંગમંચના પાછળના ભાગમાં (પાછળ ડાબી બાજુ, પાછળનો મધ્ય ભાગ અને પાછળ જમણી બાજુ) સેટ ગોઠવવામાં આવે છે. ખર્ચ ઓછો કરવા માટે સૂચક નેપથ્યનો પણ ઉપયોગ કરી શકાય છે. તેને સિમ્બોલિક સેટ કહેવાય છે. જેમ કે, બસ સ્ટોપ બતાવવું હોય તો માત્ર એક ઊભો થાંભલો અને તેના પર ''BUS STOP'' લખેલું પાટિયું મૂકવાથી પણ બસ સ્ટોપનો સંકેત આપી શકાય છે.

નેપથ્ય તૈયાર કરનાર કલાકારને 'નેપથ્યકાર' કહેવામાં આવે છે. નાટકના વિષય અનુસાર અને તેમાં રહેલા પાત્રોની હિલચાલને ધ્યાનમાં રાખીને નેપથ્યકાર, તે નાટકના દિગ્દર્શકના માર્ગદર્શન મુજબ નેપથ્યની રૂપરેખા તૈયાર કરે છે. એટલે કે, સૌપ્રથમ તે કાગળ પર નેપથ્યનું ચિત્ર દોરે છે.

કેટલાક પ્રસંગોમાં રંગમંચની પ્રતિકૃતિ તૈયાર કરીને, કલાકારોને રંગમંચ પર કેવી રીતે હલનચલન કરવું તે સમજાવવામાં આવે છે. આથી રજૂઆત દરમિયાન કલાકારોને ખૂબ મદદ મળે છે.






**રંગમંચની પ્રતિકૃતિ**

- વિદ્યાર્થીઓ પાસે ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ કરીને રંગમંચની પ્રતિકૃતિ તૈયાર કરાવવી.
- રંગભૂષા, વેશભૂષા, પ્રકાશ, ધ્વનિ અને માસ્કના યોગ્ય આયોજનથી નાટક વધુ અસરકારક અને જીવંત બને છે તે સમજાવવું.

CG -3
C- 3.1/3.2
LO-06AE31/ 32

## 'નાટકની જાદુઈ તૈયારી'

નાટક એટલે માત્ર સંવાદ બોલવા નહીં, પરંતુ જે પાત્ર ભજવવાનું હોય તેને પોતાના અભિનય દ્વારા જીવંત બનાવી દેવું. કલાકાર જ્યારે રંગમંચ પર એકદમ જુદા સ્વરૂપમાં દેખાય છે ત્યારે આપણે સૌ આશ્ચર્યચકિત થઈ જઈએ છીએ. ચહેરા પરની રંગભૂષા અને શરીર પરની વેશભૂષાને કારણે સામાન્ય વિદ્યાર્થી પણ રાજા, રાણી અથવા રાક્ષસ જેવા દેખાવા લાગે છે. ચાલો, હવે એક વાર્તા દ્વારા રંગભૂષા અને વેશભૂષાની મજા જાણીએ!

થોડા જ દિવસોમાં ગણેશોત્સવ આવવાનો હતો. આ ઉત્સવમાં સોનાલીના પરિસરના મિત્રોએ એક નાની નાટિકા રજૂ કરવાનું નક્કી કર્યું. બધા ખૂબ આનંદ અને ઉત્સાહથી તેની તૈયારી કરવા લાગ્યા. બધી તૈયારી પૂરી થઈ ગઈ. તમામ પાત્રોના સંવાદ પણ યાદ થઈ ગયા. સૌએ ખૂબ જ સરસ મહાવરો કર્યો હતો. હવે બધા જ નાટક રજૂ કરવા આતુર હતા.

નાટકના દિવસે બધા રંગમંચની પાછળ ભેગા થયા. ગામના પ્રસિદ્ધ રંગભૂષાકાર રમેશકાકા પણ ત્યાં હાજર હતા. રમેશકાકાને જોઈને કેટલાક બાળકોને પ્રશ્ન થયો, તેઓ એકબીજા સાથે ધીમે અવાજે બોલવા લાગ્યા, ''નાટકના મહાવરા સમયે તો રમેશકાકા નહોતા, તો હવે અહીં શા માટે આવ્યા છે?'' ગુરુજીએ તેમનો પ્રશ્ન સાંભળ્યો અને ત્યાં આવીને કહ્યું, ''બાળકો, તમે જે પાત્રની ભૂમિકા ભજવવાના છો, તે માટે વેશભૂષા અને રંગભૂષા રમેશકાકા કરશે.'' બાળકો વિચારમાં ગયા. એક બાળક બોલ્યું, ''રંગભૂષા? ગુરુજી, રંગભૂષા એટલે શું?'' બાળકોને પ્રેમથી પોતાની પાસે બેસાડીને ગુરુજી બોલ્યા, ''બાળકો, સુંદર દેખાવા માટે ચહેરા પર કરવામાં આવતી રંગસજાવટને રંગભૂષા કહે છે. અને કોઈ વ્યક્તિનું રૂપ ધારણ કરવા માટે કરવામાં આવતી તૈયારી એટલે તમારી ભાષામાં ''મેકઅપ.'' ગુરુજીએ સરળ શબ્દોમાં સમજાવતાં બાળકોને રંગભૂષા અને વેશભૂષાનો અર્થ સમજાઈ ગયો.

આ નાટકમાં અસલમને રાજાની ભૂમિકા મળી હતી. રમેશકાકાએ ઊંચા અને મજબૂત અસલમને હળવો મેકઅપ કર્યો. તેની ઘાટીલી મૂછ દોરી, પીળા રંગનું ધોતિયું પહેરાવ્યું, ખભા પર શેલુ ઓઢાડ્યું, ગળામાં મોતીની માળા પહેરાવી, કાનમાં મોતીના કુંડળ, હાથમાં બાજુબંધ, કમરે તલવાર અને માથા પર મુગટ પહેરાવ્યો. અસલમે જ્યારે અરીસામાં પોતાનું રૂપ જોયું ત્યારે તે આશ્ચર્યચકિત થઈ ગયો. તેને ખૂબ આનંદ થયો. અમર આશ્ચર્યથી બોલ્યો, ''વાહ! અસલમ તો બિલકુલ સાચા રાજા જેવો લાગે છે. રમેશકાકાએ તો કમાલ કરી દીધી!'' રમેશકાકા હસતાં બોલ્યા, ''અમર, તારી તો રાક્ષસની ભૂમિકા છે ને? હવે તને રાક્ષસ બનાવું. આવ, અહીં બેસ.'' અમર હસતાં હસતાં તેમની પાસે ગયો. રમેશકાકાએ તેના ચહેરા પર કાળો ગાઢ મેકઅપ કર્યો. માથા પર કાળા અને સફેદ રંગનાં નાના શિંગડા લગાવ્યાં. આંખોની આસપાસ લાલ રંગ કર્યો, જેથી તેની આંખો ખૂબ ભયાનક લાગવા લાગી. તેના હોઠની બહાર નીકળતા નકલી દાંત લગાવ્યા. હાથમાં ધારદાર શસ્ત્ર આપ્યું. ખુલ્લા કાળા શરીર પર કમરની આસપાસ માત્ર લાલ રંગનું વસ્ત્ર બાંધ્યું અને ગળામાં કોડિઓની માળા પહેરાવી. આ રીતે અમર એકદમ ભયાનક રાક્ષસ જેવો દેખાવા લાગ્યો. બધાએ તેને જોયો અને ક્ષણભર માટે ખરેખર ડરી ગયા. એટલામાં પોતાનો મેકઅપ કરાવવા આવેલી સોનાલી સામે અમરે અચાનક કૂદકો માર્યો. સોનાલી ખૂબ જ ગભરાઈ ગઈ. તેને પરસેવો છૂટી ગયો અને તે રડવા જેવી થઈ ગઈ. ત્યારે રોહન બોલ્યો, ''અરે યાર, બસ કરો! સોનાલી, ડરતી નહીં. આ અમર છે, આપણા નાટકનો રાક્ષસ.'' સોનાલીએ મોટી આંખો કરીને ગુસ્સાથી અમર તરફ જોયું. અમરે હસીને કહ્યું, ''સોરી.'' પછી બધા હસી પડ્યા. સોનાલીએ અમરની પીઠ પર હળવો ધબ્બો માર્યો અને રમેશકાકા પાસે જઈને બોલી, ''કાકા, હવે મારો પણ મેકઅપ કરો ને.'' રમેશકાકાએ સોનાલીનો મેકઅપ કરવાનું શરૂ કર્યું.







સોનાલી ખૂબ સુંદર છોકરી હતી. રમેશકાકાએ તેનો ખૂબ જ હળવો મેકઅપ કર્યો. ગાલ પર રંગ લગાવી તેના ગાલ ગુલાબી કર્યા. તેના વાળની સુંદર કેશભૂષા કરી. સોનાલીએ ઘેરદાર જાળીદાર ઝભ્ભો પહેર્યો. કમરે નકલી હીરાનો કમરબંધ બાંધ્યો. કાનમાં હીરાની બુટ્ટી પહેરી. હાથમાં તેવી જ બંગડીઓ પહેરી. માથા પર નાજુક નાનો હીરાનો મુગુટ પહેરાવ્યો. તેના પર સુંદર સોનેરી જાળીદાર ઓઢણી ઓઢાડી. પગમાં છનછન અવાજ કરતાં ઝાંઝર પહેરાવ્યાં. કપાળ પર નાજુક નાની બિંદી લગાવીને સોનાલી સંપૂર્ણ રીતે તૈયાર થઈ ગઈ. તેણે અરીસામાં પોતાનું રૂપ જોયું અને પોતાને જોઈને એટલી ખુશ થઈ ગઈ કે ગોળ ગોળ ફરવા માંડી. તેણે મીઠા અવાજમાં રમેશ કાકાને ‘‘આભાર, કાકા!’’ કહ્યું અને પોતાની સખીઓ તરફ દોડી ગઈ.

આ જ રીતે રમેશકાકાએ બધા બાળકોની રંગભૂષા અને વેશભૂષા તૈયાર કરી અને સૌને નાટક માટે શુભેચ્છાઓ આપી. બધા બાળકોએ રમેશકાકાને નમન કરીને તેમનો હૃદયપૂર્વક આભાર માન્યો.

બીજી તરફ રંગમંચ પર ગામના દામોદરકાકાએ ખૂબ જ સુંદર પ્રકાશ વ્યવસ્થા કરી હતી. લાલ, વાદળી અને પીળા રંગની ફોકસ લાઇટો રંગમંચની સામે ગોઠવવામાં આવી હતી. આખો રંગમંચ ઝગમગી ઊઠ્યો હતો. પણ રંગમંચની સામે માઇક લટકાવવામાં આવ્યા હતા.

- ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ કરીને વર્ગમાં ‘રંગભૂષાના’ કેટલાક પ્રાયોગિક દેખાવો કરાવવા. (ઉદ. વૃદ્ધ વ્યક્તિ દર્શાવવા માટે દાઢી, મૂછ અને વાળને સફેદ રંગ કરવો અથવા મૂછ દોરી બતાવવી.)

CG –3
C– 3.2
LO–06AE33



નાટકની ત્રીજી ઘંટડી વાગી અને નાટકની શરૂઆત થઈ. રંગમંચ પર પડદો ખૂલતાં જ રાજદરબારમાં રાજા પર પ્રકાશના કિરણો પડ્યા. રંગમંચ પર સૌ વિદ્યાર્થીઓએ પોતાની ભૂમિકા ઉત્તમ રીતે ભજવી. તેમણે ઘણો મહાવરો કર્યો હતો. સાથે જ સુંદર રંગભૂષા અને વેશભૂષાને કારણે સૌનાં પાત્રો વધુ આકર્ષક બન્યાં. પ્રેક્ષકોએ પ્રસ્તુતિમાં તાળીઓનો ગડગડાટથી નાટકને વધાવ્યું.

હવે તમારા ધ્યાનમાં આવ્યું જ હશે કે રંગભૂષા અને વેશભૂષાને કારણે નાટક વધુ અસરકારક અને આકર્ષક બને છે અને કલાકારોની ભૂમિકા જીવંત બને. તેથી નાટ્યપ્રસ્તુતિમાં આ બંને ઘટકોનું ખૂબ જ મહત્ત્વ છે. અભિનય કરતી વખતે પાત્રના ચહેરા પર તેના સ્વભાવ અનુસાર અને યોગ્ય ભાવનાઓ દર્શાવવા માટે ચહેરો, આંખો, વાળ વગેરેની કરવામાં આવતી સજાવટને રંગભૂષા કહેવામાં આવે છે. તેમજ કલાકાર દ્વારા પહેરવામાં આવતો પોશાક, કપડાં, દાગીના, શિરોભૂષણો અને અન્ય વસ્તુઓને ‘વેશભૂષા’ કહેવામાં આવે છે. નાટક અથવા રંગમંચ પરનું સાદરીકરણ વધુ અસરકારક બનાવવા માટે રંગભૂષા અને વેશભૂષાને વિશેષ મહત્ત્વ છે. આ વાત હવે તમને સમજાઈ ગઈ હશે.



**ત્રીજી ઘંટડી**

નાટક શરૂ થતાં પહેલાં થોડા-થોડા સમયના અંતરે ત્રણ વખત ઘંટડી વગાડવામાં આવે છે. પહેલી ઘંટડી પ્રેક્ષકોને નાટ્યગૃહમાં પોતાની જગ્યાએ બેસી જવાની, બીજી ઘંટડી નાટકની પૂર્વતૈયારી પૂર્ણ થઈ ગઈ છે અને નાટક ટૂંક સમયમાં શરૂ થશે તેની સૂચના આપે છે. ત્રીજી ઘંટડી નાટકની શરૂઆત થવાની સૂચના આપે છે. ત્યારબાદ પડદો ખૂલે છે અને નાટકની શરૂઆત થાય છે.

## રંગમંચના શિષ્ટાચાર

આપણે નાટક જોઈએ છીએ અથવા નાટક રજૂ કરીએ છીએ. ત્યારે રંગમંચ પર ઘણા કલાકારો કાર્ય કરતા હોય છે. રંગમંચ એટલે જે સ્થળે નાટક રજૂ કરવામાં આવે તે જગ્યા. નાટક સુંદર અને વધુ અસરકારક બને તે માટે કલાકારોએ કેટલાક નિયમો અને શિષ્ટાચારનું પાલન કરવું ખૂબ જ જરૂરી છે. આ નિયમોને જ રંગમંચ શિષ્ટાચાર કહેવામાં આવે છે.

### * રંગમંચ શિષ્ટાચાર – કલાકારો માટે

- આપેલા સંવાદો વ્યવસ્થિત રીતે યાદ કરવા.
- રજૂઆત દરમિયાન પોતાના સંવાદો સ્પષ્ટ રીતે બોલવા.
- મહાવરો અથવા નાટકના પ્રયોગના સ્થળે શાંતિ જાળવવી.
- યોગ્ય દેહભાષા અને હાવભાવનો ઉપયોગ કરવો.
- રજૂઆતના થોડા સમય પહેલાં રંગમંચ પર પહોંચી જવું.
- રજૂઆત માટે ઉપયોગમાં લેવાની સામગ્રી યોગ્ય જગ્યાએ રાખવી.
- સહકલાકારોનો આદર કરવો.
- યોગ્ય સમયે રંગભૂષા અને વેશભૂષા કરી લેવી. દિગ્દર્શક દ્વારા આપવામાં આવેલી સૂચના અનુસાર રજૂઆત કરવી.
- રંગમંચ પર પ્રવેશ કરવાનો અને બહાર જવાનો સમય પાળવો.
- રજૂઆત દરમિયાન રંગમંચ પર દોડધામ ન કરવી.
- રંગમંચ પર આત્મવિશ્વાસપૂર્વક વર્તવું.
- રજૂઆત દરમિયાન અન્ય લોકોને સહકાર આપવો. રજૂઆતમાં ઉપયોગમાં લેવાની વસ્તુઓ યોગ્ય રીતે સંભાળવી.

કલાકારોએ જે રીતે રંગમંચના શિષ્ટાચારનું પાલન કરવું જરૂરી છે, તે જ રીતે કલાની રજૂઆત કોઈ વિક્ષેપ વિના થાય તે માટે પ્રેક્ષકોની ભૂમિકા પણ ખૂબ મહત્ત્વની હોય છે.

### * રંગમંચના શિષ્ટાચાર – પ્રેક્ષકો માટે

- રજૂઆત જોવા માટે સમયસર પહોંચવું.
- શાંતિ જાળવવામાં સહકાર આપવો.
- સંપૂર્ણ રજૂઆત જોવી. વચ્ચે ઊઠીને જવું નહીં.
- કલાકારોની પ્રશંસા કરવી, તેમને પ્રોત્સાહન આપવું અને યોગ્ય સમયે દાદ આપવી.
- રજૂઆત દરમિયાન મોબાઇલ અને અન્ય તકનીકી સાધનો બંધ રાખવા.
- કલાકારોનું ધ્યાન ભંગ થાય તેવી કોઈ ક્રિયા ન કરવી.

---

- વિદ્યાર્થીઓને વિવિધ ભૂમિકાઓ આપીને, તે પ્રમાણે તેઓ રંગભૂષા કેવી રીતે કરી શકે તે અંગે ચર્ચા કરવી.
- ઉપલબ્ધ સાહિત્ય વડે મદદથી એકબીજાની રંગભૂષા કરવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.
- પ્રત્યક્ષ કરીને અથવા તકનીકની મદદથી રંગભૂષાનું પ્રદર્શન બતાવવું.

CG -3
C- 3.2
LO-06AE33

---

# સ્વાધ્યાય



રાક્ષસ　　　　વિદૂષક　　　　દાદા　　　　રાણી

**૧) નીચેના ચહેરાઓને નામ પ્રમાણે રંગભૂષા કરો.**



........................ . ........................ . ........................ . ........................ .

**૨) આપેલાં ચિત્રોને વેશભૂષા પ્રમાણે નામ આપો.**

**૩) વિચારો અને લખો.**

૧. જંગલનો પ્રસંગ રજૂ કરતી વખતે ધ્વનિ અને પ્રકાશ યોજના કેવી રીતે કરશો?

૨. વર્ગમાં કોઈપણ એક પ્રસંગ રજૂ કરવા માટે ઉપલબ્ધ સાધનો દ્વારા ધ્વનિ અને પ્રકાશની યોજના કેવી રીતે કરશો, તે લખો.

- કલાકારો અને પ્રેક્ષકો માટે રંગમંચના શિષ્ટાચાર જુદા જુદા હોય છે તે જણાવી, તે કયા છે તે વિશે વિદ્યાર્થીઓને માહિતી આપવી.

CG –3
C– 3.1
LO–06AE30

# ૧૦. નાટ્યની પરંપરા

**લોકકલા અને સંસ્કૃતિ**

મહારાષ્ટ્રની લોકસંસ્કૃતિ અને લોકકલા સમૃદ્ધ અને વિશિષ્ટ છે. તેમજ આપણા સાંસ્કૃતિક વારસાનો અમૂલ્ય ખજાનો છે. આ લોકકલાઓ ગામેગામ તહેવારો, ઉત્સવો, યાત્રાઓ અને મેળાઓમાં રજૂ કરવામાં આવે છે. આ કલાઓ દ્વારા સમાજજાગૃતિ, મનોરંજન અને સંસ્કારનો સુંદર સમન્વય સધાય છે.

લોકકલામાં લોકનાટ્ય, દશાવતાર, લળીત, ગોંધળ, ભારૂડ, વગનાટ્ય, વાસુદેવ, ડોંબારીના ખેલ, ભજન અને કીર્તનનો  સમાવેશ થાય છે. આ તમામ લોકકલાઓ નાટ્યપ્રસ્તુતિ સાથે સંબંધિત છે.

૧. તમાશા - તમાશા મહારાષ્ટ્રની સૌથી લોકપ્રિય લોકનાટ્યકલા છે. તેમાં લાવણી, નૃત્ય, ગણ-ગવળણ, વાક્પ્રયોગ, વિનોદ અને સંવાદનો સ્વાભાવિક રીતે સમાવેશ થાય છે. તમાશા દ્વારા સામાજિક વિષયો અંગે સમાજને જાગૃત કરવામાં આવે છે.

૨. દશાવતાર - કોંકણ પ્રદેશની પરંપરાગત નાટ્યકલા છે.

આ કલામાં ભગવાન વિષ્ણુના દસ અવતારોની કથા રજૂ કરવામાં આવે છે. રંગબેરંગી વેશભૂષા, મહોરાં અને અસરકારક સંવાદ આ કલાની વિશેષતાઓ છે. ધાર્મિક અને નૈતિક સંદેશ આપવો એ આ કલાનો મુખ્ય હેતુ છે.



ગણ-ગવળણ



દશાવતાર



ભારૂડ




લોકનાટ્ય

## લોકનાટ્ય

શાળામાં વાર્ષિક સ્નેહસંમેલનની તૈયારી ચાલી રહી હતી. છઠ્ઠા ધોરણના વર્ગમાં વર્ગશિક્ષિકા આવ્યાં.

**શિક્ષિકા** - બાળકો, આ વર્ષે આપણે લોકકલા પર આધારિત પ્રસ્તુતિ કરીશું.

**વિદ્યાર્થીઓ** - ખૂબ મજા આવશે!

**સોનાલી** - મૅડમ, લોકકલા એટલે શું?

**શિક્ષિકા** - આપણા મહારાષ્ટ્રમાં ગામેગામ રજૂ કરવામાં આવતી પરંપરાગત કલાઓને લોકકલા કહેવામાં આવે છે. તેમાં ગીતો, નૃત્ય, સંવાદ અને વિનોદનો સમાવેશ થાય છે. તેમાં લોકનાટ્ય, દશાવતાર, ગોંધળ, લળીત, ભારૂડ, કીર્તન, વગનાટ્ય, વાસુદેવ વગેરેનો સમાવેશ થાય છે.

**રાહુલ** - મૅડમ, તમાશા એટલે શું?

**શિક્ષિકા** - તમાશા મહારાષ્ટ્રની પ્રસિદ્ધ લોકનાટ્યકલા છે. તેમાં ગીતો, નૃત્ય, ગણ-ગવળણ, વાક્‌પ્રયોગ અને સામાજિક વિષયો અંગે સમાજને જાગૃત કરવામાં આવે છે.

**અનિતા** - મૅડમ, અમારા ગામે (કોંકણમાં) પણ મેળામાં આવો જ એક પ્રકાર જોવા મળે છે. તેને દશાવતાર કહેવામાં આવે છે.

**શિક્ષિકા** – એકદમ બરાબર. તેમાં ભગવાન વિષ્ણુના દસ અવતારોની કથા રજૂ કરવામાં આવે છે.

**સોનાલી** – તેમાં મોટાં મોટાં મહોરાં અને રંગીન કપડાં હોય છે ને?

**શિક્ષિકા** – બરાબર! એ જ તેની વિશેષતા છે.

**અમોલ** – મૅડમ, લળીત વિશે જણાવો ને!

**શિક્ષિકા** – લળીત મહારાષ્ટ્રમાં ઉત્સવના સમાપન સમયે રજૂ કરવામાં આવતો, પરંપરાગત લોકકલાનો પ્રકાર છે. તેમાં વિવિધ સોંગ ધારણ કરીને (વેશભૂષા કરીને) કીર્તન, નૃત્ય, ગાયન અને અભિનયના માધ્યમથી સમાજને જાગૃત કરવામાં આવે છે.

**વિદ્યાર્થી** – તો પછી આપણે આમાંથી કઈ લોકકલા રજૂ કરીએ?

**શિક્ષિકા** – આપણે સામાજિક વિષય પર નાનું નાટ્ય લખીશું અને આપણા વિસ્તારની કોઈ એક લોકકલાના પ્રકારમાં તેની રજૂઆત કરીશું.

**વિદ્યાર્થી** – હા મૅડમ, અમે એવી તૈયારી કરીશું.

**શિક્ષિકા** – હવે કયો કલાપ્રકાર પસંદ કરવો તે નક્કી કરો અને તરત તૈયારી શરૂ કરો.

- વિદ્યાર્થીઓને લોકકલાના વિવિધ પ્રકારોના વીડિયો બતાવવા.
- વિદ્યાર્થીઓ જાણતા હોય તે લોકકલાઓ વિશે ચર્ચા કરાવવી.
- લોકકલાના કોઈપણ એક પ્રકારની રજૂઆત કરાવવી.

CG -4
C- 4.1
LO-06AE34/35






## એક કલાકારનો પરિચય

શાળામાં છઠ્ઠા ધોરણમાં નાટ્યકલાનો તાસ ચાલી રહ્યો હતો.

બાળકો, તમે બધા નાટક અને ફિલ્મો જુઓ છો ને? તમને ગમતા અભિનેતા કે અભિનેત્રી પણ હશે જ. તેમાંના કેટલાક હિન્દી અને ગુજરાતી અભિનેતાઓનાં નામ પણ તમને ખબર હશે.

તો આજે આપણે એક બહુમુખી પ્રતિભા ધરાવનાર અભિનેતા વિશે જાણીએ. તે અભિનેતાનું નામ છે **દિલીપ પ્રભાવળકર.**

## દિલીપ પ્રભાવળકર

**જન્મ**–૪ ઑગસ્ટ, ૧૯૪૪ના રોજ મુંબઈમાં થયો.

**શિક્ષણ**–વિજ્ઞાન શાખામાં 'ભૌતિકશાસ્ત્ર' વિષયમાં પદવી પ્રાપ્ત કરી.

**લેખન** – તેમણે બાળસાહિત્ય અને વિનોદી લેખન કર્યું છે. તેમના લેખનમાંથી બાળકોને મનોરંજનની સાથે સારા સંસ્કારો પણ મળે છે.

૧. 'બોક્યા સાતબંડે' આ પુસ્તકમાળા ખૂબ જ લોકપ્રિય છે.
૨. ગુગલી રસપ્રદ વાર્તાઓનો સંગ્રહ.
૩. હસવા ફસવી એકપાત્રી નાટક.

**પ્રસિદ્ધ ભૂમિકાઓ –**

૧. આબા ટિપરે – 'શ્રીયુત ગંગાધર ટિપરે' શ્રેણીમાં.
૨. તાત્યા વિંચૂ – 'ઝપાટલેલા' ફિલ્મમાં.
૩. ચીંચી ચેટકીન – 'અલબત્યા ગલબત્યા' નાટકમાં.
૪. હસવા ફસવી – વિનોદી નાટકમાં વિવિધ છ ભૂમિકાઓ.
૫. મહાત્મા ગાંધી – લગે રહો મુન્નાભાઈ ફિલ્મમાં.
૬. નંદુ – મંદ બુદ્ધિ તરુણ – ચૌકટ રાજા ફિલ્મમાં
૭. ચિમણરાવ – 'ચિમણરાવ અને ગુંડ્યાભાઉ' શ્રેણીમાં.

**પ્રાપ્ત પુરસ્કાર –**

૧. લગે રહો મુન્નાભાઈ (હિન્દી) ફિલ્મમાં મહાત્મા ગાંધીની ભૂમિકા માટે સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેતા માટેનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર.

૨. ચૌકટ રાજા ફિલ્મમાં નંદુ નામના મંદબુદ્ધિ તરુણની ભૂમિકા માટે મહારાષ્ટ્ર રાજ્ય ફિલ્મ પુરસ્કાર.
૩. સંગીત નાટક અકાદમી પુરસ્કાર.
૪. 'બોક્યા સાતબંડે' શ્રેણી માટે બાળસાહિત્ય પુરસ્કાર અને સાહિત્ય અકાદમી પુરસ્કાર.
૫. દશાવતાર ફિલ્મ માટે શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર.

## સ્વાધ્યાય

૧. તમે કયું લોકનાટ્ય જોયું છે? તેનો અનુભવ લખો. લોકનાટ્યમાંથી મળતો સંદેશ તમારા શબ્દોમાં લખો.
૨. તમારા પરિસરની લોકકલા વિશે માહિતી ફોટા સહિત મેળવો.
૩. તમારા પરિસરની કોઈ એક લોકકલા પસંદ કરો. તે કયા પ્રસંગે રજૂ કરવામાં આવે છે, તેના વિશે માહિતી લખો.
૪. તમારા પરિસરની લોકકલા સંબંધિત વેશભૂષા અને વાદ્યો વિશે માહિતી મેળવો.
૫. તમને ગમતી લોકકલાનું ચિત્ર દોરો અને રંગો.
૬. તમારા પરિસરની કોઈ વડીલ વ્યક્તિની મુલાકાત લો. તેમની પાસેથી લોકકલા વિશેની માહિતી મેળવો.
૭. તમને ગમતા કલાકાર વિશે ફોટા સહિત માહિતી સંકલિત કરો. આ માહિતીના આધારે અહેવાલ રજૂ કરો.

- ઇન્ટરનેટની મદદથી દિલીપ પ્રભાવળકર વિશે વધુ માહિતી મેળવી વર્ગમાં જણાવો.
- તેમણે લખેલું કોઈ એક નાટક અથવા એકાંકીનું વાંચન કરાવો.
- વિદ્યાર્થીઓને પોતાના મનપસંદ કલાકાર વિશે માહિતી સંકલિત કરવા જણાવો.
- માહિતી સંકલિત કરી તેનું હસ્તલિખિત સ્વરૂપ તૈયાર કરો.

CG –4
C– 4.2
LO–06AE36

# સંગીત



# ૧૧. લય અને તાલની ઓળખ

આપણી ચાલવાની ગતિ, શ્વાસ લેવાની ગતિ અને બોલવાની ગતિમાં આપણને લયનો અનુભવ થાય છે. તેવી જ રીતે પ્રકૃતિમાં ઝાડનું હલનચલન અને વરસાદના ટીપાંની ગતિમાં પણ એક પ્રકારનો લય હોય છે.

ઘડિયાળ તરફ જોતા આપણને તેના ત્રણ કાંટા (કલાક, મિનિટ અને સેકન્ડ) જુદી જુદી ગતિથી ફરતા જોવા મળે છે.




- **કલાકની કાંટો** : વિલંબિત લય
- **મિનિટની કાંટો** : મધ્ય લય
- **સેકન્ડની કાંટો** : દ્રુત લય

સંગીતમાં લય (Laya)એટલે 'કોઈ ક્રિયા અથવા ગતિનો સમાન વેગ'. જ્યારે બે માત્રાઓ વચ્ચેનો સમયગાળો સતત સમાન રહે છે, ત્યારે તેને લય કહેવામાં આવે છે.

## લયના પ્રકાર :

શાસ્ત્રીય સંગીતમાં લયના મુખ્ય ત્રણ પ્રકારનો માનવામાં આવે છે

૧) **વિલંબિત લય :** આ ખૂબ જ ધીમી ગતિનો લય હોય છે. જ્યારે બે માત્રાઓ વચ્ચેનો સમયગાળો વધારે હોય, ત્યારે તેને 'વિલંબિત લય' કહેવામાં આવે છે. (ઉદા. ઘડિયાળના કલાક કાંટા પ્રમાણે.)

૨) **મધ્ય લય :** આ લય સામાન્ય રીતે ઘડિયાળના મિનિટ કાંટાની જેમ ચાલે છે. તે વિલંબિત લય કરતા સહેજ ઝડપી છે. (ઉદા. ઘડિયાળના મિનિટ કાંટા પ્રમાણે.)

૩) **દ્રુત લય :** આ ખૂબ જ ઝડપી લય છે. તે મધ્ય લય કરતાં બમણી અથવા વધુ ગતિએ ચાલે છે. (ઉદા. ઘડિયાળના સેકન્ડ કાંટા પ્રમાણે)

રોજિંદા જીવનમાં લયનું ઉદાહરણ:

મંદ ગતિ



મધ્યમ ગતિ



દ્રુત ગતિ



- લય અને લયના પ્રકારો સમજાવો.

CG -1
C- 1.1
LO-06AE37

**લયના વિવિધ પ્રકાર સમજવા માટે વિલંબિત લયનું એક ભાવગીત સાંભળીએ અને ગાઈએ.**

## વિલંબિત લયમાં એક ભાવગીત



પ્રભો અંતર્યામી જીવન જીવના દીનશરણા,
પિતા માતા બંધુ, અનુપમ સખા હિતકરણા;
પ્રભા કીર્તિ કાંતિ, ધન વિભવ સર્વસ્વ જનના,
નમું છું, વંદું છું, વિમળમુખ સ્વામી જગતના.

સૌ અદભૂતોમાં તુજ સ્વરૂપ અદભૂત નીરખું,
મહા જ્યોતિ જેવું નયન શશીને સૂર્ય સરખું,
દિશાઓ ગુફાઓ પૃથ્વી ઊંડું આકાશ ભરતો,
પ્રભો એ સૌથીએ પર પરમ હું દૂર ઊડતો.

પ્રભો તું આદિ છે શુચિ પુરૂષ પુરાણ તું જ છે,
તું સૃષ્ટિ ધારે છે, સૃજન પલટયે નાથ તું જ છે,
અમારા ધર્મોને અહર્નિશ ગોપાલ તું જ છે,
અપાપી પાપીનું શિવ સદન કલ્યાણ તું જ છે.

પિતા છે અકાકિ જડ સકળને ચેતન તણો,
ગુરૂ છે મોટો છે જનકૂળ તણો પૂજ્ય તું ઘણો,
ત્રણે લોકે દેવા નથી તું જે સમો અન્ય ન થશે,
વિભુરાયા તુંથી અધિક પછી તો કોણ જ હશે.

વસે બ્રહ્માંડોમાં, અમ ઉર વિષે વાસ વસતો,
તું આઘેમાં આઘે, પણ સમીપમાં નિત્ય હસતો,
નમું આત્મા ઢાળી, નમન લળતી દેહ નમજો,
નમું કોટિ વારે, વળી પ્રભુ નમસ્કાર જ હજો.

અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી, પ્રભુ ! પરમ તેજે તું લઈ જા;
મહામૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ ! લઈ જા,

– કવિ ન્હાનાલાલ

**વિલંબિત લયના ગીતોના બીજા ઉદાહરણ-**

૧)અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ   ૨)જૂનું તો થયું રે દેવળ, જૂનું તો થયું

આ ગીતો સાંભળો તેમજ ગાવાનો પ્રયત્ન કરો.

- વિવિધ ગીતો સૌ પ્રથમ ધીમા લયમાં સંભળાવવા.
- પ્રથમ પૃષ્ઠ પરના ક્યુ. આર. કોડ માં આપેલા ગીતો સાંભળવા તેમજ ગવડાવવા.

CG –1
C– 1.1
LO–06AE37

* ભાવગીત *

**હવે આપણે મધ્ય લયનું ગીત શીખીશું.**
**મધ્ય લયનું લોકગીત**

એરણ ગજે ને ધમણ ધૂમે, લોઢું તપે આગમાં,
મહેનત કરે લુહાર સાચો, રાત ને દિવસ ભાગમાં.
હાથમાં હથોડો ને અગ્નિની જ્વાળા, ઘાડે ઘાડે ઘા કરે,
લોખંડ ઓગળી રૂપ નવું લે, જગના કારજ એ સરે.

ખેડૂત કાજે કોદાળી ઘડતો, ઘડતો સુંદર કોશ રે,
દાતરડાં ને કુહાડી ઘડીને, જગનો હરતો રોષ રે.
પરસેવે એ નહાય સવારે, તોયે ચહેરે નૂર છે,
પોતાના આ કાળા કામનું, એને મોટું ગરૂર છે.

લાલ-ચોળ જ્યાં લોઢું થાયે, ઘણના ટંકારા ગાજતા,
સાણસીથી પકડીને એને, ટીપી ટીપીને સજાવતા.
ધીરજ એની ભારે મોટી, અગન સાથે ખેલતો,
દુનિયા આખીને સાધન દેવા, પોતે તાપ એ ખમતો.

નથી જોઈતું સોનું એને, નથી જોતી ચાંદી રે,
લોઢા સાથે પ્રીત કરીને, જિંદગી એણે બાંધી રે.
જગતમાં એનું નામ મોટું, શ્રમનો એ અવતાર છે,
લુહાર તારી ધમણ પાછળ, આખો આ સંસાર છે.



**મધ્યલયમાં ગીતોનાં અન્ય ઉદાહરણો :**

૧) પાંદડું લીલું ને રંગ રાતો      ૨) ઇતની શક્તિ હમે દેના દાતા

આ ગીતો સાંભળીને ગાવાનો પ્રયત્ન કરો.

- મધ્ય લયનાં વિવિધ ગીતો સંભળાવવા.
- ભાવગીતો, ભક્તિગીતો, કોળીગીતોણા કેટલાક ઉદાહરણો આપવા. એ સિવાય સ્થાનિક ગીતોનો પણ સમાવેશ કરવો.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યુ. આર. કોડમાંનું ગીત સંભળાવીને વિદ્યાર્થીઓ પાસે ગવડાવવું.

CG -1
C- 1.1
LO-06AE37

✲ પોવાડા ✲

હવે આપણે દ્રુત લયમાં ગીત શીખીશું. દ્રુત લય, મધ્ય લય કરતાં વધુ ઝડપી હોય છે.

## છત્રપતિ શિવાજી મહારાજના પોવાડા



आधी नमन शिवरायाला । महाराष्ट्राला।
शूर वीराला मराठी सत्तेचा पहिला राजा।
जगामध्ये आहे गाजावाजा स्वीकारा लवुनी मुजरा माझा ॥

राझ्यांचा पाटील अभिमानी। अन्यायाचा धनी।
करी मनमानी छळाने त्रस्त झाला समुदाय। जनतेकडे
नव्हता याचा उपाय राजाने तोडले त्याचे हातपाय ॥

(ગદ્ય: સ્ત્રીઓ પર અન્યાય કરનારાઓને કડક સજા કરીને સ્ત્રીઓના સ્વાભિમાનનું રક્ષણ કર્યું.)

अफझल खान कपटी सरदार। ताकदीचा फार।
अतिशय क्रूर भेटीचा त्याने टाकला डाव।
दगलबाजीने घातला घाव त्यास मारून मिळविले नाव ॥

(ગદ્ય: સ્વરાજ્ય પર આવેલા બળવાન સંકટનો જાતે સામનો કરીને તેનો નાશ કર્યો.)

मग आला शाहिस्ते खान। होऊन बेभान।
उठविले रान सैन्य संख्येने होते मोठे।
लाल महालात बिऱ्हाड थाटे।
शिवबाने कापली त्याची बोटे ॥

(ગદ્ય: ગનિમી કાવાથી શત્રુને ભાગવા માટે મજબૂર કર્યા. અત્યંત ચતુર, નિર્ભય અને પરાક્રમી મહારાજે સર્વ ધર્મના લોકોને સાથે લઈને સ્વરાજ્યની સ્થાપના કરી.)

एक एक लाभला शिलेदार। लहान असो थोर।
उदार जीवावर शिवा काशीद बाजीप्रभूने।
वीर तानाजी मालुसरेने दिली कितीकांनी
बलिदाने ॥

जयजयकार करू राजाचा।
छत्रपतीचा राज्याभिषेकाचा।
आनंद झाला महाराष्ट्रास। सोहळा अभिमानाचा खास
प्रणाम त्या कर्तृत्वाच्या सूर्यास ॥

– डॉ. गंगाधर चंद्रभागा बापू रासगे

**દ્રુત લયમાં ગીતોનાં અન્ય ઉદાહરણો :**

१) शूर आम्ही सरदार ...

२) म्यानातून उसळे...

આ ગીતો સાંભળીને ગાવાનો પ્રયત્ન કરો.

- લયના માધ્યમથી ઉપરોક્ત ગીતનો મહાવરો કરાવવો.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલો ક્યુ. આર. કોડ સ્કેન કરીને વિદ્યાર્થીઓને ગીત સંભળાવવું.
- વિલંબિત, મધ્ય અને દ્રુત લયનાં ભાવગીતો, ભક્તિગીતો, દેશભક્તિ ગીતો અને પોવાડાનો મહાવરો કરાવવો.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યુ. આર. કોડમાંનું ગીત સંભળાવીને વિદ્યાર્થીઓ પાસે ગવડાવવું.

CG -1
C- 1.1
LO-06AE37

## તાલ : એકતાલ

તાલ અને લયનું પ્રાત્યક્ષિક કરતી વખતે એકતાલની તાળીના માધ્યમથી રજૂઆત કરીએ.

તાલની માહિતી :

**માત્રા :** ૧૨

**વિભાગ :** ૬ (દરેક વિભાગમાં બે માત્રા)

**સમ :** પ્રથમ માત્રા પર 'સમ'નું ચિહ્ન 'X' છે.

**કાલ/ખાલી માત્રા :** ૩જી અને ૭મી માત્રા પર. કાલનું ચિહ્ન '0' છે. આ માત્રા હાથ બાજુએ કરીને દર્શાવવી.

**તાળી :** ૧લી, ૫મી, ૯મી અને ૧૧મી માત્રા પર. આ માત્રાઓ પર એક જ તાળી પાડવી.

**તાલ એકતાલ – એકગણી એકગણી એટલે મૂળ લય.**

| માત્રા | ૧ ૨ | ૩ ૪ | ૫ ૬ | ૭ ૮ | ૯ ૧૦ | ૧૧ ૧૨ |
|---|---|---|---|---|---|---|
| બોલ | ધિં ધિં | ધાગે ત્રક | તૂ ના | કત ત્તીં | ધાગે ત્રક | ધિ ના |
| ચિહ્ન | × | ૦ | ૨ | ૦ | ૩ | ૪ |

**તાલ એકતાલ – બમણું – બમણું એટલે એક માત્રામાં બે માત્રા લેવી.**

| માત્રા | ૧ ૨ | ૩ ૪ | ૫ ૬ | ૭ ૮ | ૯ ૧૦ | ૧૧ ૧૨ |
|---|---|---|---|---|---|---|
| બોલ | ધિંધિં ધાગેત્રક | તૂના કત્તીં | ધાગેત્રક ધિના | ધિંધિં ધાગેત્રક | તૂના કત્તીં | ધાગેત્રક ધિના |
| ચિહ્ન | × | ૦ | ૨ | ૦ | ૩ | ૪ |

**કરી જુઓ :**

- એક વિદ્યાર્થીએ તબલા પર બોલ વગાડવા અને અન્ય વિદ્યાર્થીઓએ તાલ ઓળખવો.

| એકગણું : | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધા | ગે | ન | તી | ન | ક | ધિ | ન |
| બમણું | | | | | | | |
| ધા ગે | ન તી | ન ક | ધિ ન | ધા ગે | ન તી | ન ક | ધિ ન |

- તાળીના આધારે એક ગણી અને બમણી કરીને બતાવવી અને તેનો મહવરો કરાવવો.
- ગત વર્ષના અભ્યાસક્રમમાં શીખવેલા તાલ વગાડીને ઓળખવા માટે કહેવું.
- પ્રથમ પૃષ્ઠ પરના ક્યુ. આર. કોડમાં આપેલો તાલ અને તેનો બમણો સંભળાવીને વિદ્યાર્થીઓ પાસે પ્રવૃત્તિ કરાવવી..

CG –2
C– 2.2
LO–06AE41

## સ્વાધ્યાય

**અ) યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

**૧) સંગીતમાં લય એટલે શું?**

સા) માત્ર તાળી પાડવી   રે) ગીતના શબ્દો અને સંગીત

ગ) મોટા અવાજે ગાવું   મ) બે માત્રા વચ્ચેનું સમાન અંતર

જવાબ :

**૨) શાસ્ત્રીય સંગીતમાં લયના મુખ્ય કેટલા પ્રકાર માનવામાં આવે છે**

સા) ૪   રે) ૩   ગ) ૫   મ) ૨

જવાબ :

**૩) બમણી એટલે શું?**

સા) નવા બોલ તૈયાર કરવા   રે) એક માત્રામાં બે માત્રા કહેવી

ગ) બોલ ઝડપથી કહેવા   મ) એક-એક માત્રા કહેવી

જવાબ :

**૪) એકતાલમાં કેટલી ખાલી માત્રા છે?**

સા) ૬   રે) ૩   ગ) ૪   મ) ૨

જવાબ :

**૫) 'એરણ ગજે ને ધમણ ધૂમે' આ ગીત લયના કયા પ્રકારમાં આવે છે?**

સા) મધ્ય લય   રે) દ્રુત લય   ગ) વિલંબિત લય   મ) ધીમી લય

જવાબ :

**૬) પાઠમાંનું કયું ગીત દ્રુત લયના પ્રકારમાં આવે છે?**

સા) પોવાડો   રે) ભાવગીત   ગ) દેશભક્તિ ગીત   મ) ઉપરોક્ત તમામ

જવાબ :

**૭) એકતાલની એકગણી અને બમણી તમારી નોટબુકમાં લખો.**

# ૧૨ યુગલગીત અને સમૂહગીત

**સમૂહગીત :** એટલે અનેક વિદ્યાર્થીઓ એકસાથે મળીને એક જ સ્વરમાં, એક જ તાલમાં અને એક જ ભાવનાથી ગાયેલું ગીત. તેના દ્વારા એકતાની ભાવના, સહકારની વૃત્તિ અને શિસ્તનો વિકાસ થાય છે. સમૂહગીત માત્ર સંગીતનો એક પ્રકાર નથી, પરંતુ તે વ્યક્તિત્વ વિકાસ માટે પણ ઉપયોગી છે.

**સમૂહગીત સાંભળીએ અને ગાઈએ**
**અમે ભારત માતાનાં બાળકો**

અમે ભારત માતાનાં બાળકો રે,
જેનો ગરવો ગણાય ઈતિહાસ ... અમે ભારત.

જેને શિરે હિમાલય શોભતો રે,
જેમાં ગંગા નદીનો નિવાસ ... અમે ભારત.

વેદ ગીતા લખાયા જેની ગોદમાં રે,
મહાભારત રામાયણ સાથ ... અમે ભારત.

રામ કૃષ્ણ ને બુદ્ધ ની ભોમકા રે,
વિનોબાજી જ્યાં દેતા પ્રકાશ રે ...અમે ભારત.

જેમાં ગાંધી ગોપાળ ને તિલક થયા રે,
જેમાં જન્મ્યા જવાહરલાલ રે ... અમે ભારત.

થયા રાણા પ્રતાપ ને સુભાષ જયાં રે,
થયા શિવાજી સરીખા મહાવીર ... અમે ભારત.

જેમાં ભગતસિંહ ને સુખદેવ થયા રે ,
થયા આઝાદ શા એકલવીર ... અમે ભારત.

કર્યું છે અખંડ ભારત જેમણે રે ,
થયા છે સરદાર શા શુરવીર ...અમે ભારત.

આવે છે આઝાદ દિન અનેરો રે,
લખીએ અનેરો અમર ઈતિહાસ ... અમે ભારત.



**સમૂહગીતનાં અન્ય કેટલાંક ઉદાહરણો :**

૧) રસ્તો કરી જવાના
૨) માણુસકીચ્યા શત્રૂ સંગે

આ ગીતો સાંભળીને ગાવાનો પ્રયત્ન કરો.

- સૂરતાલ સહિત સમૂહગીતનું ગાન કરાવવું.
- પરંપરાગત અને આધુનિક સમૂહગીતો વિશે માહિતી આપવી.
- પ્રથમ પૃષ્ઠ પરનો ક્યુ. આર. કોડ સ્કેન કરીને સમૂહગીત સંભળાવવું અને વિદ્યાર્થીઓ પાસે ગવડાવવું.

CG -1
C- 1.2
LO-06AE38

**યુગલગીત (દ્વંદ્વગીત) (Duet Song) :** 'યુગલ' એટલે જોડી. જ્યારે બે કલાકારો એકસાથે મળીને કોઈ ગીત રજૂ કરે છે, ત્યારે તેને પયુગલગીતથ કહેવામાં આવે છે.

આ ગીત સંવાદના સ્વરૂપમાં અથવા એકબીજા પ્રત્યેની લાગણીઓ વ્યક્ત કરવા માટે ગાવામાં આવે છે.

**યુગલગીત સાંભળીએ અને ગાઈએ.**

### મહેનતની મોસમ

સોનાવરણી સીમ બની;
મેહુલિયે કીધી મ્હેર રે !
ભાઈ! મોસમ આવી મહેનતની.

નદિયુંના જલ નીતર્યાં
લોકોમાં લીલાલ્હેર રે
ભાઈ! મોસમ આવી મહેનતની

લીલો કંચન બાજરો
ને ઊજળો દૂધ કપાસ રે
ભાઈ! મોસમ આવી મહેનતની

જુવાર લોથે લૂમેઝૂમે
ને હૈયામાં હુલ્લાસ રે
ભાઈ! મોસમ આવી મહેનતની

ઉપર ઊજળાં આભમાં
કુંજડિયુંના કિલ્લોલ રે
ભાઈ! મોસમ આવી મહેનતની

વાતા મીઠાં વાયરા
ને લેતા મોલ હિલોળ રે
ભાઈ! મોસમ આવી મહેનતની

લિયો પછેડી દાતરડાં
આજ સીમ કરે છે સાદ રે
ભાઈ! મોસમ આવી મહેનતની

રંગેસંગે કામ કરીએ
થાય મલક આબાદ રે
ભાઈ! મોસમ આવી મહેનતની

લીંપીગૂંપી ખળાં કરો
લાવો ઢગલેઢગલા ધાન રે
ભાઈ! મોસમ આવી મહેનતની

રળનારો તે માનવી
ને દેનારો ભગવાન રે
ભાઈ! મોસમ આવી મહેનતની

–નાથાલાલ દવે



### યુગલગીતના પ્રકાર :

અ) સ્ત્રી-પુરુષ યુગલગીત (દ્વંદ્વગીત)   બ) બે પુરુષોનું યુગલગીત (દ્વંદ્વગીત)

ક) બે સ્ત્રીઓનું યુગલગીત (દ્વંદ્વગીત)

**સ્ત્રી-પુરુષ યુગલગીત :** આ સૌથી સામાન્ય પ્રકાર છે. તેમાં પ્રેમગીતોનો સમાવેશ થાય છે.

**બે પુરુષોનું યુગલગીત :** મૈત્રી અથવા સંઘર્ષ પર આધારિત ગીતો. ઉદા : શોલે ફિલ્મનું 'યે દોસ્તી'.

**બે સ્ત્રીઓનું યુગલગીત :** સખીઓ વચ્ચેના સંવાદ અથવા નૃત્ય માટે ગવાતાં ગીતો. ઉદા : 'પિંગા' અથવા 'ડોલા રે ડોલા'.

### યુગલગીતની સંગીતાત્મક વિશેષતાઓ

**સંવાદ :** ગીતની પંક્તિઓ એવી રીતે રચાયેલી હોય છે કે જાણે બે વ્યક્તિઓ એકબીજા સાથે સંવાદ કરી રહી હોય.

**સ્વરસુસંગતતા** (હાર્મની) : બંને ગાયકોના અવાજ એકબીજાને પૂરક હોવા જોઈએ, જેથી ગીત સાંભળવામાં મધુર લાગે.

**ભાવ :** આ ગીતો દ્વારા ઘણીવાર નાયક અને નાયિકા વચ્ચેનો પ્રેમ, વિરહ અથવા આનંદ તેમજ બે મિત્રો-સખીઓ વચ્ચેની મૈત્રીનો ભાવ વ્યક્ત કરવામાં આવે છે.

**યુગલગીતોનાં અન્ય કેટલાંક ઉદાહરણો :**

૧) હો રંગ રસિયા ક્યાં રમી આવ્યા...   ૨) તુ મેરા દિલ તુ મેરી જાની...

આ યુગલગીતો સાંભળો અને ગાવાનોમહાવરો કરો.

## સ્વાધ્યાય

**૧) સાચું કે ખોટું તે લખો.**

અ) સમૂહગીત એટલે વિદ્યાર્થીઓએ એકસાથે મળીને સમૂહમાં ગાયેલું ગીત.

બ) સમૂહગીત સ્ફૂર્તિદાયક હોતું નથી.

ક) સમૂહગીતમાં માત્ર એક વિદ્યાર્થી ગાય છે.

**૨) યુગલગીતના પ્રકારો લખો.**

**આકૃતિબંધ પૂર્ણ કરો.**




- સૂરતાલ સહિત યુગલગીતનું ગાન કરાવવું.
- યુગલગીત અને સમૂહગીતનાં ઉદાહરણો જણાવવાં.
- પ્રથમ પૃષ્ઠ પરનો ક્યુ. આર. કોડ સ્કેન કરીને વિદ્યાર્થીઓને ગીતો સંભળાવવાં.

CG – 2
C– 2.1
LO–06AE39

# ૧૩ ચાલો, શાસ્ત્રીય સંગીત શીખીએ

અભિજાત શાસ્ત્રીય સંગીત શીખતાં પહેલાં કેટલીક મહત્વની બાબતોનો પરિચય મેળવી લઈએ.

**સંગીતના સ્વરના સંપૂર્ણ નામ :**

૧) સા – ષડ્જ
૨) રે – રિષભ
૩) ગ – ગાંધાર
૪) મ – મધ્યમ
૫) પ – પંચમ
૬) ધ – ધૈવત
૭) નિ – નિષાદ

**સંગીતમાં વપરાતા પારિભાષિક શબ્દોની વ્યાખ્યા**

**ચાલો, કરીએ :**

ભારતીય શાસ્ત્રીય સંગીતમાં સ્વરને આત્મા માનવામાં આવે છે. મુખ્યત્વે સપ્તકના બાર સૂરોનાં સ્થાન ચોક્કસપણે સમજવાં જોઈએ. આ માટે મૂળ નૈસર્ગિક સ્થાને રહેલા સાત શુદ્ધ સ્વર, ચાર કોમળ સ્વર અને એક તીવ્ર સ્વર, એમ કુલ બાર સ્વરસ્થાનોનો પરિચય હાર્મોનિયમ દ્વારા મેળવીશું. તેમજ હાર્મોનિયમ પર વગાડેલા શુદ્ધ, કોમળ અને તીવ્ર સ્વરો વચ્ચેનો તફાવત ઓળખવાનો પ્રયત્ન કરીશું.



શુદ્ધ સ્વર : સા રે ગ મ પ ધ નિ
કોમળ સ્વર : રે ગ ધ નિ
તીવ્ર સ્વર : મં

૧) **આરોહ** : ચઢતા ક્રમમાં જતા સ્વરસમૂહને 'આરોહ' કહેવામાં આવે છે.

જેમ કે, સા રે ગ મ પ ધ નિ સાં

૨) **અવરોહ** : ઊતરતા ક્રમમાં આવતા સ્વરસમૂહને 'અવરોહ' કહેવામાં આવે છે.

જેમ કે, સાં નિ ધ પ મ ગ રે સા

- સ્વરના પૂર્ણ નામ પૂછવાં.
- હાર્મોનિયમ પર સ્વરો વગાડી સ્વરો વચ્ચેનો તફાવત ઓળખવાની તક આપવી.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યૂ.આર. કોડને સ્કેન કરીને વિદ્યાર્થીઓને ગીતો સંભળાવવાં.

CG – 2
C– 2.2
LO–06AE40/42

૩) **અલંકાર** : નિયમબદ્ધ આરોહ-અવરોહના સમૂહને 'અલંકાર' કહેવામાં આવે છે.

ઉદાહરણ . આરોહ - સારેગ રેગમ ગમપ મપધ પધનિ ધનીસાં

અવરોહ - સાંનિધ નિધપ ધપમ પમગ મગરે ગરેસા

૪) **રાગ** : મનોરંજન કરનારા વિશિષ્ટ સ્વરોની નિયમબદ્ધ રચનાને 'રાગ' કહેવામાં આવે છે.

૫) **વાદી સ્વર** : રાગમાં વારંવાર આવતો મુખ્ય સ્વર એટલે 'વાદી સ્વર'.

૬) **સંવાદી સ્વર** : રાગમાં વાદી સ્વર પછી આવતો ઉપમુખ્ય સ્વર એટલે 'સંવાદી સ્વર'.

૭) **વર્જ્ય સ્વર** : રાગમાં જે સ્વરોનો ઉપયોગ કરવામાં આવતો નથી, તે વર્જ્ય સ્વર કહેવાય છે.

૮) **પકડ** : રાગની ઓળખ કરાવતા સ્વરસમૂહને 'પકડ' કહેવામાં આવે છે.

૯) **સમ** : તાલની પહેલી માત્રાને 'સમ' કહેવામાં આવે છે.

૧૦) **કાલ (ખાલી)** : હાથ પર તાળી વગાડીને ઠેકો આપતી વખતે તાળી ન પાડીને હાથને બાજુએ ફેરવીને દર્શાવવામાં આવતી માત્રાને 'કાલ' અથવા ખાલી કહેવામાં આવે છે.

૧૧) **તાળી** : સમ અને કાલ સિવાયના બાકીના દરેક વિભાગની પહેલી માત્રાને તાળી કહેવામાં આવે છે.

૧૨) **રાગ જાતિ** : રાગના આરોહ અને અવરોહમાં આવેલા સ્વરોની સંખ્યાના આધારે રાગની જાતિ નક્કી કરવામાં આવે છે.

૫ સ્વર - ઓડવ, ૬ સ્વર - ષાડવ, ૭ સ્વર - સંપૂર્ણ જાતિ

## રાગ - ભૂપ(શાસ્ત્રીય માહિતી)

રાગ ભૂપ, જેને 'ભૂપાલી' પણ કહેવામાં આવે છે, તે ભારતીય શાસ્ત્રીય સંગીતનો અત્યંત મધુર અને શાંત રસપ્રધાન રાગ છે.

**રાગ પરિચય** : આ રાગ 'કલ્યાણ' થાટમાંથી ઉત્પન્ન થયો છે.

**વિશેષતાઓ** : આ રાગમાં બધા સ્વરો 'શુદ્ધ લાગે છે. તેમાં 'મ' (મધ્યમ) અને 'નિ' (નિષાદ) આ બે સ્વરો લેવામાં આવતા નથી, એટલે કે તે બંને વર્જ્ય છે.

**જાતિ** : આરોહ અને અવરોહ બંનેમાં ૫-૫ સ્વરો લાગતા હોવાથી આ રાગની જાતિ 'ઓડવ-ઓડવ' છે.

**વાદી સ્વર** : 'ગ' (ગંધાર) **સંવાદી સ્વર** : 'ધ' (ધૈવત) છે.

**ગાવાનો સમય** : આ રાગ રાત્રિના પ્રથમ પ્રહરમાં (સામાન્ય રીતે સાંજે ૬થી ૯ વાગ્યા દરમિયાન) ગવાય છે. ભારતીય શાસ્ત્રીય સંગીતમાં દરેક રાગ તેના માટે નિર્ધારિત ચોક્કસ સમયે જ ગાવામાં કે વગાડવામાં આવે છે.

**આરોહ** : સા રે ગ પ ધ સાં
**અવરોહ** : સાં ધ પ ગ રે સા
**પકડ** : ગ રે સા, ધ સા રે ગ, પ ગ, ધ પ ગ, રે સા.

**લક્ષણગીત** : જે ગીતમાં રાગનું સંપૂર્ણ વર્ણન કાવ્યરૂપે રજૂ કરવામાં આવે છે, તેને '**લક્ષણગીત**' કહેવામાં આવે છે.

રાગની માહિતીનું વર્ણન કરનારા ગીતને લક્ષણગીત કહેવામાં આવે છે. આ વર્ષે આપણે ભૂપ રાગના લક્ષણગીતનો અભ્યાસ કરીશું.

## લક્ષણગીત - તાલ ત્રિતાલ

સ્થાયી : गुणी जन राग भूपाली सुनावत
सबसूर शुद्‌ध म नी न लगावत ।

અંતરા : ग ध वादी संवादी बनावत
प्रथम प्रहर निशी गान सुनावत
ओडव रचना मन को लुभावत॥

**મંદ્ર સપ્તક :**
**સ્થાન :** તે મધ્ય સપ્તકની નીચે (નીચેની પટ્ટીમાં) હોય છે.
**અવાજ :** તેમાં ગવાતા સ્વરોનો અવાજ ખૂબ ગંભીર હોય છે.
**ચિહ્‌ન :** આ સપ્તકના સ્વરોની નીચે ટપકું (.) કરવામાં આવે છે. (જેમ કે, નિ, ધ, પ)
**તાર સપ્તક :**
**સ્થાન :** તે મધ્ય સપ્તકની ઉપર (ઉપરની પટ્ટીમાં) હોય છે.
**અવાજ :** તેમાં ગવાતા સ્વરોનો અવાજ ખૂબ ઊંચો અને પાતળો હોય છે.
**ચિહ્‌ન :** આ સપ્તકના સ્વરોની ઉપર ટપકું (–̇) આપવામાં આવે છે. (જેમ કે,સાં, રેં, ગં)

### લક્ષણગીતનું નોટેશન :

**સ્થાયી** — તાલ - ત્રિતાલ

| | | | |
|---|---|---|---|
| ગ ધ પ ગ | રે સા – રે | સા ધ઼ સા રે | ગ રે ગ ગ |
| गु णी ज न | रा ऽ ग भू | पा ऽ ली सू | ना ऽ व त |
| ૦ | ૩ | × | ૨ |
| ગ ગ પ પ | ધ ધ ધ પ | ધ સાં ધ પ | ગ રે સા સા |
| स ब सु र | शु ऽ ध्द म | नी ऽ न ल | गा ऽ व त |
| ૦ | ૩ | × | ૨ |

**અંતરા**

| | | | |
|---|---|---|---|
| ગ ધ પ – | ધ ગ પ ધ | સાં – સાં સાં | ધ ધ સાં સાં |
| ग ध वा ऽ | दी ऽ सं ऽ | वा ऽ दी ब | ना ऽ व त |
| ૦ | ૩ | × | ૨ |
| ધ ધ સાં સાં | રેં રેં રેં રેં | સાં રેં ગં રેં | સાં ધ પ પ |
| प्र थ म प्र | ह र नि शी | गा ऽ न सु | ना ऽ व त |
| ૦ | ૩ | × | ૨ |
| ધ ગં રેં રેં | સાં સાં ધ પ | ધ સાં ધ પ | ગ રેં સા સા |
| ओ ऽ ड व | र च ना ऽ | म न को लु | भा ऽ व त |
| ૦ | ૩ | × | ૨ |

- લક્ષણગીતનો સૂરતાલ સહિત મહાવરો કરાવવો.
- પ્રથમ પૃષ્ઠ પરનો ક્યૂ.આર. કોડ સ્કેન કરીને લક્ષણગીત સંભળાવવું અને વિદ્યાર્થીઓ પાસે ગવડાવવું.

CG – 3
C– 3.2
LO–06AE46

બંદિશ એટલે શાસ્ત્રીય સંગીતમાં તાલ અને સ્વરમાં બાંધેલી કાવ્યરચના.

**બંદિશ – તાલ ત્રિતાલ**

સ્થાયી : सुरासूर भजत मुनीवर शंकर
समदर्शी प्रभू हर गिरीजावर ।
અંતરા : जटाजूट शिर गौंग बिराजे
कर त्रिशूल अहि भूखन साजे
उग्र वेष अत हृदय दयाधर ॥

**રાગ – ભૂપ બંદિશ (ગીત)**

**સ્થાયી** — **તાલ – ત્રિતાલ**

| | | | |
|---|---|---|---|
| પ ગ – પ | ગ રે સા રે | સા ધ઼ સા રે | ગ રે ગ ગ |
| सु रा ऽ सू | र भ ज त | मु नी व र | शं ऽ क र |
| ० | ३ | × | २ |
| ગ ગ પ ધ | સાં – ધ પ | ધ સાં ધ પ | ગ રે સા રે |
| स म द र | शी ऽ प्र भू | ह र गि रि | जा ऽ व र |
| ० | ३ | × | २ |

**અંતરા**

| | | | |
|---|---|---|---|
| પ ગ – પ | – પ સાં ધ | સાં – સાં સાં | સાં રેં સાં – |
| ज टा ऽ जू | ऽ ट शि र | गौं ऽ ग बि | रा ऽ जे ऽ |
| ० | ३ | × | २ |
| ધ ધ ધ સાં | – સાં રેં રેં | સાં રેં ગં રેં | સાં રેં સાં ધ |
| क र त्रि शू | ऽ ल अ ही | भू ऽ ख न | सा ऽ जे ऽ |
| ० | ३ | × | २ |
| પ – ગ પ | – પ ધ પ | ધ સાં ધ પ | ગ રે સા રે |
| उ ऽ ग्र वे | ऽ ष अ त | ह द य द | या ऽ ध र |
| ० | ३ | × | २ |

- સૂરતાલ સહિત બંદિશનું ગાયન કરાવવું.
- પ્રથમ પૃષ્ઠ પરનો ક્યૂ.આર. કોડ સ્કેન કરીને બંદિશ સંભળાવવી અને વિદ્યાર્થીઓ પાસે ગવડાવવી.

CG – 3
C– 3.2
LO–06AE46

ભારતીય ફિલ્મ સંગીત અને ભાવસંગીતમાં રાગ ભૂપ (ભૂપાલી) ખૂબ જ લોકપ્રિય છે. આ રાગમાં ગવાયેલાં કેટલાક પ્રસિદ્ધ ગીતો નીચે મુજબ છે.

**ગુજરાતી ગીતો :**

૧. નયનને બંધ રાખીને મેં ...

૨. પાંદડું લીલું ને રંગ રાતો ...

૩. જય જનની, જય જીવનધાત્રી ...

૪. વીજળીના ચમકારે મોતીડા પરોવો ...

**હિન્દી ગીતો :**

૧. જ્યોતિ કલશ છલકે (ફિલ્મ : ભાભી કી ચૂડિયાં) -- લતા મંગેશકર.

૨. પંખ હોતે તો ઉડ આતી રે (ફિલ્મ : સેહરા) -- લતા મંગેશકર.

**વાદ્યોના પ્રકાર :**

સંગીતશાસ્ત્રમાં ગાયનની સાથે વાદનકલાને પણ મહત્ત્વ આપવામાં આવ્યું છે. વાદ્યોના આકાર, પ્રકાર, અવાજ, ગુણધર્મ અને શૈલી અનુસાર તેમનું વર્ગીકરણ કરવામાં આવે છે. વાદ્યોના નીચે મુજબ કુલ ચાર પ્રકાર છે.



**૧) તંતુવાદ્ય :** વાદ્યોના આ પ્રકારમાં તારને છેડીને, આઘાત કરીને અથવા તાર પર ઘર્ષણ થવાથી નાદ ઉત્પન્ન થાય છે.

ઉદાહરણ - સિતાર, તાનપુરો, વીણા, સારંગી, ગિટાર, એકતારો, વાયોલિન, સંતૂર, સરોદ વગેરે.

**૨) સુષિર વાદ્ય :** આ વાદ્યો હવાની મદદથી વગાડવામાં આવે છે.

ઉદાહરણ - વાંસળી, હાર્મોનિયમ, શંખ, પાવો, તુતારી, શરણાઈ, સેક્સોફોન, ટ્રમ્પેટ, ક્લેરોનેટ વગેરે.





**૩) અવનદ્ધ વાદ્ય :** આ પ્રકારમાં ચામડાથી મઢેલા અને આઘાત કરીને વગાડવામાં આવતા વાદ્યોનો સમાવેશ થાય છે.

ઉદાહરણ તબલા, પખાવજ, ઢોલ,ત્રાંસા, નગારું, મૃદંગમ, ડ્રમસેટ, કોંગો, બોંગો વગેરે.

૪) **ઘનવાદ્ય :** ધાતુ અથવા લાકડામાંથી બનાવેલા અને એકબીજા પર આઘાત કરીને વગાડવામાં આવતાં વાદ્યોનો તેમાં સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે ઝાંઝ, કરતાલ, મંજીરા, ઝાલર, ટ્રાયએન્ગલ, ખંજરી, વગેરે.



**વાદ્યોની જાળવણી :**

કલાકારો માટે સંગીતની સાધના જેટલી મહત્ત્વની છે, તેટલી જ વાદ્યોની જાળવણી પણ મહત્ત્વની છે. તમારી પાસે રહેલાં સુષિર વાદ્યોની યોગ્ય રીતે કાળજી લેવા માટે નીચેના કેટલાક મહત્ત્વના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જોઈએ.

સુષિર વાદ્યો, જેમ કે વાંસળી, શરણાઈ, ક્લેરોનેટ, બ્યુગુલ, તુતારી વગેરે અત્યંત નાજુક હોય છે. તેમની યોગ્ય કાળજી લેવાથી તેમનો મધુર અવાજ અને આયુષ્ય જળવાઈ રહે છે.

**૧. દૈનિક સ્વચ્છતા અને જાળવણી**

- વાદ્ય વગાડી લીધા પછી તેના અંદરના ભાગને નરમ અને સૂકા કપડાથી (cleaning cloth) સાફ કરવો.
- શરણાઈ અથવા તે પ્રકારનાં વાદ્યોમાં વપરાતી બે પાંખડીવાળી જીભાળી (Reed) વગાડી લીધા પછી અલગ કાઢીને સૂકવી રાખવી.

**૨. સુરક્ષિત જગ્યા અને વાતાવરણ**

- વાદ્યોને બારી પાસે અથવા સીધા સૂર્યપ્રકાશમાં ન રાખવા. અન્યથા લાકડા અથવા વાંસમાં તિરાડ પડી શકે છે. ધાતુનાં વાદ્યોમાં પણ હવામાન અનુસાર ફેરફાર થઈ શકે છે.
- વાદ્યોને વધારે ગરમ અથવા ભેજવાળી જગ્યાએ રાખવાનું ટાળવું.
- વાદ્યનો ઉપયોગ કર્યા પછી તેને પેટીમાં અથવા યોગ્ય આવરણમાં રાખીને સુરક્ષિત જગ્યાએ મૂકવું.

**૩. રાસાયણિક ઉત્પાદનોનો ઉપયોગ ટાળવો**

વાદ્યોને ચમકાવવા માટે ઘરેલુ સફાઈનાં દ્રવ્યો (ક્લીનર) અથવા રસાયણોનો ઉપયોગ ન કરવો. તેનાથી વાદ્યને નુકસાન થઈ શકે છે.

**૪. વ્યક્તિગત ઉપયોગ**

શક્ય હોય ત્યાં સુધી વાદ્યો બીજાને વગાડવા આપવા નહીં. વાદ્યનો ઉપયોગ કરતાં પહેલાં હાથ સ્વચ્છ ધોઈ લેવાથી વાદ્ય પર પરસેવો અથવા તેલના ડાઘ પડતા નથી.

**સંગીતમાં રંગમંચીય શિષ્ટાચાર અને રીતરિવાજ :**

ભારતીય સંગીતમાં અનેક રીતરિવાજો, પરંપરાઓ અને શિષ્ટાચારનું પાલન કરવામાં આવે છે. તે ગુરુ-શિષ્ય પરંપરાનો એક ભાગ છે. તેમાં સંગીત સાધના (રિયાઝ), ગુરુવંદના, રાગના સમયનું પાલન અને રજૂઆતની વિશિષ્ટ પદ્ધતિ વગેરે બાબતોનો સમાવેશ થાય છે. તેમાંથી કેટલાક રીતરિવાજો નીચે મુજબ છે;

૧) **ગુરુ-શિષ્ય પરંપરા :** સંગીત ક્ષેત્રમાં ગુરુને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવે છે. ગુરુના સાનિધ્યમાં રહીને જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે છે.

૨) **સંગીત સાધના :** કોઈ ઘટકનો વારંવાર મહાવરો કરીને સ્વર તેમ જ અવાજ પર નિયંત્રણ મેળવવું એટલે 'સંગીત સાધના'. સંગીતની સાધના એટલે દીર્ઘ કાળનો મહાવરો. આ મહાવરો રાત્રે મોડે સુધી અથવા વહેલી સવારે ઊઠીને કરવામાં આવે છે.

- સંગીતના રીતરિવાજો અને રંગમંચીય શિષ્ટાચાર વિશે માહિતી આપવી.
- વાદ્યોના પ્રકારો વિશે ઉદાહરણ સહિત માહિતી આપવી.

CG – 3
C– 3.1
LO–06AE43/44

૩) **ગુરુને નમન** : ગાયન-વાદન પહેલાં ગુરુને નમસ્કાર કરવા, ગુરુ તેમજ  વાદ્યો પ્રત્યે આદર વ્યક્ત કરવો.

૪) **રજૂઆતમાં શિસ્ત** : ગાયન-વાદન પહેલાં તબલા, તાનપુરા વગેરે જરૂરી વાદ્યોને યોગ્ય સ્વરમાં ગોઠવી લેવા.

૫) **રાગ અને સમય** : ભારતીય સંગીતમાં ચોક્કસ રાગ ચોક્કસ સમયે ગાવાની પરંપરા છે. તેને શાસ્ત્રીય સંગીતનો આધાર માનવામાં આવે છે.

આ રીતરિવાજો સંગીતની ગંભીરતા અને પવિત્રતા જાળવી રાખે છે. અહીં શિસ્ત, આદર અને મહાવરો ખૂબ જ મહત્ત્વના છે. તેના કારણે આત્મવિશ્વાસ અને કલાકૌશલ્યમાં વધારો થાય છે.

## રંગમંચ વ્યવસ્થાપન

### રંગમંચ વ્યવસ્થાપન માટે જરૂરી ઘટકોની માહિતી

સંગીતમાં રંગમંચ વ્યવસ્થાપન અત્યંત મહત્ત્વની કલા છે. તેના કારણે કાર્યક્રમની રજૂઆત સફળ બને છે. સંગીતમાં રંગમંચ વ્યવસ્થાપનની મુખ્ય વિશેષતાઓ અને જવાબદારીઓ નીચે મુજબ છે

સંગીતમાં રંગમંચ વ્યવસ્થાપન સામાન્ય રીતે બે પ્રકારનું હોય છે.

અ) **મહેફિલ માટેની રંગમંચ વ્યવસ્થા** : જેમાં કાર્યક્રમ ગાયનનો છે કે વાદનનો? વાદ્યો કેવી રીતે અને ક્યાં ગોઠવવાનાં? બેઠક વ્યવસ્થા કેવી હોવી જોઈએ? તેની સાથે જરૂરી સાહિત્ય લાવવા- લઈ જવાની વ્યવસ્થા પણ કરવી પડે છે. કલાકારોનો સમય, તેમની બેઠક વ્યવસ્થા, યોગ્ય ધ્વનિક્ષેપક વ્યવસ્થા વગેરેનું આયોજન કરવું પડે છે.

આ) **સંગીત નાટક** : આમાં ઉપરોક્ત નિયમોની સાથે અભિનય અને સંગીતનો સમન્વય હોય છે. તેથી નાટકની સંહિતા અનુસાર પ્રવેશ, નિર્ગમન અને સંગીતનો સમય જાળવવો મહત્ત્વનો છે.

**સંગીતમાં રંગમંચ વ્યવસ્થાપનની મુખ્ય વિશેષતાઓ અને જવાબદારીઓ :**

૧) **સમન્વયક** : રંગમંચ વ્યવસ્થાપક- દિગ્દર્શક, કલાકારો, સંગીતકારો અને તકનીકી કર્મચારીઓ વચ્ચેની મુખ્ય કડી હોય છે. સૌની સાથે સંકલન સાધીને કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પાડવાની જવાબદારી તેની હોય છે.

૨) **તકનીકી વ્યવસ્થાપન** : કાર્યક્રમ માટે પ્રકાશ વ્યવસ્થા(લાઈટ), ધ્વનિ વ્યવસ્થા(સાઉન્ડ સિસ્ટમ), માઇક્રોફોન વગેરેની ગોઠવણ કરવી.

૩) **રંગમંચની ગોઠવણ** : ગાયક અને વાદકની બેઠક વ્યવસ્થા નક્કી કરવી. જરૂરિયાત મુજબ વાદ્યો, માઇક્રોફોન અને અન્ય સાહિત્યની ગોઠવણ કરવી.

૪) **સમયપત્રક** : કાર્યક્રમનો સમય નક્કી કરવો. કાર્યક્રમ પહેલાં રંગમંચ(સ્ટેજ) પર મહાવરો તેમજ ધ્વનિ ચકાસણી કરવી(સાઉન્ડ ચેક).

૫) **સુરક્ષા અને આરોગ્ય** : કલાકારો, તકનીકી કર્મચારીઓ અને પ્રેક્ષકોની સુરક્ષાની કાળજી લેવી.

૬) **સંવાદ** : પ્રકાશ વ્યવસ્થાપક, ધ્વનિ સંયોજક, વેશભૂષા વ્યવસ્થાપક, મુખ્ય કલાકારો, ગાયકો અને વાદકો વચ્ચે સંવાદ અને સંકલન સાધીને સફળતાપૂર્વક  કાર્યક્રમ  પાર પાડવો.

- રંગમંચ વ્યવસ્થાપન માટે જરૂરી ઘટકો વિશે માહિતી આપવી.

CG – 3
C– 3.1/3.2
LO–06AE43/45

ટૂંકમાં સંગીતમાં રંગમંચ વ્યવસ્થાપન કલાકારોને તેમના કાર્યક્રમની રજૂઆત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરે છે અને પડદા પાછળની તમામ તકનીકી બાબતો સંભાળીને પ્રેક્ષકોને એક પરિપૂર્ણ અનુભવ કરાવે છે.

### કલાકારોની વિશે માહિતી

**ભારતીય સંગીતને વિશ્વમાં માનભર્યું સ્થાન અપાવનારા અનેક પ્રસિદ્ધ કલાકારો છે. તેમના કેટલાક કલાકારો વિશે માહિતી મેળવીએ.**

- **પં. વિષ્ણુ નારાયણ ભાતખંડે (શાસ્ત્રીય સંગીત ગાયક)**



**નામ :** વિષ્ણુ નારાયણ ભાતખંડે ઉર્ફે વિષ્ણુ શર્મા

**જન્મ :** ૧૦ ઑગસ્ટ, ૧૮૬૦ના રોજ મુંબઈમાં થયો.

**ગુરુ :** ઉસ્તાદ અલીહુસેન પાસેથી ખ્યાલ ગાયકી તેમજ
રાવજીબુવા બેલબાગકર પાસેથી ધ્રુપદ ગાયકી આત્મસાત કરી.

**ગાયન શૈલી :** ઉત્તર હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીત.

**પ્રસિદ્ધ ગ્રંથો :** (૧) 'લક્ષ્યસંગીત' નામનો સંસ્કૃત ગ્રંથ લખ્યો.
(૨) 'હિંદુસ્તાની સંગીત પદ્ધતિ' નામના ચાર ગ્રંથ લખ્યા.
(૩) 'ક્રમિક પુસ્તક માલિકા' ગ્રંથના છ ભાગ લખ્યા.

**સંગીત સંસ્થાઓ :** (૧) 'મૅરિસ કૉલેજ ઑફ મ્યુઝિક' નામક શૈક્ષણિક સંસ્થાની સ્થાપના કરી.
(૨) વડોદરામાં સંગીત મહાવિદ્યાલયની સ્થાપના કરી.

પંડિત વિષ્ણુ નારાયણ ભાતખંડેએ તૈયાર કરેલી સ્વરલિપિ આજે પણ પ્રચલિત છે.

**શિષ્યવર્ગ :** પં. રાતંનજકર, રાજાભૈયા પૂંછવાલે

**મૃત્યુ :** ૧૯ સપ્ટેમ્બર, ૧૯૩૬

- **ભારતરત્ન એમ. એસ. સુબ્બુલક્ષ્મી**



**નામ :** મદુરાઈ ષણ્મુખવડિવુ સુબ્બુલક્ષ્મી

**જન્મ :** ૧૬ સપ્ટેમ્બર, ૧૯૧૬, મદુરાઈ, મદ્રાસ.

**કાર્યક્ષેત્ર :** ગાયન, કર્ણાટક સંગીત.

**ગુરુ :** માતા અક્કમલાઈ તેમજ શ્રીનિવાસ અય્યંગર,
મુસિરી સુબ્રહ્મણ્યમ અય્યર પાસેથી કર્ણાટક સંગીત અને
સિદ્ધેશ્વરી દેવી તથા પં. નારાયણરાવ વ્યાસ પાસેથી ઉત્તર હિંદુસ્તાની સંગીત શીખ્યાં.

**ગાયન શૈલી :** દક્ષિણ ભારતીય શાસ્ત્રીય સંગીત (કર્ણાટક શૈલી)

**કારકિર્દી :** દસ વર્ષની ઉંમરે તેમનું પ્રથમ ધ્વનિમુદ્રણ બહાર પડ્યું (કેસેટ બહાર પડી). ૧૭ વર્ષની ઉંમરે ચેન્નઈની

'મ્યુઝિક એકેડમી'માં કાર્યક્રમ રજૂ કર્યો. 'મીરા' ફિલ્મમાં અભિનય કર્યો. દક્ષિણ ભારતીય સંતોની રચનાઓ ઉપરાંત સંત મીરાબાઈ, સંત તુલસીદાસ, કબીર, સંત તુકારામની રચનાઓ, અભંગો અને દોહાઓ પણ ગાયાં છે. તેમણે ગાયેલાં વિષ્ણુસહસ્ત્રનામ, ભજ ગોવિંદમ્, મધુરાષ્ટકમ્ ખૂબ લોકપ્રિય છે.

**માન-સન્માન** :

(૧) પદ્મભૂષણ (૧૯૫૪) (૨) સંગીત નાટક અકાદમી પુરસ્કાર (૧૯૫૬)

(૩) સંગીત કલાનિધિ પુરસ્કાર (૧૯૬૮) (૪) રેમન મેગ્સેસે પુરસ્કાર (૧૯૭૪)

(૫) પદ્મવિભૂષણ (૧૯૭૫) (૬) સંગીત કલાશિખરમણિ પુરસ્કાર (૧૯૭૫)

(૭) કાલિદાસ સન્માન (૧૯૮૮) (૮) ભારત રત્ન (૧૯૯૮)

**મૃત્યુ** : ૧૧ ડિસેમ્બર, ૨૦૦૪. ચેન્નઈ, તમિલનાડુ.



- **ઉસ્તાદ ઝાકીર હુસેન**

**નામ** : ઉસ્તાદ ઝાકીર હુસેન અલ્લારખાં કુરેશી

**જન્મ** : ૯ માર્ચ, ૧૯૫૧.

**ગુરુ** : ઉસ્તાદ અલ્લારખાં

**વાદનશૈલી** : પંજાબ ઘરાણાની જોરદાર અને દમદાર વાદનશૈલી. શાસ્ત્રીય સંગીત, જાઝ અને ફ્યુઝન.

**પ્રસિદ્ધ આલ્બમ** : ૧૯૭૩માં 'લિવિંગ ઇન ધ મટિરિયલ વર્લ્ડ'

**પુરસ્કારો** : (૧) પદ્મશ્રી પુરસ્કાર (૧૯૮૮)

(૨) વર્ષ ૧૯૯૨ અને ૨૦૦૯માં સંગીત ક્ષેત્રનો સૌથી પ્રતિષ્ઠિત 'ગ્રેમી એવોર્ડ'

(૩) પદ્મભૂષણ પુરસ્કાર (૨૦૦૨)

**મૃત્યુ** : ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪. સાન ફ્રાન્સિસ્કો (અમેરિકા).

- **પંડિત હરિપ્રસાદ ચૌરસિયા (જ્યેષ્ઠ વાંસળીવાદક)**



**નામ** : પંડિત હરિપ્રસાદ ચૌરસિયા

**જન્મ** : ૧ જુલાઈ, ૧૯૩૮. ઉત્તર પ્રદેશના અલાહાબાદ ખાતે.

**ગુરુ** : પંડિત રાજારામ પાસેથી હિન્દુસ્તાની ગાયકીનું શિક્ષણ અને પંડિત ભોલાનાથ પ્રસન્ન પાસેથી વાંસળીનું શિક્ષણ મેળવ્યું.

**વાદનશૈલી** : મેહર-સેનિયા ઘરાણાની વાદનશૈલી.

**પુસ્તક** : 'બાંસુરીનો બાદશાહ' નામનું પુસ્તક પ્રસિદ્ધ થયું.

**પુરસ્કારો** : (૧) સંગીત નાટક અકાદમી પુરસ્કાર (૧૯૮૪) (૨) કોણાર્ક સન્માન (૧૯૯૨)

(૩) પદ્મભૂષણ (૧૯૯૨) (૪) યશભારતી સન્માન (૧૯૯૪)

(૫) હાફિઝ અલી ખાન સન્માન (૨૦૦૦)　　　(૬) દીનાનાથ મંગેશકર પુરસ્કાર (૨૦૦૦)

(૭) પદ્મવિભૂષણ (૨૦૦૦)

**આલ્બમ :** કોલ ઑફ ધ વેલી

**શિષ્યો :** સંતોષ સંત, વિવેક સોનાર, રાકેશ ચૌરસિયા

**• ભારત રત્ન લતા મંગેશકર**

**નામ :** લતા દીનાનાથ મંગેશકર

**જન્મ :** ૨૮ સપ્ટેમ્બર, ૧૯૨૯. ઇન્દોર. મૂળ ગામ મંગેશી, ગોવા.

**કાર્યક્ષેત્ર :** ગાયન

**ગુરુ :** માસ્ટર દીનાનાથ મંગેશકર, અમાન અલી ખાન ભેંડીબજારવાલે, દેવાસના ઉસ્તાદ અમાનત ખાન, સંસ્કૃત પંડિત તુલસીદાસ શર્મા.

**ગાયન શૈલી :** સુગમ સંગીત.

**કારકિર્દી :** પાંચ વર્ષની ઉંમરે સંગીત નાટકોમાં બાળ કલાકારની ભૂમિકા ભજવી. ત્યારબાદ ફિલ્મોમાં પાર્શ્વગાયનની શરૂઆત કરી. ભારતના વિવિધ પ્રાંતોની ભાષાઓનો અભ્યાસ કરીને વિવિધ ગીતો ગાયાં છે. 'આનંદઘન' ઉપનામથી ફિલ્મોમાં સંગીત દિગ્દર્શન પણ કર્યું છે.

**માનસન્માન :**

(૧) પદ્મભૂષણ પુરસ્કાર (૧૯૬૯)

(૨) દાદાસાહેબ ફાળકે પુરસ્કાર (૧૯૮૯)

(૩) ઇન્દિરા ગાંધી પુરસ્કાર (૧૯૯૪)

(૪) રાજીવ ગાંધી રાષ્ટ્રીય સદભાવના પુરસ્કાર (૧૯૯૭)

(૫) મહારાષ્ટ્ર ભૂષણ પુરસ્કાર (૧૯૯૭)

(૬) પદ્મવિભૂષણ પુરસ્કાર (૧૯૯૯)

(૭) ભારત રત્ન પુરસ્કાર (૨૦૦૧)

(૮) ફિલ્મફેર એવોર્ડ

(૯) અનેક વિદ્યાપીઠો તરફથી ડી.લિટ.ની પદવી

(૧૦) પાર્શ્વગાયન ક્ષેત્રે તેમની ઉજ્જવળ કારકિર્દીની ગિનેસ બુકમાં નોંધ.

(૧૧) ભારતની કોકિલા તરીકે ઓળખ.



**મૃત્યુ :** ૦૬ ફેબ્રુઆરી, ૨૦૨૨. મુંબઈ.

- કલાકારોના જીવનકાર્ય તથા તેમની ગાયન-વાદન શૈલીનો પરિચય કરાવવો.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલા ક્યુઆર. કોડને સ્કેન કરીને વીડિયો બતાવવો.

CG -4
C- 4.2
LO-06AE49/50

## સ્વાધ્યાય

**૧) સ્વરના પૂર્ણ નામ લખો.**

જેમ કે, સા - ષડ્જ

૧) ગ - ______

૨) પ - ______

૩) નિ - ______

૫) મ - ______

૬) ધ - ______

૪) રે - ______

**૨) આકૃતિબંધ પૂર્ણ કરો.**

રાગ - ભૂપ

- વાદી સ્વર ...............
- સંવાદી સ્વર ...............
- વર્જ્ય સ્વર ...............

**૩) આકૃતિબંધ પૂર્ણ કરો.**

વાદ્યોના પ્રકાર

- ..................................
- ..................................
- ..................................
- ..................................

- આકૃતિબંધ અનુસાર સાંગીતિક ઘટકોનું વિશ્લેષણ કરાવવું

CG -2
C- 2.2
LO-06AE42

# ૧૪ સ્થાનિક લોકસંગીતનો પરિચય

ભારત વિવિધતાથી ભરેલો દેશ છે. ભારતમાં અનેક પ્રાંતો આવેલા છે. દરેક પ્રાંતની ભાષા અલગ છે. દરેક પ્રાંત પ્રમાણે રીત-રિવાજો અને પરંપરાઓ પણ જુદી જુદી છે. લોકસંગીત દ્વારા તે પ્રદેશના લોકજીવન, ઇતિહાસ અને સંસ્કૃતિનો પરિચય થાય છે. તેથી જ લોકસંગીતને લોકજીવન અને લોકસંસ્કૃતિનો અરીસો પણ કહેવામાં આવે છે.

લોકસંગીત સમાજની સંસ્કૃતિનું, પરંપરાનું અને ભાવનાનું નૈસર્ગિક દર્શન કરાવનાર એક મહત્વનું માધ્યમ છે. આ સંગીત પેઢી દર પેઢી મૌખિક પરંપરા દ્વારા જળવાઈ રહ્યું છે અને સ્થાનિક લોકજીવન સાથે ગાઢ રીતે જોડાયેલું છે.

**લોકસંગીતની વિશેષતાઓ :**

૧) **સામૂહિકતા :** લોકસંગીત સામાન્ય રીતે સમૂહમાં ગવાય અથવા રજૂ કરવામાં આવે છે. તહેવારો, ઉત્સવો, ખેતીનાં કામો અથવા સામાજિક પ્રસંગોમાં સામૂહિકતાનો આવિષ્કાર જોવા મળે છે. ઉદાહરણ તરીકે ગોંધળ, કૃષિ ગીતો, ભલરી, ભોંડળાનાં ગીતો, પોવાડા, ભજન, ભારૂડ વગેરે.

૨) **મૌખિક પરંપરા :** આ સંગીત કોઈ પણ લેખિત સાહિત્ય વિના એક પેઢીથી બીજી પેઢી સુધી માત્ર સાંભળીને અને ગાઈને પહોંચાડવામાં આવે છે. ઉદાહરણ તરીકે, પ્રભાતિયાં, હાલરડાં, ફટાણા, રાસ, ગરબા, મરસિયા, નાગપંચમીનાં ગીતો, લગ્નગીતો, વગેરે.

૩) **સરળતા અને ગેયતા :** લોકસંગીતની રચના ખૂબ જ સરળ હોય છે. તેથી સામાન્ય લોકો તેને સરળતાથી શીખી અને ગાઈ શકે છે. ઉદાહરણ તરીકે આરતી, શ્લોક વગેરે.

૪) **પ્રાદેશિક અસ્મિતા :** દરેક પ્રદેશના હવામાન, ભાષા અને વ્યવસાય અનુસાર ત્યાંના લોકસંગીતમાં ફેરફાર જોવા મળે છે. તેના કારણે તે પ્રદેશની બોલીભાષા, કહેવતો અને શબ્દભંડોળ જળવાઈ રહે છે.

૫) **પરંપરાગત વાદ્યોનો ઉપયોગ :** લોકસંગીતમાં મુખ્યત્વે ઢોલકી, મંજીરા, મૃદંગ, હલગી, ઘૂઘરૂ, દિમડી, ડફ, વાંસળી, સંબળ, ઝાંઝ, કરતાલ, ટિમકી, ટીપરી, ખંજરી જેવા સ્થાનિક વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે.

**સ્થાનિક લોકસંગીતમાં લોકસંસ્કૃતિ :**

૧) **ભક્તિપ્રધાન લોકસંગીત** : આ પ્રકારમાં ભારૂડ, પદપ્રભાતિયા ભજન, કીર્તન, જાગરણ-ગોંધળ વગેરેનો સમાવેશ થાય છે.

૨) **મનોરંજન અને શૌર્યગાથા** : આમાં મહારાષ્ટ્રની લોકપ્રિય લાવણી તેમજ શાહિરો દ્વારા ડફ પર થાપ આપીને ગવાતાં શૌર્યગીતો અને પોવાડાનો સમાવેશ થાય છે.

૩) **શ્રમગીતો અને પ્રકૃતિગીતો** : આમાં ભોંડળાનાં ગીતો, કોળી ગીતો, કૃષિ ગીતો, ભલરી વગેરે ગીતોનો સમાવેશ થાય છે.

**સ્થાનિક લોકસંગીતમાં વપરાતાં વાદ્યો :**

૧) **ઢોલકી :** મુખ્યત્વે લાવણી અને પોવાડા જેવા ગીતપ્રકારોમાં સંગત માટે ઢોલકીનો ઉપયોગ કરવામાં આવે છે. ઢોલકીને આડી રાખીને બંને હાથેથી વગાડવામાં આવે છે. ઢોલકી બનાવવા માટે સામાન્ય રીતે આશરે બે ફૂટ લાંબું પોલું લાકડાનું થડ વપરાય છે. તેની બંને બાજુ ચામડું મઢવામાં આવે છે. તેની ડાબી બાજુ કદમાં મોટી હોય છે, જ્યારે જમણી બાજુ નાની હોય છે. આ નાની બાજુના ચામડા પર શાહી લગાવવામાં આવે છે. તેના કારણે ઢોલકીમાંથી મધુર અને સુરીલો નાદ ઉત્પન્ન થાય છે.



૨) **મંજીરા :** મુખ્યત્વે ભજન અને કીર્તનમાં આ વાદ્યનો ઉપયોગ કરવામાં આવે છે. મંજીરા પિત્તળ અથવા કાંસું જેવી ધાતુમાંથી બનાવવામાં આવે છે. એકબીજા પર હળવેથી આઘાત કરવાથી નાદ ઉત્પન્ન થાય છે.





૩) **મંજીરામાંથી :** આ વાદ્યનો ઉપયોગ લાવણી, પોવાડા, જાગરણ-ગોંધળ વગેરે કાર્યક્રમોમાં કરવામાં આવે છે. આ વાદ્ય લાકડાના પોલા ગોળાકાર ભાગને નીચેની બાજુએ ચામડાથી મઢીને બનાવવામાં આવે છે. તેની સાથે વાંસની એક દાંડી જોડાયેલી હોય છે. આ વાદ્યમાં ચામડાના મધ્યભાગમાંથી લાકડાની દાંડીના ઉપરના ખૂંટા સુધી એક જ તાર બાંધવામાં આવે છે. તારને છેડવાથી તુણતુણ જેવો વિશિષ્ટ અવાજ આવે છે. તેથી આ વાદ્યને તુનતુની કહે આવે છે.



૪) **બાંસળી :** વાંસળીને બંસી, મુરલી અથવા પાવો પણ કહેવામાં આવે છે. ખાસ પ્રકારના પોલા વાંસમાંથી  બનાવવામાં આવે છે. ધાતુમાંથી પણ વાંસળી બનાવવામાં આવે છે. વાંસળીને સ્વર ઉત્પન્ન કરવા માટે ચોક્કસ અંતરે ૬થી ૮ છિદ્રો હોય છે. મોઢેથી હવા ફૂંકીને અને હાથની આંગળીઓથી છિદ્રોને ખોલ-બંધ કરીને સ્વર ઉત્પન્ન કરવામાં આવે છે.



૫) **દિમડી :** આ વાદ્યનો ઉપયોગ લોકસંગીતમાં ભજન, ભારૂડ, જાગરણ-ગોંધળ, પોવાડા જેવા લોકગીતો માટે કરવામાં આવે છે. સામાન્ય રીતે આશરે ૧૫ સેન્ટિમીટર વ્યાસ ધરાવતું અને ૩થી ૪ ઇંચ પહોળા લાકડાનું ગોળાકાર કડું વપરાય છે. કડાની એક બાજુએ ચામડું ખેંચીને મજબૂત રીતે બેસાડવામાં આવે છે. દિમડીને ડાબા હાથમાં પકડીને જમણા હાથની આંગળીઓથી વગાડવામાં આવે છે.

**લોકસંગીતના કલાકારોનો પરિચય :** લોકકલાને ઉચ્ચ શિખર સુધી લઈ જનારા અનેક કલાકારો છે. તેમાંથી કેટલાક કલાકારોનો પરિચય મેળવી લઈએ.

### • વિઠ્ઠલ બંસી ક્ષીરસાગર (તબલા અને ઢોલકીવાદક)

**જન્મ :** ૧ સપ્ટેમ્બર, ૧૯૪૩ના રોજ સોલાપુર ખાતે થયો. તેમના પિતા શહેનાઈવાદક હોવાથી તેમને ઘરેથી જ સંગીતની પરંપરા પ્રાપ્ત થઈ હતી.

**ગુરુ :** સોલાપુરના પંડિત ભીમરાવ કનકધર, હૈદરાબાદના ઉસ્તાદ શેખ દાઉદ ખાં તેમજ ઇંદૂરના ધૂળજી ખાંનું પણ માર્ગદર્શન પ્રાપ્ત થયું.

**વાદન શૈલી :** લોકસંગીત અને શાસ્ત્રીય સંગીત.



**સાંગીતિક કાર્ય :** ભારતમાં અનેક નામી ગાયક અને વાદકોને સંગત આપી.
૫૦ મરાઠી, હિન્દી અને કાનડી ફિલ્મોમાં તબલા-ઢોલકીની સંગત આપી.
૧૯૮૪થી ૨૦૦૩ દરમિયાન આકાશવાણીના પુણે કેન્દ્ર ખાતે તબલાવાદક તરીકે કાર્ય કર્યું. તેમની 'તાલયાત્રા' નામે તબલા, ઢોલકી, પખાવજ અને ઢોલક વાદનની કેસેટ પ્રસિદ્ધ થઈ છે.

**પુરસ્કાર :** ૧) પંડિત ભીમસેન જોશી સ્વરભાસ્કર 'સંગતકાર' પુરસ્કાર
૨) સંગીતકાર રામ કદમ જીવનગૌરવ પુરસ્કાર

**મૃત્યુ :** ૧૭ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ પુણે ખાતે તેમનું અવસાન થયું.

* **શાહીર વિઠ્ઠલ ઉમપ**



**જન્મ :** ૧૫ જુલાઈ, ૧૯૩૧ના રોજ મુંબઈમાં એક મિલ કામદારના પરિવારમાં તેમનો જન્મ થયો.

**ગાયન શૈલી :** લોકસંગીત

**લોકકલામાં યોગદાન :**

– તેઓ સંત એકનાથનાં ભારૂડ અને છત્રપતિ શિવાજી મહારાજના પોવાડા અત્યંત તન્મયતાથી અને જુસ્સાથી રજૂ કરતા હતા.
– તેમણે અનેક સામાજિક અને જનજાગૃતિ ફેલાવતાં શાહિરી કાવ્યો લખ્યાં હતાં.
– તેમણે મહારાષ્ટ્રની લોકસંસ્કૃતિનાં દર્શન કરાવતાં અનેક લોકગીતો ગાયાં હતાં.
– તેમના અવાજમાં રજૂ થયેલો 'જાંભૂળ આખ્યાન' નામનો લોકકલાપ્રકાર ખૂબ જ લોકપ્રિય થયો હતો.
– અણ્ણાભાઉ સાઠેનું 'માઝી મૈના ગાવાવર રાહિલી, માઝ્યા જીવાચી હોતીયા કાહિલી' આ ગીત તેમના પોતાના અવાજથી અમર બની ગયું છે.

**ફિલ્મ અને રંગભૂમિ પરનું કાર્ય :**

- 'ડૉ. બાબાસાહેબ આંબેડકર', 'ટિંગ્યા', 'બિહીર' જેવી અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધ થયેલી ફિલ્મોમાં તેમણે યાદગાર ભૂમિકાઓ ભજવી હતી.
- 'શ્યામચી આઈ', 'આંધળં દળતં' જેવી નાટ્યકૃતિઓમાં પણ તેમણે અભિનય કર્યો હતો.

**પુરસ્કારો અને સન્માન :**

૧) લોકકલાના ક્ષેત્રમાં તેમની લાંબી અને નોંધપાત્ર સેવાઓ માટે તેમને 'સંગીત નાટક અકાદમી પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

૨) તેમને મહારાષ્ટ્ર સરકારના અનેક સાંસ્કૃતિક પુરસ્કારો પણ પ્રાપ્ત થયા હતા.

**મૃત્યુ :** ૨૬ નવેમ્બર, ૨૦૧૦, નાગપુર.

* સ્થાનિક લોકસંગીતમાં ઉપયોગમાં લેવાતાં વાદ્યોની માહિતી મેળવવી.
* સ્થાનિક લોકવાદ્યોનું વર્ગીકરણ કરવું.
* સ્થાનિક કલાકારોના જીવન અને કાર્યનો પરિચય મેળવવો.

CG –4
C– 4.1/4.2
LO–06AE47/48/50

## સ્વાધ્યાય

**૧) આકૃતિબંધ પૂર્ણ કરો.**

(અ)




(બ)




**૨) લોકવાદ્યોનાં નામ લખો.**

અ] તાલવાદ્ય – ..........................................................................

બ] તંતુવાદ્ય – ..........................................................................

ક] સુષિરવાદ્ય – ..........................................................................

**૩) તમને ગમતા કોઈ એક વાદ્યનું ચિત્ર દોરો અને તેના ભાગોના નામ દર્શાવો.**

**૪) તમને ગમતું કોઈ એક લોકગીત લખો.**

# નૃત્ય અને હલનચલન



# ૧૫ આપણી શાસ્ત્રીય નૃત્યશૈલી

શાસ્ત્રીય ગ્રંથોને અનુસરીને પરંપરાગત પદ્ધતિથી રજૂ કરવામાં આવતું નૃત્ય એટલે ભારતીય શાસ્ત્રીય નૃત્ય. ભારતમાં જુદા-જુદા પ્રદેશોમાં સામાન્ય રીતે નવ શાસ્ત્રીય નૃત્યશૈલીઓ છે એવું માનવામાં આવે છે. આ નૃત્યશૈલીઓ આપણા દેશની સાંસ્કૃતિક ઓળખ કરાવે છે.

**૧. કથક :**



કથક નૃત્યશૈલીનો ઉદ્ભવ ઉત્તર ભારતમાં થયો છે. તેમાં હિન્દુસ્તાની સંગીતનો ઉપયોગ કરવામાં આવે છે. કથકનૃત્ય એકલ તેમજ સામૂહિક સ્વરૂપે પણ રજૂ કરવામાં આવે છે. આ નૃત્ય સ્ત્રીઓ પુરુષો બને રજૂ કરે છે. સ્ત્રીઓ વસ્ત્રોમાં ઘાઘરા, અનારકલી, કુંદનના આભૂષણો, ઘૂંઘરૂ વગેરેનો ઉપયોગ થાય છે. જ્યારે પુરુષો કુર્તા, સલવાર અથવા ધોતી અને પગમાં ઘૂંઘરૂ પહેરીને નૃત્ય રજૂ કરે છે. સમપાદ સ્થાન, ઝડપી ચક્કર, લયબદ્ધ પગલાં તથા વિવિધ હલનચલન અને અભિનય દ્વારા રજૂઆત કરવી એ આ નૃત્યશૈલીની વિશેષતાઓ છે.

આ નૃત્યશૈલીના સંગીતમાં મુખ્યત્વે પખાવજ, તબલા, હાર્મોનિયમ અને સારંગી જેવા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે. કથક નૃત્યશૈલીમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર કલાકારો છે પંડિત બિરજુ મહારાજ અને ગુરુ ડૉ. રોહિણી ભાટે.

**૨. ભરતનાટ્યમ્ :**

ભરતનાટ્યમ્ તમિલનાડુ રાજ્યમાં ઉદ્ભવેલી નૃત્યશૈલી છે. તેમાં કર્ણાટક સંગીતનો ઉપયોગ કરવામાં આવે છે. કથકની જેમ આ નૃત્ય પણ એકલ તેમજ સામૂહિક સ્વરૂપે રજૂ કરવામાં આવે છે. આ શૈલી સ્ત્રીપુરૂષો તેમજ પુરુષો બંને રજૂ કરે છે. સ્ત્રીઓ પોશાકમાં બ્લાઉઝ, સાડી, પાયજામો અથવા તેની સાથે જોડાયેલો જરીકિનારીવાળો પાલવનો ભાગ (Fan), તેમજ દક્ષિણ ભારતીય આભૂષણો અને પગમાં ઘૂંઘરૂ પહેરે છે. પુરુષો સદરો, ધોતી (વેષ્ટી), દક્ષિણ ભારતીય આભૂષણો અને પગમાં ઘૂંઘરૂ પહેરે છે. અરૈમંડી/આયત સ્થાન, મધ્ય લય, શારીરિક હલનચલન અને અભિનયનો સમતોલ ઉપયોગ તથા વિવિધ કથાઓનું કથન એ આ નૃત્યશૈલીની વિશેષતાઓ છે. આ શાસ્ત્રીય નૃત્યના સંગીત માટે સામાન્ય રીતે મૃદંગ, ઘટમ્, વાંસળી અને વાયોલિન જેવા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે. ભરતનાટ્યમ્ નૃત્યશૈલીમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર કલાકાર ગુરુ ડૉ. સુચેતા ભીડે-ચાફેકર છે.



### ૩. કુચીપુડી



કુચીપુડી નૃત્યશૈલીનો ઉદ્‌ભવ આંધ્ર પ્રદેશની નાટ્ય પરંપરામાંથી થયો છે. આ શૈલીમાં કર્ણાટક સંગીતનો ઉપયોગ કરવામાં આવે છે. કુચીપુડી નૃત્ય એકલ તેમજ સમૂહમાં પણ રજૂ કરવામાં આવે છે અને આ નૃત્ય સ્ત્રી-પુરુષો બંને રજૂ કરે છે. સ્ત્રીઓના પોશાકમાં બ્લાઉઝ, સાડી, પાયજામો અથવા તેની સાથે જોડાયેલો જરીકિનારીવાળો પાલવનો ભાગ (fan) વગેરેનો સમાવેશ થાય છે. આ સાથે દક્ષિણ ભારતીય આભૂષણો, સુંદર કેશરચના અને પગમાં ઘૂંઘરૂ પહેરવામાં આવે છે. પુરુષોના વસ્ત્રોમાં સદરો, ધોતી (વેષ્ટી), દક્ષિણ ભારતીય આભૂષણો અને પગમાં ઘૂંઘરૂ પહેરવામાં આવે છે. કુચીપુડીમાં હલનચલન લયબદ્ધ, ચપળ અને આકર્ષક હોય છે. અભિનયનો સમતોલ ઉપયોગ તેમજ અમુક અંશે પ્રાદેશિક હલનચલનનો સમાવેશ આ નૃત્યની વિશેષતા છે.

આ નૃત્યશૈલીના સંગીતમાં મુખ્યત્વે મૃદંગ, વાયોલિન, વાંસળી અને તાનપુરા જેવા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે. આ નૃત્યશૈલીમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર કુચીપુડી કલાકાર ગુરુ વિજય પ્રસાદ છે.

### ૪. ઓડિસી :

ઓડિસી નૃત્યશૈલીનો ઉદ્‌ભવ ઓડિશા રાજ્યનાં મંદિરોમાં થયો છે અને તેમાં ઓડિશાના પ્રાદેશિક સંગીતનો ઉપયોગ કરવામાં આવે છે. આ શૈલી એકલ તેમજ સામૂહિક પદ્ધતિથી રજૂઆત કરવામાં આવે છે. પરંપરાગત પદ્ધતિ અનુસાર આ શૈલી પુરુષો અને સ્ત્રીઓ બંને રજૂ કરે છે. સ્ત્રીઓના સ્ત્રી પોષાકમાં બ્લાઉઝ, સાડી, વિજારી સાથે જોડાયેલો જરીકિનારીવાળો પાલવનો ભાગ (fan) વગેરેનો સમાવેશ થાય છે. આ સાથે સ્થાનિક ચાંદીના આભૂષણો અને પગમાં ઘૂંઘરૂ પહેરવામાં આવે છે. પુરુષોના ધોતી, મર્યાદિત આભૂષણો અને પગમાં ઘૂંઘરૂ પહેરે આવે છે. ત્રિભંગી સ્થાન, ચૌક હસ્ત, મધ્ય લય, શારીરિક હલનચલન અને અભિનયનો સમતોલ ઉપયોગ તથા વિવિધ કથાઓનું કથન એ આ શૈલીની વિશેષતાઓ છે.

આ નૃત્યશૈલીના સંગીતમાં મુખ્યત્વે વાંસળી, વીણા, મંજીરા અને મર્દલમ્ જેવા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે. ઓડિસી નૃત્યશૈલીમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર કલાકારોમાં ગુરુ ઝેલમ પરાંજપેનો સમાવેશ થાય છે.



## ૫. મોહિનીઅટ્ટમ્ :



મોહિનીઅટ્ટમ્ નૃત્યશૈલીનો ઉદ્‌ભવ કેરળ રાજ્યમાં થયો છે. તેમાં કર્ણાટક સંગીત (સોપાન સંગીત)નો ઉપયોગ કરવામાં આવે છે. આ નૃત્યશૈલી મુખ્યત્વે એકલ પ્રકારની છે અને તે સ્ત્રીઓ દ્વારા રજૂ કરવામાં આવે છે. વસ્ત્રોમાં સફેદ વસ્ત્રો પહેરવાની પરંપરા છે. તેમાં બ્લાઉઝ, સાડી, કમરબંધ, સોનેરી આભૂષણો અને પગમાં ઘૂંઘરૂ પહેરવામાં આવે છે. અરમંડલ, લયબદ્ધ હલનચલન, સમગ્ર શરીરની સુંદર અને કોમળ હિલચાલ તથા વિવિધ કથાઓનું કથન આ નૃત્યશૈલીની વિશેષતાઓ છે.

આ નૃત્યશૈલીના સંગીતમાં મુખ્યત્વે મૃદંગમ, મદ્દલમ, ઇડક્કા, વીણા, વાયોલિન અને બાંસરી જેવા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે. મોહિનીઅટ્ટમ્ નૃત્યશૈલીમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર કલાકારોમાં ગુરુ ડૉ. કનક રેળેનો સમાવેશ થાય છે.

## ૬. કથકલી :



કથકલીનો ઉદ્‌ભવ કેરળ રાજ્યમાં થયો છે અને તેમાં કર્ણાટક સંગીત (સોપાન સંગીત)નો ઉપયોગ કરવામાં આવે છે. આ સામૂહિક રીતે રજૂ કરવામાં આવતી નૃત્યશૈલી છે અને તે મુખ્યત્વે પુરુષ કલાકારો દ્વારા રજૂ કરવામાં આવે છે. પાત્રો અનુસાર વિવિધ પ્રકારનાં વસ્ત્રો અને રંગોનો ઉપયોગ કરવામાં આવે છે. હસ્તમુદ્રાઓનો મુખ્ય ઉપયોગ તથા વિશિષ્ટ રંગભૂષા અને વેશભૂષા આ શૈલીની વિશેષતાઓ છે. આ નૃત્યશૈલીના સંગીતમાં મુખ્યત્વે ચેંડા, મદ્દલમ, ઇડક્કા, ચેંગિલા અને ઇલતાળમ (ઝાંઝ) જેવા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે. કથકલી નૃત્યશૈલીમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર કલાકાર કલામંડલમ ગોપી છે.

## ૭. મણિપુરી :



મણિપુરી નૃત્યશૈલીનો ઉદ્‌ભવ મણિપુર રાજ્યમાં થયો છે. તેમાં લોકસંગીત, સંકીર્તન સંગીત અને હિન્દુસ્તાની સંગીતનો ઉપયોગ કરવામાં આવે છે. આ નૃત્યશૈલી એકલ તેમજ સામૂહિક પદ્ધતિથી રજૂ કરવામાં આવે છે. સ્ત્રીઓ અને પુરુષો બંને આ નૃત્ય રજૂ કરે છે. પોશાકમાં સ્થાનિક વસ્ત્રો અને આભૂષણોનો ઉપયોગ કરવામાં આવે છે. ઉદા. સાડી, બ્લાઉઝ, કમરબંધ, ધોતી વગેરે. વૈષ્ણવ પરંપરાનું નૃત્ય, કોમળ અને લયબદ્ધ નૃત્યહલનચલન તથા પૂંગ જેવા વાદ્યો સાથે કરવામાં આવતું નૃત્ય એ આ શૈલીની વિશેષતાઓ છે. આ નૃત્યશૈલીના સંગીતમાં મુખ્યત્વે પૂંગ, કરતાલ (ઝાંઝ), વાંસળી, શંખ અને પેન (મણિપુરી તંતુવાદ્ય) જેવા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે. મણિપુરી નૃત્યશૈલીમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર કલાકાર ગુરુ દર્શના ઝવેરી છે.

## ૮. સત્રીય:



સત્રીય નૃત્યશૈલીનો ઉદ્ભવ આસામના છત્રામાં (મઠમાં) થયો છે. તેમાં આસામના પ્રાદેશિક સંગીત તેમજ ધાર્મિક સંગીતનો ઉપયોગ કરવામાં આવે છે. પરંપરા અનુસાર આ નૃત્યશૈલી પુરુષો રજૂ કરતા, પરંતુ હવે સ્ત્રીઓ પણ આ નૃત્ય રજૂ કરે છે. સ્થાનિક સફેદ વસ્ત્રો તેમજ આભૂષણોનો ઉપયોગ કરવામાં આવે છે. (ધોતિયું, કમરબંધ, સાડી, બ્લાઉઝ, આભૂષણો, ઘૂંઘરુ વગેરે.) વૈષ્ણવ પરંપરાની વિવિધ નૃત્યરચનાઓ અને તાલબદ્ધ હલનચલન આ શૈલીની વિશેષતાઓ છે.

આ નૃત્યશૈલીના સંગીતમાં મુખ્યત્વે ઉપયોગમાં લેવાતા વાદ્યોમાં ખોલ, ભોરતાલ/મંજીરા, નગારું, વાંસળી અને શંખનો સમાવેશ થાય છે. સત્રીય નૃત્યમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર કલાકાર ગુરુ જતીન ગોસ્વામી છે.

## ૯. છાઉ :



છાઉ ઓડિશા, ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં વિકસેલી નૃત્યશૈલી છે. તેમાં શાસ્ત્રીય સંગીત અને લોકસંગીતનો ઉપયોગ કરવામાં આવે છે. મુખ્યત્વે સમૂહમાં રજૂ થતી આ શૈલી સ્ત્રી અને પુરુષ બંને કલાકારો રજૂ કરે છે. મયૂરભંજ, સેરૈકેલા અને પુરુલિયા છાઉ નૃત્યના મુખ્ય પ્રકારો છે. જોશપૂર્ણ હલનચલન, યુદ્ધ આધારિત હલનચલન, વિવિધ કથાઓ જેવા કેટલાક પ્રકારોમાં કલાદૌ મહોરાંનો ઉપયોગ તેની વિશેષતા છે.

આ નૃત્યશૈલીના સંગીતમાં મુખ્યત્વે ઉપયોગમાં લેવાતા વાદ્યોમાં ઢોલ, ધુમસા, નગારું, મોહુરી, શરણાઈ અને ઝાંઝનો સમાવેશ થાય છે. છાઉ નૃત્યમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર કલાકાર ગુરુ શશધર આચાર્ય છે.

### નિરીક્ષણ અને ચર્ચા

બધી શાસ્ત્રીય નૃત્યશૈલીઓનો ઉદ્ભવ મંદિર અથવા નાટ્ય પરંપરામાં થયો છે. તેમ છતાં દરેક નૃત્યશૈલીમાં તે-તે પ્રદેશની પસંદગી અનુસાર ફેરફાર જોવા મળે છે. પુસ્તકમાં આપેલા શાસ્ત્રીય નૃત્યપ્રકારોના વીડિયો જોવા અને તેમાંના પદન્યાસ, મુદ્રા વગેરેનું નિરીક્ષણ કરવું. ત્યારબાદ આ નૃત્યપ્રકારોના ઉદ્ભવ, સંગીત, વેશભૂષા, એકલ/ સામૂહિક રજૂઆત અને વિશેષતાઓમાં રહેલી સમાનતા અને તફાવત વિશે વર્ગમાં ચર્ચા કરવી.

### નિરીક્ષણ, અભ્યાસ અને રજૂઆત

વિદ્યાર્થીઓએ વિવિધ શાસ્ત્રીય નૃત્યપ્રકારોના વીડિયો જોવા અને તેમાંના મૂળભૂત હલનચલન તથા મુદ્રાઓનું નિરીક્ષણ કરવું શિક્ષકના માર્ગદર્શન હેઠળ તેનો મહાવરો કરી રજૂઆત કરવી.

તે માટે નીચેના મુદ્દાઓનો આધાર લેવો.

અ. મૂળ સ્થિતિ/ઊભા રહેવાની પદ્ધતિ (જેમ કે, ભરતનાટ્યમ્ - અરૈમંડી)

બ. હાથ રાખવાની સ્થિતિ (જેમ કે, ઓડિસી – ચૌક)

ક. વીડિયોમાં આપેલા ગીત અથવા સંગીતનો તાલ સમજીને તેના આધારે પગ, હાથ તથા સમગ્ર શરીરના સરળ હલનચલનનો મહાવરો કરીને રજૂઆત કરવી.



ભરતનાટ્યમ્ – અરૈમંડી



ઓડિસી – ચૌક

## સ્વાધ્યાય

**૧. યોગ્ય જોડકાં જોડો.**

| નૃત્યપ્રકાર | રાજ્ય |
|---|---|
| ૧. ભરતનાટ્યમ્ | અ. કેરળ |
| ૨. કથક | બ. તમિલનાડુ |
| ૩. કથકલી | ક. મણિપુર |
| ૪. કુચિપુડી | ડ. ઉત્તર પ્રદેશ |
| ૫. મણિપુરી | ઇ. આંધ્ર પ્રદેશ |

**૨. નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. તમે જોયેલા શાસ્ત્રીય નૃત્યપ્રકારોમાંથી તમને કયો નૃત્યપ્રકાર વધુ ગમ્યો? શા માટે?

૨. તમારા પ્રદેશમાં કયા શાસ્ત્રીય અથવા લોકનૃત્યપ્રકારો જોવા મળે છે? તે નૃત્યપ્રકારોની વિશેષતાઓ કઈ છે?

૩. તમે જોયેલા શાસ્ત્રીય નૃત્યપ્રકારોમાં રહેલી સમાનતાઓ અને તફાવતો લખો.

- શિક્ષકોએ વિદ્યાર્થીઓને વિવિધ શાસ્ત્રીય નૃત્યશૈલીઓના વીડિયો બતાવવા. બધા નૃત્યોનું નિરીક્ષણ કર્યા પછી તેમાંથી કોઈ એક નૃત્યપ્રકારનું અનુકરણ, મહાવરો અને રજૂઆત કરવા પ્રેરિત કરવા.
- વધુ માહિતી માટે પ્રથમ પૃષ્ઠ પર આપેલો ક્યૂ.આર. કોડ સ્કેન કરો.

CG – 1
C–1.1, 1.2
LO06AE51/52/53

# ૧૬ નૃત્ય અને અભિવ્યક્તિ

શાસ્ત્રીય નૃત્યનો મૂળભૂત ઘટક એટલે અભિનય. (અભિ એટલે તરફ અને નય એટલે લઈ જવું.) પ્રેક્ષકોને નૃત્યમાં/રજૂઆતમાં રહેલા અર્થ તરફ લઈ જવા એટલે અભિનય. નૃત્યમાં શારીરિક હલનચલન, હાથની મુદ્રાઓનો ઉપયોગ અને ચહેરાના હાવભાવ દ્વારા કલાકાર કોઈ ભાવના વ્યક્ત કરે છે અને પ્રેક્ષકોને તેના અર્થ તરફ (રસ તરફ) લઈ જાય છે.

**અભિનયના ચાર પ્રકાર**

અભિનયના ચાર પ્રકાર માનવામાં આવે છે. તે નીચે મુજબ છે.

**૧. આંગિક અભિનય –**

શરીરનું હલનચલન, હસ્તમુદ્રાઓ અને ચહેરાના હાવભાવ દ્વારા ભાવ/અર્થ વ્યક્ત કરવો. (જેમ કે, દુઃખ દર્શાવવા માટે ઝાંખો ચહેરો, આનંદ વ્યક્ત કરતી વખતે કૂદકા મારવા અથવા ઉત્સાહપૂર્ણ હલનચલન કરવું વગેરે.





**૨. વાચિક અભિનય –**

શબ્દો, અવાજ, સંવાદ અથવા ગાયન દ્વારા ભાવ/અર્થ વ્યક્ત કરવો. (જેમ કે, નૃત્યમાં નિવેદન દ્વારા અર્થ રજૂ કરવો, નૃત્યમાં સંગીતના શબ્દો/બોલ વગેરેનો ઉપયોગ કરવો.)





**૩. આહાર્ય અભિનય –**

વેશભૂષા, રંગભૂષા, અલંકાર અને નેપથ્યની મદદથી કોઈ પાત્ર દર્શાવવું અને તેના દ્વારા ભાવ/અર્થ વ્યક્ત કરવો. (જેમ કે, મણિપુરી નૃત્યમાં રાધાની ભૂમિકા ભજવતી નૃત્યાંગના વિશિષ્ટ વેશભૂષા, આભૂષણો અને શિરોભૂષણ ધારણ કરે છે. આ સજાવટ દ્વારા રાધાનું પાત્ર સાકાર થાય છે.)



**સાત્ત્વિક અભિનય :** મનના ભાવ, સંવેદનાઓ અને અંતરમનની સ્થિતિને કુદરતી રીતે વ્યક્ત કરવામાં આવતા અભિનયને સાત્ત્વિક અભિનય કહેવામાં આવે છે. તેમાં ચહેરાના હાવભાવ, આંખોમાં થતા ફેરફારો, આંસુ, રોમાંચ, કંપન, પરસેવો, અવાજમાં થતા ફેરફારો વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. આ ચારેય પ્રકારના અભિનયનો સમાવેશ તમામ ભારતીય નૃત્યોમાં, ખાસ કરીને શાસ્ત્રીય નૃત્યોમાં, કરવામાં આવે છે. શાસ્ત્રીય નૃત્યમાં વાચિક અને આહાર્ય અભિનયની તુલનામાં આંગિક અને સાત્ત્વિક અભિનયનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરવામાં આવે છે.

અભિનય માટે માનવીય ભાવ-ભાવનાઓને સમજવી જરૂરી છે. આ ભાવનાઓ જ્યારે રંગમંચ પર રજૂ કરવામાં આવે છે, ત્યારે તેનું રસમાં રૂપાંતર થાય છે. સામાન્ય રીતે માનવીય ભાવ અને રસના નવ પ્રકાર માનવામાં આવે છે. તે નીચે મુજબ છે :

| ક્રમાંક | ભાવ | રસ | અર્થ | ચિત્ર |
|---|---|---|---|---|
| ૧. | રતિ | શૃંગાર | પ્રેમ |  |
| ૨. | હાસ | હાસ્ય | હસવું |  |
| ૩. | શોક | કરુણ | દુઃખ |  |
| ૪. | ક્રોધ | રૌદ્ર | ગુસ્સો |  |
| ૫. | ઉત્સાહ | વીર | શૌર્ય |  |

- શાસ્ત્રીય નૃત્ય-અભિનયના ચાર પ્રકાર ઉદાહરણ સાથે સમજાવો.
- નવરસનાં નામ અને નૃત્યમાં તેનો ઉપયોગ સમજાવો.

CG – 2
C–2.2
LO06AE51

| | | | | |
|---|---|---|---|---|
| ૬. | ભય | ભયાનક | ડર |  |
| ૭. | જુગુપ્સા | બીભત્સ | ઘૃણા |  |
| ૮. | વિસ્મય | અદ્ભુત | આશ્ચર્ય |  |
| ૯. | નિર્વેદ/શમ | શાંત | શાંતિ |  |

નૃત્યમાં માનવીય લાગણીઓ અને ભાવનાઓના વિવિધ પ્રકારો રસના માધ્યમથી વ્યક્ત કરવામાં આવે છે. ચહેરાના હાવભાવ, આંખોનું હલનચલન અને હસ્તમુદ્રાઓની મદદથી આ રસોને અસરકારક રીતે રજૂ કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે –

**૧. શૃંગાર રસ :** પ્રેમ, આનંદ અને આત્મીયતા દર્શાવતો રસ એટલે શૃંગાર રસ.

હાવભાવ : હળવું સ્મિત, શરમાળ ભાવ, કટાક્ષ.

ઉદાહરણ : રાધા-કૃષ્ણના પ્રેમભાવની નૃત્યમય રજૂઆત.

**૨. વીર રસ :** શૌર્ય, ધૈર્ય અને પરાક્રમ દર્શાવતો રસ એટલે વીર રસ.

હાવભાવ : આત્મવિશ્વાસપૂર્ણ ચહેરો, ટટ્ટાર ઊભા રહેવું.

ઉદાહરણ : છત્રપતિ શિવાજી મહારાજનું યુદ્ધમાં શૌર્ય.

**૩. રૌદ્ર રસ :** ક્રોધ વ્યક્ત કરતો રસ એટલે રૌદ્ર રસ.

હાવભાવ : મોટી આંખો, જોરદાર હલનચલન.

ઉદાહરણ : માતા દુર્ગા દ્વારા મહિષાસુરનો વધ..

દરેક ભારતીય શાસ્ત્રીય નૃત્યપ્રકારોમાં કરાતો વિવિધ હસ્તમુદ્રાઓનો ઉપયોગ એ તેની વિશેષતા છે. હસ્તોની ભાષા દ્વારા નૃત્યાંગના વિવિધ અર્થો વ્યક્ત કરે છે. એક હાથેથી કરવામાં આવતી હસ્તમુદ્રાઓને અસંયુક્ત હસ્ત કહેવામાં આવે છે. આવા કુલ ૨૮ અસંયુક્ત હસ્ત છે.



૧. પતાક ૨. ત્રિપતાક ૩. અર્ધપતાક ૪. કર્તરીમુખ ૫. મયૂર ૬. અર્ધચંદ્ર



૭. અરાલ ૮. શુકતુંડ ૯. મુષ્ટિ ૧૦. શિખર ૧૧. કપિથ્ય ૧૨.



૧૩. સૂચી ૧૪. ચંદ્રકલા ૧૫. પદ્મકોશ ૧૬. સર્પશીર્ષ ૧૭. મૃગશીર્ષ ૧૮. સિંહમુખશિખર



૧૯. કાંગુલ ૨૦. અલપદ્મ ૨૧. ચતુર ૨૨. ભ્રમર ૨૩. હંસાસ્ય ૨૪. હંસપક્ષ



૨૫. સંદંશ ૨૬. મુકુલ ૨૭. તામ્રચૂડ ૨૮. ત્રિશૂલ

### હસ્તમુદ્રાઓનો ભાવપૂર્ણ ઉપયોગ :

ભરતનાટ્યમ્, કથકલી અથવા કથક જેવા શાસ્ત્રીય નૃત્યોમાં હસ્તમુદ્રા સંવાદનો મુખ્ય ભાગ હોય છે. નર્તક શબ્દોનો ઉપયોગ કર્યા વિના માત્ર હસ્તમુદ્રાઓ દ્વારા વિવિધ ભાવનાઓ અને કથાઓ રજૂ કરે છે.

- વિદ્યાર્થીઓને હસ્તમુદ્રાઓ શીખવા પ્રોત્સાહિત કરી, તેનો અભ્યાસ કરાવવો. તેમજ હસ્તમુદ્રાઓનો ક્રમ બદલીને વિદ્યાર્થીઓની સ્મરણશક્તિને પ્રોત્સાહન મળે તેવી રમતો રમાડવી.
- વધુ માહિતી માટે પ્રથમ પૃષ્ઠ પર આપેલો ક્યૂઆર. કોડ સ્કેન કરો.

CG – 2
C–2.1/2.2
LO06AE55
/56

**ચાલો, કરીએ!**

**પતાકા હસ્ત (હાથ સંપૂર્ણ ખુલ્લો) :** આકાશ, વાદળ અથવા આશીર્વાદ દર્શાવવા માટે.

**શિખર હસ્ત :** અભિમાન, પુરુષત્વ અથવા પર્વત દર્શાવવા માટે.

**મુકુલ હસ્ત (કમળની કળી) :** દેવ, પ્રેમ અથવા કળી દર્શાવવા માટે.

**હસ્તમુદ્રાઓનું નિરીક્ષણ અને પ્રાત્યક્ષિક**

આપેલી હસ્તમુદ્રાઓનું નિરીક્ષણ કરીને તેમાંથી કઈ કઈ હસ્તમુદ્રાઓનો આપણે દૈનિક જીવનમાં ઉપયોગ કરીએ છીએ, તે વિશે ચર્ચા કરવી અને હસ્તમુદ્રાઓ જાતે કરવી.

જેમ કે, ફૂલો ભેગાં કરતી વખતે/રંગોળી પૂરતી વખતે ઉપયોગમાં લેવાતી હસ્તમુદ્રા.

**હસ્તમુદ્રાઓ દ્વારા બોલવું અને નૃત્ય કરવું**

આપેલી હસ્તમુદ્રાઓનું નિરીક્ષણ કરવું. તેમાંથી ત્રણ કે ચાર હસ્તમુદ્રાઓ પસંદ કરીને તેમાં હલનચલન ઉમેરવું અને હસ્તમુદ્રાઓ સાથે તે હલનચલનનો પ્રત્યક્ષ અભ્યાસ કરવો.

- **પોતાની ભાવનાઓની જાણ-ઓળખ**

વિદ્યાર્થીઓએ પોતાના દૈનિક જીવનમાં અનુભવાતી વિવિધ ભાવનાઓને ઓળખીને તે ભાવ અને રસને નૃત્ય-હલનચલનમાં રૂપાંતરિત કરવાનો પ્રયત્ન કરવો.

જેમ કે, ગળી અથવા ભાવતી વસ્તુ ખાધા પછી આપણો ચહેરો આનંદથી કેવી રીતે ખીલી ઊઠે છે.

કડવી અથવા ન ભાવતી વસ્તુ ખાધા પછી આપણા ચહેરા પર કેવા ભાવ ઉત્પન્ન થાય છે તેનું નિરીક્ષણ કરો અને તેનું પ્રાત્યક્ષિક કરી જુઓ.

- **અભિનય દ્વારા વ્યક્ત થાઓ!**

તમે શીખેલા રસ, ભાવ અને અભિનયના પ્રકારોનો વિચાર કરીને તેમાંથી કોઈ એક રસ પસંદ કરવો અને શિક્ષકના માર્ગદર્શન હેઠળ તેના આધારે નૃત્યની હલનચલનની રજૂઆત કરવી. (ઓછામાં ઓછું ૪થી ૫ હલનચલન અપેક્ષિત છે.)

જેમ કે, છત્રપતિ શિવાજી મહારાજ અથવા ઝાંસીની રાણી લક્ષ્મીબાઈના જીવન સાથે સંકળાયેલો યુદ્ધનો પ્રસંગ રજૂ કરવો. (વીર રસની રચના)

- **કથા આધારિત નૃત્યાવિષ્કાર**

કોઈપણ પૌરાણિક કથાનાં પાત્રો પસંદ કરીને તેમાંના કોઈ એક પ્રસંગ અથવા ઘટના પર નૃત્ય અથવા નાટિકા રજૂ કરો.

જેમ કે, ભક્ત પ્રહલાદ, સીતાહરણ, જાતકકથા અથવા બોધકથા વગેરે.

- શિક્ષકોએ વિદ્યાર્થીઓને આપણે દૈનિક જીવનમાં ભાવ અને રસનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ તે ઓળખવામાં મદદ કરવી તથા વિવિધ હલનચલન દ્વારા અભિવ્યક્ત થવા અંગે માર્ગદર્શન આપવું.
- સમાન જૂથો બનાવીને દરેક જૂથને એક કથા ફાળવવી અને રજૂઆત કરવા સંબંધી જરૂરી માર્ગદર્શન આપવું.
- જૂથ બનાવીને દરેક જૂથને એક-એક પ્રસંગ પસંદ કરવામાં મદદ કરવી. તેમાં વિવિધ ભાવનાઓનો સમાવેશ થવો જોઈએ.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલો ક્યૂ.આર. કોડ સ્કેન કરીને વીડિયો બતાવવો.

CG – 2
C–2.1\2.2
06AE54, 55, 56, 57

## સ્વાધ્યાય

**૧. નીચે આપેલી હસ્તમુદ્રાઓનો આપણે કેવી રીતે ઉપયોગ કરી શકીએ તે લખો.**

૧. કર્તરીમુખ – ..................................................................



..................................................................

..................................................................

૨. કપિત્થ – ..................................................................



..................................................................

..................................................................

૩. અર્ધચંદ્ર – ..................................................................



..................................................................

..................................................................

૪. કટકામુખ – ..................................................................



..................................................................

..................................................................

**૨. ચહેરા પરના ભાવ દર્શાવવા અને તેને ઓળખવા.**

પ્રવૃત્તિ : એક વિદ્યાર્થી ૬ રસમાંથી કોઈ એક રસના ભાવ પોતાના ચહેરા પર દર્શાવે અને અન્ય વિદ્યાર્થીઓ તે ભાવ તથા રસને ઓળખે. જેમ કે, શૃંગાર રસ, હાસ્ય રસ, ભય રસ, અદ્ભુત રસ, બીભત્સ રસ, કરુણ રસ.

**૩. દૈનિક જીવનના પ્રસંગો અથવા ઘટનાઓમાં નીચેની બાબતોનો સમાવેશ તથા વિચાર કરીને રજૂઆત કરો.**

- દૈનિક જીવનનો કોઈ પ્રસંગ પસંદ કરો.
- આ પ્રસંગમાં આવતી વિવિધ ભાવનાઓ તથા રસને ઓળખો.

**૪. કલ્પનાશક્તિનો ઉપયોગ કરીને કોઈ સરળ કથાનક તૈયાર કરો.**

(જેમ કે, બાળકો અને જંગલનાં પ્રાણીઓ વચ્ચેનો સંવાદ, બાળકો અને વૃક્ષો વચ્ચેનો સંવાદ વગેરે) તેના આધારે ગીત દ્વારા (ગાયન અને વાદ્યસંગીત સાથે) નૃત્ય રજૂ કરો. (જરૂરિયાત મુજબ શબ્દોનો ઉપયોગ કરવો.)

- વિદ્યાર્થીઓને વિવિધ હસ્તમુદ્રાઓનું નિરીક્ષણ કરી પ્રાત્યક્ષિક કરવા પ્રેરિત કરવા. હાથના વિવિધ હલનચલન કરવા પ્રેરિત કરવા. આ માટે વિદ્યાર્થીઓને પોતાને ગમતું ગીત અથવા તાલ પસંદ કરવા જણાવવું.
- પ્રથમ પૃષ્ઠ પર આપેલો ક્યૂ.આર. કોડ સ્કેન કરીને વીડિયો બતાવવો.

CG – 2
C–2.1\2.2
06AE54, 55, 56, 57

# ૧૭ નૃત્ય રજૂઆતના વિવિધ પાસાં

આપણે શાસ્ત્રીય નૃત્યના વિવિધ પ્રકારો જોયા. નૃત્યનો મહાવરો કર્યા પછી બધાંની ઈચ્છા હોય કે નૃત્યની વાસ્તવિક રજૂઆત વધુ અસરકારક બને. નૃત્યને અસરકારક રીતે રજૂ કરવા માટે મહાવરાની સાથે કેટલીક અન્ય તકનીકી બાબતો પણ મહત્વપૂર્ણ હોય છે.

### ૧. નૃત્યની રજૂઆત માટે જરૂરી તકનીકી વ્યવસ્થા

નૃત્યની રજૂઆત માટે નૃત્યમય હલનચલન અને તેના શાસ્ત્રનો અભ્યાસ કરવો જરૂરી છે. સાથે જ નીચેના તકનીકી ઘટકો અને સાધનોની માહિતી હોવી પણ મહત્વપૂર્ણ છે.

**૧. સંગીત સાહિત્ય –** નૃત્ય માટે યોગ્ય સંગીત સાહિત્ય (ગ્રંથો, પુસ્તકો) પસંદ કરતી વખતે તેમાં રહેલા શબ્દોની લયબદ્ધતા અને તેની પાછળ રહેલી ભાવનાઓનો વિચાર કરવો.



- નજીકના પ્રેક્ષાગૃહની મુલાકાતનું આયોજન કરવું. વિદ્યાર્થીઓને પ્રેક્ષાગૃહ અને નૃત્યની રજૂઆતમાં થતી વિવિધ તકનીકી વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરવા જણાવવું અને તેનું લેખન તથા ચિત્ર તૈયાર કરવા જણાવવું.
- સ્થાનિક રંગમંચ અથવા નાટ્યગૃહની મુલાકાત લઈને વિદ્યાર્થીઓને વાસ્તવિક મંચનો પરિચય કરાવવો.
- સ્થાનિક શાસ્ત્રીય નૃત્ય કલાકારોને આમંત્રિત કરીને તેમની નૃત્યવિષયક કાર્યશાળાનું આયોજન કરવું.

CG – 3
C–3.1
06AE58, 59,

**૨. સંગીત –** સંગીતના સ્વરોને નૃત્ય દ્વારા દશ્ય સ્વરૂપ આપતી વખતે તેમાં રહેલા સ્વરોના ચઢાવ-ઉતાર, અવાજમાં થતા ફેરફારો વગેરેને ધ્યાનમાં રાખીને નૃત્ય કરવું.

**૩. રંગભૂષા અને વેશભૂષા –** નૃત્યના વિષય અનુસાર રંગભૂષા અને વેશભૂષા નક્કી કરવામાં આવે છે. નૃત્યના પ્રકાર અનુસાર પોશાક, આભૂષણો, ઘૂંઘરુ, મેકઅપ, મહોરાં, પાઘડી વગેરે વસ્તુઓનો ઉપયોગ જરૂરી હોય છે.

**૪. નેપથ્ય –** નૃત્યના વિષયવસ્તુ, ભાવને વધુ સ્પષ્ટ કરવા માટે નેપથ્યનો ઉપયોગ કરવો. (જેમ કે, રંગમંચના પડદા પર ફૂલોની માળાથી સજાવટ કરવી વગેરે)

**૫. ધ્વનિ યોજના –** નૃત્યમાં ઉપયોગમાં લેવાતા સંગીત (ગાયન, વાદન વગેરે)નો અવાજ પ્રેક્ષકો સુધી પહોંચાડવા માટે વિશિષ્ટ ધ્વનિ વ્યવસ્થાની જરૂર પડે છે. (જેમ કે, માઇક્રોફોનના પ્રકાર, માઇક સ્ટૅન્ડ, કેબલ, સાઉન્ડ મોનિટર, સાઉન્ડ બોર્ડ, સ્પીકર વગેરે)

**૬. પ્રકાશ યોજના –** રંગમંચ પર રજૂ થતાં નૃત્યનું હલનચલન સ્પષ્ટ રીતે દેખાય તે માટે વિવિધ પ્રકારના પ્રકાશનો ઉપયોગ કરવામાં આવે છે (જેમ કે, સ્પોટ લાઇટ, હેલોજન, એલ.ઈ.ડી. લાઇટ વગેરે). આ લાઇટ પર વિવિધ રંગીન કાગળોનો ઉપયોગ કરતા, તેમાંથી આવતો રંગીન પ્રકાશ નૃત્યના વિશિષ્ટ ભાવને વધુ અસરકારક બનાવે છે. (જેમ કે, રૌદ્ર રસ/ગુસ્સો દર્શાવવા માટે લાલ રંગનો ઉપયોગ)

**૭. પ્રેક્ષાગૃહ –** પ્રેક્ષાગૃહના વિવિધ ભાગોનું નિરીક્ષણ કરો.

## ૨. રંગમંચ શિષ્ટાચાર

નૃત્ય, નાટ્ય અને સંગીત જેવી કલાની રજૂઆતનો સંપૂર્ણ આનંદ માણવા માટે, આ કળાઓ રજૂ કરતી વખતે તથા જોતી વખતે કેટલીક બાબતો/નિયમોનું પાલન કરવું જોઈએ.

**રંગમંચ પર કલાકારોએ રાખવાની સાવચેતી**

- રજૂઆતના સમય પહેલાં જ પ્રેક્ષાગૃહમાં તૈયાર રહેવું.
- હાથમાં રાખવાનાં વિવિધ સાધનોનો યોગ્ય ઉપયોગ કરવો.
- રજૂઆત સમયે ઉપયોગમાં લેવાની વસ્તુઓ (લાકડી, રૂમાલ, દીવા વગેરે)ની યોગ્ય કાળજી લેવી.
- સામાન્ય રીતે રંગમંચ પર પ્રવેશ કરતી વખતે પગરખાં પહેરવા નહીં.
- શાસ્ત્રીય નૃત્યની રજૂઆત કરતી વખતે પગમાં ઘૂંઘરુ બાંધેલા હોય તો પગરખાં પહેરવા નહીં.
- રજૂઆત દરમિયાન તમારે ક્યારે પ્રવેશ કરવાનો છે અને ક્યારે રંગમંચ પરથી બહાર જવાનું છે તેનું ભાન રાખવું.
- સામૂહિક રજૂઆત દરમિયાન પોતાની સાથે રહેલા અન્ય નર્તકોનો આદર કરવો અને સામૂહિક કૃતિ દરમિયાન એકસૂત્રતા જાળવવાનો પ્રયત્ન કરવો.
- રજૂઆત કરતી વખતે રંગમંચની વિવિધ દિશાઓનું ધ્યાન રાખીને નૃત્ય રજૂ કરવું.

- વિદ્યાર્થીઓએ જોયેલી કોઈ પ્રસ્તુતિનું ઉદાહરણ લઈને તેની વિગતો વિશે ચર્ચા કરવી તેમ જ રંગમંચના શિષ્ટાચાર વિશે વર્ગમાં ચર્ચા કરવી.

CG – 3
C–3.1
06AE58, 59,

**પ્રેક્ષકોએ પ્રેક્ષાગૃહમાં રાખવાની સાવચેતી**

- કલાકારો જ્યારે રંગમંચ પર રજૂઆત કરી રહ્યા હોય ત્યારે યોગ્ય પ્રતિસાદ આપવો.
- કલાકારોની કલાનું સન્માન કરવું. રજૂઆત દરમિયાન અવાજ કરવો નહીં.
- રજૂઆત ચાલુ હોય ત્યારે ખાદ્યપદાર્થો ખાવાનું ટાળવું અને એકાગ્રચિત્તે કલાનો આનંદ માણવો.
- પ્રેક્ષાગૃહમાં શાંતિ જાળવવી.

### નૃત્યનું આયોજન અને રજૂઆત

નૃત્યનું નિયોજન અને રજૂઆત કરતા સમયે નીચેની બાબતોનો વિચાર કરવો.

૧. નૃત્ય માટે વિષયની પસંદગી.
૨. પસંદ કરેલા વિષયને અનુરૂપ સંગીતની પસંદગી.
૩. શિક્ષકના માર્ગદર્શન મુજબ વિષય અને સંગીતને અનુરૂપ નૃત્યની રચના કરવી. (ઊર્જા, અવકાશનો ઉપયોગ, વિવિધ રેખાઓનો ઉપયોગ વગેરે.)
૪. નૃત્યનો નિયમિત મહાવરો.
૫. નૃત્યને અનુરૂપ રંગભૂષા અને વેશભૂષાની પસંદગી (પોશાક, આભૂષણો, વસ્તુઓ વગેરે).
૬. નૃત્યને અનુરૂપ નેપથ્ય, ધ્વનિ, પ્રકાશ યોજના વગેરે તકનીકી બાબતોનું આયોજન.
૭. આત્મવિશ્વાસપૂર્વક નૃત્યની રજૂઆત.

## સ્વાધ્યાય

**અ] નૃત્યની રજૂઆત માટે કઈ-કઈ બાબતો આવશ્યક હોય છે તે લખો.**

**બ] નજીકના પ્રેક્ષાગૃહની મુલાકાત લઈને ત્યાંની વ્યવસ્થાનું નિરીક્ષણ કરી રૂપરેખા તૈયાર કરો.**

| | |
|---|---|
| ૧. રંગમંચ | ૨. સ્ટેજ વિંગ્સ |
| ૩. પડદો | ૪. બૅકસ્ટેજ |

**ક] નીચેના મુદ્દાઓના આધારે કોઈપણ નૃત્યનું આયોજન કરી રજૂઆત કરો.**

| | | |
|---|---|---|
| ૧. વિષય | ૨. સાહિત્ય | ૩. સંગીત |
| ૪. રચના | ૫. રંગભૂષા | ૬. વેશભૂષા |
| ૭. નેપથ્ય | ૮. ધ્વનિ સંયોજન | ૯. પ્રકાશ યોજના |

**ડ] નૃત્યની રજૂઆત માટે જરૂરી ઘટકોનાં નામ લખો.**

- વિદ્યાર્થીઓને નૃત્ય માટે વિષય પસંદ કરવામાં મદદ કરવી તેમજ નૃત્યની રજૂઆત માટે જરૂરી તકનીકી વ્યવસ્થા (પ્રકાશ યોજના, ધ્વનિ સંયોજન, નેપથ્ય વગેરે) ઉપલબ્ધ કરાવવાનો પ્રયત્ન કરવો.

CG – 3
C–3.2
06AE60, 61

# ૧૮ સ્થાનિક નૃત્યશૈલી અને નર્તક

આપણા પરિસરમાં અનેક નૃત્ય અને કલાપ્રકારો કરવામાં આવે છે. અનેક સ્થાનિક કલાકારો આ કલાપ્રકારોનું જતન કરતા હોય છે. તેમના કાર્ય વિશે માહિતી મેળવવાથી આપણને આપણા પરિસરની કલાત્મક ઓળખ તથા સમૃદ્ધિનો પરિચય થાય છે.

**મહારાષ્ટ્રના કેટલાક નૃત્ય કલાકારો વિશે માહિતી**



**૧. વિઠાબાઈ નારાયણગાવકર :** વિઠાબાઈ ભાઉમાંગ નારાયણગાવકર મહારાષ્ટ્રના અત્યંત લોકપ્રિય અને પ્રખ્યાત તમાશા સામ્રાજ્ઞી તથા લાવણી કલાકાર હતાં. મહારાષ્ટ્રની લોકકલા(તમાશા)માં તેમના યોગદાનને કારણે તેઓ તમાશા સામ્રાજ્ઞી તરીકે ઓળખાય છે.

**પૂરું નામ** : વિઠાબાઈ ભાઉમાંગ નારાયણગાવકર (વિઠાબાઈ ભાઉ ખુડે)

**જન્મ** : ૧ જુલાઈ, ૧૯૩૫. પંઢરપુર (મહારાષ્ટ્ર)

**મૃત્યુ** : ૧૫ જાન્યુઆરી, ૨૦૦૨. નારાયણગાવ (ઉંમર ૬૬ વર્ષ)

**કુટુંબ** : તેમના પિતા ભાઉ ખુડે પ્રખ્યાત શાહિર પઠ્ઠે બાપુરાવના શિષ્ય હતા. તેમનું પોતાનું 'ભાઉ-બાપુ માંગ નારાયણગાવકર તમાશા મંડળ' હતું.

**કલાકૃતિ અને યોગદાન**

**કલાના સંસ્કાર** : વિઠાબાઈને નાનપણથી જ ઘરમાં ગાયન અને નૃત્યના સંસ્કાર મળ્યા હતા. ૪-૫ વર્ષની ઉંમરથી જ તેઓ શાળાએ જવાને બદલે પોતાના પિતાના તમાશા મંડળ સાથે ગામેગામ ફરવા લાગ્યાં.

**કલામાં નિપુણતા** : મધુર અવાજ, આકર્ષક વ્યક્તિત્વ અને અદ્ભુત લાવણી નૃત્યને કારણે તેમણે પ્રેક્ષકોના મન પર રાજ કર્યું. ગવળણી, લાવણી અને સંવાદ રજૂ કરવામાં તેઓ અત્યંત કુશળ હતાં.

**દેશભક્તિ** : ૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધ દરમિયાન (નેફા સરહદે) તેમણે ભારતીય સૈનિકોના મનોરંજન તેમ જ તેમનું મનોબળ વધારવા માટે પ્રત્યક્ષ સરહદ પર જઈને તમાશાની રજૂઆત કરી હતી.

**સન્માન અને પુરસ્કારો** : લોકકલામાં તેમના શ્રેષ્ઠ યોગદાન બદલ તેમને ભારતના રાષ્ટ્રપતિના હસ્તે 'રાષ્ટ્રપતિ પદક' (સંગીત નાટક અકાદમી પુરસ્કાર) એનાયત કરીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

મહારાષ્ટ્ર સરકારે તેમની સ્મૃતિમાં લોકકલાકારો માટે વિઠાબાઈ નારાયણગાવકર જીવનગૌરવ પુરસ્કાર શરૂ કર્યો છે, જે દર વર્ષે આપવામાં આવે છે.

**૨. સદાનંદ રાણે :** સદાનંદ રાણે મહારાષ્ટ્રના અત્યંત જાણીતા અને વરિષ્ઠ લોકકલા-લોકનૃત્યના અભ્યાસક, સંશોધક અને નૃત્ય-નાટ્ય દિગ્દર્શક છે. તેમણે મહારાષ્ટ્રની પરંપરાગત લોકકલાઓ, ખાસ કરીને લાવણી અને લોકનૃત્યની પરંપરાનું જતન કરવા તથા તેને આગામી પેઢી સુધી પહોંચાડવા માટે છેલ્લા ૪૦ કરતાં વધુ વર્ષોથી સતત કાર્ય કર્યું છે. સદાનંદ રાણેનો સંક્ષિપ્ત પરિચય અને તેમની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે.



૧. **લોકકલાના અભ્યાસક અને લેખક :** સદાનંદ રાણેએ માત્ર નૃત્યનું દિગ્દર્શન જ કર્યું નથી, પરંતુ મહારાષ્ટ્રના વિવિધ લોકનૃત્યો અને લાવણીના મૂળ સ્વરૂપ વિશે ઊંડું સંશોધન અને અભ્યાસ પણ કર્યો છે. તેમના આ અભ્યાસનો લાભ અનેક યુવા કલાકારો અને નૃત્યાંગનાઓને મળે છે.

૨. **પરીક્ષક :** દૂરદર્શનની સહ્યાદ્રિ ચેનલ પર ખૂબ જ લોકપ્રિય બનેલી 'ધિના ધિન ધા' નૃત્ય સ્પર્ધાના તેઓ મુખ્ય પરીક્ષક રહી ચૂક્યા છે.

૩. **સાંસ્કૃતિક કાર્યક્રમો :** તેમણે અનેક ઐતિહાસિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું સફળ દિગ્દર્શન કર્યું છે. સંયુક્ત મહારાષ્ટ્રના આંદોલન પર આધારિત તેમના કાર્યક્રમ સાંસ્કૃતિક જાગરને ખૂબ લોકપ્રિયતા મળી હતી.

૪. **વિવિધ નૃત્યપ્રકારો :** લાવણી ઉપરાંત કોળી નૃત્ય, તારપા, ગોંધળ તેમજ ભારતના અન્ય રાજ્યોના લોકનૃત્યપ્રકારો પર પણ તેમનું વિશેષ પ્રભુત્વ છે.

૫. **મુખ્ય પુરસ્કારો અને સન્માન :** મહારાષ્ટ્રના સાંસ્કૃતિક ક્ષેત્રમાં આપેલા યોગદાન બદલ તેમને અનેક પ્રતિષ્ઠિત પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે.

**રાજ્ય સાંસ્કૃતિક પુરસ્કાર (૨૦૨૩) :** મહારાષ્ટ્ર સરકારના સાંસ્કૃતિક કાર્ય વિભાગ દ્વારા આપવામાં આવતા પ્રતિષ્ઠિત 'રાજ્ય સાંસ્કૃતિક પુરસ્કાર (નૃત્ય ક્ષેત્ર)' દ્વારા, તેમનું સન્માન કરવામાં આવ્યું છે.

**લાવણી ગૌરવ પુરસ્કાર (૨૦૨૨) :** લાવણી કલાકાર મહાસંઘ દ્વારા આપવામાં આવતો પ્રતિષ્ઠિત લાવણી ગૌરવ પુરસ્કાર (નૃત્ય દિગ્દર્શક) સદાનંદ રાણેને એનાયત કરવામાં આવ્યો.

**મહારાષ્ટ્ર લોક ગૌરવ પુરસ્કાર (૨૦૨૪) :** મહારાષ્ટ્ર લોકકલાકાર પ્રતિષ્ઠાન દ્વારા લોકકલામાં તેમના યોગદાન બદલ તેમને આ વિશેષ પુરસ્કાર આપવામાં આવ્યો.

૬. **ભાવિ પેઢીના માર્ગદર્શક (ગુરુ)**

સદાનંદ રાણેએ મુદ્રા આર્ટ અકાદમી જેવી સંસ્થાઓ અને સરકારી કાર્યશાળાના માધ્યમથી સેંકડો યુવાનોને લાવણી અને લોકનૃત્યની શાસ્ત્રોક્ત તાલીમ આપી છે. આજે અનેક જાણીતા લાવણી કલાકારો અને નૃત્ય દિગ્દર્શકો તેમને પોતાના 'ગુરુ' માને છે.

- વિદ્યાર્થીઓને પરિસરના સ્થાનિક નૃત્યપ્રકારોનો પરિચય કરાવી તેનો અહેવાલ રજૂ કરવા કરવા કહેવું.
- સ્થાનિક નર્તકો અને તેમની નૃત્યશૈલી તથા નૃત્યપ્રકારો વિશે વર્ગમાં માહિતી આપવી. (જેમ કે, રોહિણી ભાટે, ડૉ. સુચેતા ભીડે-ચાપેકર)

CG – 4
C–4.1\4.2
LO06AE62, 63

## સ્વાધ્યાય

**૧. સ્થાનિક (લોક/શાસ્ત્રીય) નૃત્ય કલાકારો વિશે માહિતી મેળવો અને તેમના જીવન તથા કાર્ય વિશે વર્ગમાં ચર્ચા કરો. આ કલાકારોની મુલાકાત લો, તેમની મુલાકાત પ્રસ્તુતિ જુઓ અને તેમના વિશે નોટબુકમાં સંક્ષિપ્ત માહિતી લખો.**

**૨. સ્થાનિક પરિસરના નૃત્ય (લોક/શાસ્ત્રીય) વિશે માહિતી મેળવો અને તેનો અહેવાલ રજૂ કરો.**

અહેવાલ રજૂ કરતી વખતે નીચેના મુદ્દાઓનો વિચાર કરો

૧. અહેવાલનું શીર્ષક

૨. નૃત્યપ્રકારનું નામ

૩. નૃત્યપ્રકારનું ઉદ્‌ભવસ્થાન

૪. નૃત્યપ્રકારનો ઇતિહાસ તથા તે શા માટે અને ક્યાં રજૂ કરવામાં આવે છે?

૫. રજૂઆતની પદ્ધતિ એકલ/સામૂહિક, સ્ત્રી/પુરુષ/બંને

૬. નૃત્યની રંગભૂષા અને વેશભૂષા

૭. પ્રસ્તુતિની વિશેષતા

# નોંધ

પ્રિય બાળમિત્રો,

કોઈપણ દ્વારા કરાતા અયોગ્ય સ્પર્શથી જો તમે અસહજતા અનુભવો તો તમારે ચૂપ ન રહેવું જોઈએ. તમે...

૧. આમ થવામાં તમારો કોઈ દોષ નથી, તે યાદ રાખો

૨. તમારી કોઈ વિશ્વાસુ વ્યક્તિને આ બનાવ વિશે જાણ કરો.

૩. તમે પોક્સો ઈ-બૉક્સ મારફત રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગને પણ જાણ કરી શકો છો.

**અયોગ્ય, અસુરક્ષિત સ્પર્શના કારણે તમે મૂંઝવણ અનુભવતા હો, તો એ માટે તમારે દુ:ખી થવાની જરૂર નથી. કારણ કે એમાં તમારો કોઈ દોષ જ નથી.**




આ બટન દબાવો.

POCSO e-box સંકેતસ્થળ ncpcr@gov.in પર ઉપલબ્ધ છે.

**તમારી વય ૧૮ વર્ષ કરતાં નાની છે અને તમે કોઈ મુશ્કેલીમાં છો, કોઈ તકલીફ-મૂંઝવણ-તાણ અનુભવો છો અથવા તમે આ પ્રકારનો ત્રાસ સહન કરતાં કોઈ બાળકને જાણો છો તો સંપર્ક કરો.**

CHILD LINE 1098
NIGHT & DAY

બાળ સહાયતા ક્રમાંક - 1098/૧૦૯૮ (દસ નવ આઠ) : ૨૪ કલાક
કાર્યરત રાષ્ટ્રીય આપાતકાલીન મફત દૂરધ્વનિ સેવા છે,
જે મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા સમર્થિત
'ચાઈલ્ડ લાઈન ઈન્ડિયા' દ્વારા ચલાવાતો ઉપક્રમ છે.

નવા સમાજ તરફ
Towards a new dawn

**મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.**

कलाशिक्षण इयत्ता सहावी (गुजराती माध्यम)

**₹ 79.00**



कलाशिक्षण इयत्ता सहावी (गुजराती माध्यम)